
# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## અગીઆરમો વાર્ષિક રિપોર્ટ.

(જુન ૧૯૨૫ થી મે ૧૯૨૬).

વીર સંવત્ ૨૪૫૧-૫૨.
વીક્રમ સંવત્ ૧૯૮૧-૮૨.



સ્થળ:
ગોવાલીયા ટેંક રોડ,
વિદ્યાલય ભુવન,
મુંબઈ ૭.

મેનેજીંગ કમિટીના હુકમથી,
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
ઓ. સેક્રેટરી.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## અગીઆરમો વાર્ષિક રિપોર્ટ.

(જુન ૧૯૨૫ થી મે ૧૯૨૬).

વીર સંવત્ ૨૪૫૧-૫૨.
વીક્રમ સંવત્ ૧૯૮૧-૮૨.

સ્થળ:
ગોવાલીયા ટેંક રોડ,
વિદ્યાલય ભુવન,
મુંબઈ ૭.

મેનેજીંગ કમિટીના હુકમથી,
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
ઓ. સેક્રેટરી.

## સાહિત્ય એટલે શું?

સાહિત્યને વિશાળ અર્થમાં લેવા હું સુચવું છું. જીવનમાં સહરાનાં રણ આવે તે પણ પ્રકટ કરતાં શીખવું એ આવશ્યક છે; સુંદર કાવ્યોની સાથે કર્કશ વિષયોને પણ. પહાડોને પણ ઓળંગતાં શીખવું, એ બાબત ઉપર હું યુવકોનું ધ્યાન ખેંચું છું. નવો યુગ એ ફૂલના બિછાના જેવો નહિ રહે. તેમાં કંટક ઉપર ચાલવાની શક્તિ પણ જોઇશે, કળા કૌશલ્ય પ્રાપ્ત કરવા જોઇશે અને તે માટે બુધ્ધિવૈભવ પણ જોઇશે; માટે કેવળ ભાવનાયુક્ત સાહિત્યના લેખો ઉપરજ નહિ રહેતાં શાસ્ત્રના વિષયોને પણ પોતાના કરવા મથજો. કેવળ હૃદયની ભાવનાને સ્પર્શે એજ સાહિત્ય નથી, પણ સૌંદર્ય, સત્ય અને નીતિના અચળ નિયમો એકતાર થાય ત્યારેજ ઉંચું સાહિત્ય કહેવાય. એક નવલકથામાં એક આબેહુબ ચિત્ર હોય એનું આબેહુબપણુંજ નહિ પણ એમાના વિચારોમાં સર્જકશક્તિ (ક્રીએટીંગ પાવર) રહેલી હોય તે સાથે મળવાથીજ એ સાહિત્ય કહેવાય. જગતના સાહિત્યમાં કાંઇ કેવળ હૃદયના ભાવો નથી હોતા રામાયણ એ 'નેશનલ એપીક' કેમ બની, તેનો તમે વિચાર કરો. આર્યોની સંસ્કૃતિ આખા હિંદમાં કેમ વ્યાપી, તેનો તેમાં ચિતાર છે. તેમાં જો માત્ર તેટલુંજ હોત તો તે માત્ર ઇતિહાસનું પાનુંજ થાત, પરતું તેમાં જગતનાં સત્યો પ્રકટ થયેલાં છે અને તેથીજ તે સાહિત્યનો મહાગ્રંથ છે સાહિત્ય એ જીવનને ઉન્નત બનાવનાર શક્તિ છે, એમ જો તમે માનશો તોજ તમે સાહિત્યની તેમજ તમારી ઉન્નતિ સાધી શકશો. અમારા યુગમાં તેમ થઇ શકયું નથી, પણ તે માટે આજના યુવકોમાં મારી આશાઓ રહેલી છે.

**પ્રો. આનંદશંકર બાપુભાઇ ધ્રુવ.**

## અનુભવ.

આવું ધૈર્ય, આવી સાહસિક બુદ્ધિ, આવો ઉત્સાહ એ બધાં શામાંથી ઉદ્દભવે છે! અનુભવની કપરી શાલામાં લાંબા વખત સુધી બહુ ખંતથી પાઠ લીધાનાં એ ફલ છે; એનાથી વિજયનો માર્ગ સહસા સિદ્ધ થાય છે. મ્હોટામાં મ્હોટા પુરૂષોને પણ વિઘ્નની પેઢીમાં ઉમેદવારી કરવી પડેલી છે. એ સમયમાંજ ચારિત્રનો સારામાં સારો ઉદ્દભવ થાય છે. એવા વિઘ્નપ્રાદુર્ભાવને લીધેજ અનેક ક્રિયાશક્તિ મહાપુરૂષોમાં ખીલી ઉઠે છે વિઘ્નાભાવે તે જણાઇ પણ ન શકત. એવી પ્રકૃતિવાળા પુરૂષો હોય છે કે જે સુખમાં અને ચેનમાં કરમાઇ અને સુકાઈ જાય છે, પણ અનેક વિઘ્ન અને કસોટીના પ્રસંગની પરંપરામાં ખીલી ઉઠી પરિપકવ બને છે. વિઘ્ન સમાગમથી ક્રિયાશક્તિ પ્રાપ્ત કરી સ્વાશ્રય શીખવો એ ઉદાસીનતા અને આલસ્યમાં આખું જીવત ગાળવા કરતાં અનંતગુણ ઉત્તમ છે. જયની કીંમતજ તેની આડે આવતી વિઘ્નપરંપરા સાથેના યુદ્ધમાંથી થાય છે. વિઘ્ન ન હોત તો પ્રયત્ન અને ઉત્સાહની કીંમત ન હતી; પ્રલોભન ન હોત તો સ્વસંયમન કેળવવાની જગો ન હતી, તેમ સદ્દગુણની પણ કીંમત ન હતી, કસોટી અને દુઃખ ન હોત તો ધૈર્ય અને સમાધાનનો અર્થ ન હતો. વિઘ્ન, આપત્તિ, દુઃખ, એ બધાં કલેષમાત્રજ છે એમ નથી, વારંવાર તેનાં તેજ ચારિત્રબલ, આત્મસંયમન, સદ્દગુણ, આદિ શુભોદર્કનાં કારણ હોય છે.

**ચારિત્ર. મણીભાઈ નભુભાઈ દ્વિવેદી.**

## સમતા મમતા સંગ.

જયાં સુધી આ પ્રાણી **મમતાસંગમાં** આસક્ત રહી પૌદ્દલિક વસ્તુઓપર પ્રેમ રાખે છે ત્યાં સુધી તે કદિ ઊંચો આવી શકતો નથી, કર્મબંધનમાં જકડાઇ નિયમ વગર અહીં તહીં રખડયા કરે છે, તેના વિચારો સુધરતા નથી, તેની આત્મપરિણતિની નિર્મળતા થતી નથી, તેનામાં શાંતિ ક્ષમા ધીરજ અનુકંપા વિગેરે સદ્દગુણો આવતા નથી, તેનામાં ઔદાર્ય ગાંભીર્ય સહિષ્ણુતા તેજસ્વિતા પ્રકટ થતા નથી, તે વિષય કષાયમાં આનંદ માને છે. સંસારમાં સુખ માનેછે અને ઘર સ્ત્રી દેહ મમત્વમાં રાચ્યો માચ્યો રહે છે, પણ જ્યારે તેની પરિણતિ સુધરે છે ત્યારે તે સંસારનું સ્વરૂપ સમજે છે. વિષયના કટુ વિપાક જોઈ શકે છે, કષાયવૃક્ષનાં કડવાં ફળનો સ્વાદ જાણે છે, પછી તેને તેઓ ઉપર તિરસ્કાર છૂટેછે, ક્રોધ ઉપજે છે અને પછી સ્વવસ્તુ

શ્રી

# મહાવીર જૈન વિદ્યાલય

નો

## અગીઆરમો વાર્ષિક રીપોર્ટ.

ઓડિટ કરેલો હિસાબ, મે ૧૯૨૬ સુધી સરવૈયું, વિદ્યાર્થી સંબંધી વિગતો,
વાડીલાલ સારાભાઈ ગૃહ, સારાભાઈ મોદી લોન સ્કો. ખાતું, ધાર્મિક
પરીક્ષા અને રિપોર્ટ, ચાલુ તથા લવાજમની વસુલો,
સંસ્થા સદન ઉદ્ઘાટન પ્રસંગ. વિ. વિ.

**સને ૧૯૨૫ ના જુનથી ૧૯૨૬ ના મે આખર.**

વીર સંવત્ ૨૪૫૧-૫૨.      વિક્રમ સંવત્ ૧૯૮૧-૮૨.

સ્થાનઃ-વિદ્યાલય સદન, ગોવાળીઆ ટેંક રોડ, **મુબઇ.**


**મેનેજીંગ કમિટીની અનુજ્ઞાથી**
છપાવી પ્રગટ કરનાર
**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ**
ઓ. સેક્રેટરી.


प्राज्यं राज्यं सुभगदइता नन्दनानन्दनानां।
रम्यं रूपं सरस कविता चातुरी सुस्वरत्वम।
नीरोगत्वं गुणपरिचयः सज्जनत्वं सुबुद्धि।
किंतु ब्रूमः फलपरिणतिं धर्मकल्पद्रुमस्य॥


શ્રીકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં રતિલાલ હરજીવન પટેલે છાપ્યો,
મંગળદાસ રોડ, મુંબઈ. ૨.

# રિપોર્ટની અનુક્રમણીકા.

ટાઇટલ પ્રોસીડીંગ આદિ — — ... ... ૧—૪
વાર્ષિક રિપોર્ટ... ... ... ... ... ૫-૩૦
ઉપયોગી ટાંચણ ... ... ... ... ૩૧
પરિશિષ્ટો. વિદ્યાર્થી સંબંધી.
૧ ૧૯૨૫-૨૬ ના જૂના વિદ્યાર્થીઓની વ્યક્તિગત વીગતો ... ... ૩૨
૨ ૧૯૨૬-૨૭ ના નવા તથા ચાલુ વિદ્યાર્થીઓની વ્યક્તિગત વીગતો ... ૩૬
૩ ૧૯૨૫-૨૬ ના જૂના વિદ્યાર્થીઓની જરૂરી સમુચ્ચય હકીકત ... ૩૮
૪ ૧૯૨૬-૨૭ ના વર્ષારંભે નવા તથા ચાલુ વિદ્યાર્થીની જરૂરી સમુચ્ચય હકીકત ૩૯
૫ ૧૯૨૫-૨૬ ના પરીક્ષાઓનાં સમુચ્ચય પરિણામો ... ... ૪૦
૬ ૧૯૨૫-૨૬ ના યુનિવર્સિટિનાં પરિણામો ... ... ... ૪૧
૭ સંસ્થામાં ઉત્તીર્ણ થઇ બહાર પડેલાં ગ્રેજ્યુએટોની ઉપલબ્ધ હકીકત ... ૪૨
૮ લોન રીફંડમાં અગિઆરમા વર્ષની વસુલ ... ... ... ૪૪
૯ ધાર્મિક પારક્ષાના સવાલપત્રક તથા પરીક્ષકનો રિપોર્ટ ... ૪૫
૧૦ એકટીંગ સુપ્રીન્ટેન્ડેન્ટનો રિપોર્ટ ... ... ... ૪૯
૧૧ મહાવીર સ્ટુડન્ટસ યુનીઅનનો રિપોર્ટ ... ... ... ૫૩
વહીવટી.
૧૨ અગિઆરમા વર્ષ (જુન ૧૯૨૫ મે ૧૯૨૬) નો વાર્ષિક હિસાબ ... ૫૪
૧૩ અગિઆરમા વર્ષ આખરતું સરવૈયું ... ... ... ૫૬
૧૪ સંસ્થાને સહાય વસુલ ... ... ... ... ૫૮
 क મુકામ ફંડ. ख મુકામ વાસ્તુ સમારંભ ફંડ.
 ग ચાલુ ખાતું. घ સંવત ૧૯૮૨ નું લવાજમ.
 ङ પાછલા વર્ષોનું લવાજમ च આગળના વર્ષોનું લવાજમ.
 छ શેઠ ઉત્તમચંદ રણછોડ ટ્રસ્ટ. ज શેઠ વાડીલાલ સારાભાઇ વિદ્યાર્થીગૃહ.
 झ સ્થાયી ફંડ.
ટ્રસ્ટ ફંડો વિગેરે.
૧૫ શેઠ વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહની શરતનો ઠરાવ ... ... ૬૪
૧૬ શેઠ સારાભાઇ મગનભાઈ મોદી લોન સ્કોલરશીપ ફંડ કમિટીનો રિપોર્ટ ... ૬૭
૧૭ મુકામ ઉદ્ઘાટન પ્રસંગનું પ્રોગ્રામ અને ગાયનો .. ... ૭૩
૧૮ શેઠ વા. સા. વિદ્યાર્થીગૃહના મેળાવડા પ્રસંગનો અહેવાલ ... ... ૭૭
વ્યવસ્થાપક કમિટી ઇત્યાદી.
૧૯ ધાર્મિક શિક્ષણ સબ-કમિટીનો રિપોર્ટ. ... ... ... ૮૦
૨૦ મેનેજીંગ કમિટીની હાજરીનું પત્રક ... ... ... ૮૬



૨૧ ધારાસર કમિટીમાં બેસી શકે તેવા ગૃહસ્થોનું પત્રક. ... ...
૨૨ જનરલ કમિટીના મેંબરોનું લીસ્ટ ... ... ... ૮૮
૨૩ બીજી વખત દશ વર્ષની સહાય કરનાર મેંબરોનું લીસ્ટ ... ... ૯૭

——:o:——

### અગિઆરમા વર્ષની ફારેગ થતી મેનેજીંગ કમિટીના મેંબરોનું લીસ્ટ.

૧ શ્રી મોતિચંદ ગિરધરલાલ કાપડીઆ (સેક્રેટરી)
૨ શેઠ દેવકરણ મુલજી (ખજાનચી)
૩ શેઠ મુળચંદ હીરજી (આસી. સેક્રેટરી)
૪ શેઠ મોહનલાલ દલીચંદ દેશાઈ
૪ શેઠ મકનજી જે. મ્હેતા
૬ ડૉકટર નાનચંદ કસ્તુરચંદ મોદી
૬ શેઠ મણીલાલ મોતીલાલ મુળજી
૮ શેઠ ચુનીલાલ વીરચંદ
૯ શેઠ સારાભાઇ મગનભાઇ માદી
૧૦ શેઠ ચુનીલાલ વીરચંદ
૧૧ શેઠ હીરાલાલ અમૃતલાલ શાહ
૧૨ શેઠ નરોત્તમદાસ ભાણજી (સ્થાને શેઠ કકલભાઇ ભુધરભાઈ વકીલ.
૧૩ શેઠ ફકીરચંદ નગીનચંદ ઝવેરી.
૧૪ શેઠ લલ્લુભાઈ દીપચંદ ઝવેરી
૧૫ શેઠ અમરચંદ ઘેલાભાઇ ગાંધી

# શ્રી મહાવીર જૈન વીદ્યાલય.

## ૧૧ મી વાર્ષિક સાધારણ જનરલ મીટિંગ.

### પ્રોસીડીંગનો સાર.

સંસ્થાના ધારાધોરણની વાર્ષિક જનરલ મીટીંગ સંસ્થાના મુકામમાં તા. ૫-૧૨-૨૬ ના રોજ બપોરે મળી હતી. પ્રમુખસ્થાને **શેઠ ગોવિંદજી ખુશાલભાઈ** બીરાજ્યા હતા. આ સાથેનો રિપોર્ટ ઓડિટ થયેલો હિસાબ અને સરવૈયા સર્વાનુમતે પસાર થયા હતા. મતપત્રકો આ વર્ષે ૫૪ ભરાઇનો આવ્યાં હતાં તેમાં ૫૨ રીતસરનાં હતાં. આવતા વર્ષની મેનેજીંગ કમિટી તે અનુસાર નીચે પ્રમાણે મુકરર થઇ હતી.

| નામ. | મતસંખ્યા. | અભિધાન. |
|---|---|---|
| શેઠ મોતિચંદ ગિરધરલાલ કાપડીઆ | ૫૨ | સેક્રેટરી. |
| શેઠ દેવકરણ મુળજી | ૫૧ | ખજાનચી. |
| શેઠ મોહનલાલ દલીચંદ દેશાઇ | ૪૯ | મેંબર. |
| શેઠ મકનજી જુઠાભાઇ મહેતા બારિસ્ટર | ૪૮ | ,, |
| ડૉકટર નાનચંદભાઇ કસ્તુરચંદ મોદી | ૪૭ | ,, |
| શેઠ મણીલાલ સુરજમલ ઝવેરી | ૪૬ | ,, |
| ,, મુળચંદ હીરજી | ૪૫ | આસી. સેક્રેટરી. |
| ,, સારાભાઈ મગનભાઈ મોદી | ૪૫ | મેંબર, |
| ,, મણીલાલ મોતીલાલ મુળજી | ૪૪ | ,, |

| | | |
|---|---|---|
| શેઠ હીરાલાલ અમૃતલાલ શાહ | ૪૩ | મેંબર. |
| ,, લલ્લુભાઇ દીપચંદ ઝવેરી | ૩૮ | ,, |
| ,, કકલભાઇ ભુધરભાઇ વકીલ | ૩૭ | ,, |
| ,, ચુનીલાલ વીરચંદ | ૩૪ | ,, |
| ,, અમરચંદ ઘેલાભાઈ ગાંધી | ૩૦ | ,, |
| ,, લલ્લુભાઇ કરમચંદ દલાલ | ૨૫ | ,, |

આવતા વર્ષના ઓડીટરો તરીકે

શેઠ મોહનલાલ બોડીદાસ

શેઠ ચીમનલાલ મોતીલાલ પરીખ (બી. કોમ)

ની નીમણુંક કરવામાં આવી.

નવા વર્ષ માટે નીચે પ્રમાણે બજેટ રજુ કરવામાં આવ્યું તે પસાર થયું.

| | | | |
|---|---|---|---|
| ભોજન (મેડીકલ ભોજન) સમેત | ૮૦૦૦ | વીમો | ૭૫ |
| ફી કોલેજ | ૬૫૦૦ | દવા | ૨૦૦ |
| પુના વિદ્યાર્થી (૨) | ૧૨૦૦ | રીડીંગરૂમ | ૨૦૦ |
| કરાંચી વિદ્યાર્થી (૫) | ૩૦૦૦ | કપડાં | ૨૦૦ |
| નોકર ખર્ચ | ૩૦૦૦ | સ્ટેશનરી | ૪૦૦ |
| હથિયાર (મેડીકલ) | ૧૦૦ | પોસ્ટ | ૧૦૦ |
| છપાઈ | ૭૦૦ | ગેમ્સ | ૨૦૦ |
| કોલેજ પુસ્તક | ૧૦૦૦ | દેરાસર | ૨૦૦ |
| ધાર્મિક શિક્ષણ | ૧૨૦૦ | પરચુરણ | ૧૨૦૦ |
| ધોલાઈ | ૫૦૦ | | |
| લાઇટ | ૮૦૦ | | |
| | | | ૨૮૭૭૫ |

| આવક. | | સ્થાયી. | |
|---|---|---|---|
| ચાલુ ખાતે | ૭૦૦૦ | દશ ટકા સ્ટોક | [illegible] |
| લવાજમ ૧૯૮૨ | ૬૦૦૦ | બીછાના | ૨૦૦ |
| ભાડાના | ૧૨૦૦૦ | વાસણ | — |
| લોન રીફંડ | ૩૦૦૦ | વ્યાજના | — |
| પેઇંગ બોરડર્સ | ૪૦૦૦ | લાઇબ્રેરી | ૩૦૦૦ |
| | ૩૦૦૦૦ | | ૩૨૪૭૫ |

મેનેજીંગ કમિટી તરફથી વિદ્યાર્થીની ફી વધારવા બાબતની લંબાણુ દરખાસ્ત વધારે વિગતો મેળવવા માટે આગળ ઉપર મુલતવી રાખવાનો ઠરાવ થયો.

ફારેગ થતી કમિટીનો તથા સેક્રેટરીઓનો આભાર માનવામાં આવ્યો.

**મો. ગિ. કાપડીઆ.**
ઓ. સેક્રેટરી.

ગોવિંદજી ખુશાલ
પ્રમુખ.

ૐ પરમાત્મને નમઃ

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

નો

## અગિયારમો વાર્ષિક રિપોર્ટ.

---

**સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો,**

અગિયારમો વાર્ષિક રિપોર્ટ આપની સમક્ષ રજુ કરતાં મેનેજીંગ કમિટીને શરૂઆતમાંજ ક્ષમા માગવી પડે છે તે ખેદકારક હોવા છતાં અનિવાર્ય છે. અત્યાર સુધી દર વર્ષે વાર્ષિક જનરલ મીટિંગ ઓગસ્ટ કે સપ્ટેંબર માસમાં મળતી હતી, ત્રણ માસના આંતરામાં હિસાબ તપાસાઈ ઓડિટ થઇ રિપોર્ટ તૈયાર થઇ જતો હતો. કેટલાંક અનિવાર્ય કારણોથી આ વર્ષે ઢીલ થઇ છે તે માટે આપ અમને જરૂર ક્ષમા કરશો. રિપોર્ટમાં આ વર્ષે મુદ્દાની જરૂરી હકીકતજ જણાવી છે તે આપ જરૂર લક્ષ્યમાં લેશો અને આ સંસ્થા તરફ આપે જે પ્રેમ ભાવ રાખ્યો છે તે ચાલુ રાખશો એટલું નમ્ર નિવેદન કરી સંસ્થા સંબંધી હકીકત જણાવવા રજા લઇએ છીએ.

સંવત ૧૯૭૧ માં પ્રબળ પ્રતાપી આચાર્ય વિજયાનંદ સૂરીશ્વર યાને શ્રી આત્મારામજી મહારાજના પટ્ટધર આચાર્ય વિજય વલ્લભસૂરીજી (સ્થાપન વખતના મુનિરાજ શ્રી વલ્લભવિજયજી) ના સદુપદેશથી આ સંસ્થા સ્થાપન થઈ ત્યારથી અનેક રીતે એની વૃદ્ધિ થતી આવી છે. કેળવણીના સંબંધમાં લોકોના અને આપણી સમાજના વિચારોમાં મહાન્ પરિવર્તન થતાં જાય છે અને જૈન કોમ અત્યારે સ્થિતિ સંયોગ અનુસાર કેળવણીના કાર્યમાં પોતાનો ફાળો વિચાર અને કાર્યથી, સહકાર અને સાહાય્યથી, ભાષણ અને ધનથી વધારે વધારે ઉદ્યુક્ત રહી આપતી જાય છે તે જોઈ અનેક સમયજ્ઞોને આનંદ થાય છે. આ સંબધમાં હજુ વધારે ઘણું કરવાનું રહે છે અને કરવા યોગ્ય પ્રસંગો અને માર્ગોની સૂચના વખતો વખત થયા કરે છે. છતાં જે થયું છે તે તરફ સંતોષ બતાવ્યા વગર રહી શકાય તેમ નથી. કેળવણીનો પ્રદેશ ઘણો વિસ્તારવાળો છે અને કાર્યની બાજુઓ અનેક છે તેથી હજુ અનેક રીતે આપણે વિચારો કરી નિર્ણયોને અમલમાં મૂકવાનું અને તે સારૂ સાધનો યોજવાનું કાર્ય બાકી તો રહે છેજ અને તે દિશામાં

કેટલુંક માર્ગસૂચન આ રિપોર્ટના અંતીમ ભાગમાં અમે કરશું. પ્રથમ સંસ્થાની અંદરની વાતો થોડી કહી નાખીએ અને પછી સંસ્થાને અંગે ભવિષ્યમાં કઇ દિશાએ પ્રગતિ કરવાની જરૂર અમને લાગે છે તે પણ આપના વિચાર માટે રજુ કરશું. રિપોર્ટ લખતી વખત બારમા વર્ષના છ માસ ચાલ્યા ગયા છે તેથી આગળ આજ રિપોર્ટમાં નવીન વર્ષની પણ કેટલીક વાતો લખવાની જરૂરીઆત રહે છે. આપ સંપૂર્ણ શાંતિથી આખા રિપોર્ટ પર વિચાર કરશો એટલા વિજ્ઞપ્તિ કરી અમે ગત વર્ષની કેટલીક વાતો આપને પ્રથમ જણાવી દઇએ.

## જુના વિદ્યાર્થીઓ.

ગત વર્ષના દશમા વાર્ષિક રિપોર્ટ ઉપરથી જોવામાં આવ્યું હશે કે સને ૧૯૨૫ ના જુનથી શરૂ થતાં વર્ષમાં સંસ્થામાં ૫૨ વિદ્યાર્થીઓ હતા અથવા જોડાયા હતા, તેમાં ૪૧ ફ્રી વિદ્યાર્થીઓ હતા અને ૧૧ પેઇંગ વિદ્યાર્થીઓ હતા. તે પૈકી ૬ વિદ્યાર્થીઓ ચોક્કસ કારણસર સંસ્થા છોડી ગયા (કારણો તેમનાં નામો સામે આપ્યાં છે.) અને ૬ નવા વિદ્યાર્થીઓ વર્ષની દરમ્યાન દાખલ કરવામાં આવ્યા. એટલે છેવટે પરિક્ષાનો સમય આવતાં ૫૨ વિદ્યાર્થીઓ સંસ્થામાં રહ્યા. આ સર્વ હકીકત સાથેના પરિશિષ્ઠ નં. ૧ થી જાણવામાં આવશે.

આપણા વિદ્યાર્થીઓ એમ સમજતા લાગે છે કે તેઓ સંસ્થામાં પોતાની મરજી પ્રમાણે દાખલ થઈ શકે અને પોતાની ઇચ્છા થાય ત્યારે ચાલ્યા જઇ શકે. ધારા ધોરણ પ્રમાણે ફ્રી વિદ્યાર્થીઓ તેમ કરી શકતા નથી. એ પોતાના લેખીત કરારથી ગ્રેજ્યુએટ થતાં સુધી સંસ્થામાં રહેવાને બંધાય છે અને સ્વેચ્છાએ વગર રજાએ ગેરહાજર રહેતા સંસ્થા સાથેના કરેલા કરારનો ભંગ કરે છે. આ બાબતમાં થયેલી શિથિળતા પર ધ્યાન ખેંચાતાં કમિટીએ વિદ્યાર્થીનું ખાસ ધ્યાન નવીન વર્ષમાં ખેંચ્યું છે. આયંદે એ સંબંધમાં બહુ સાવધાન રહેવાની જરૂર છે. એટલા માટે પેઇંગ વિદ્યાર્થીને પણ જણાવવામાં આવે છે કે તેમણે જુન માસની પહેલી તારિખ પહેલાં સેક્રેટરીને જણાવવું કે તેઓ નવા વર્ષમાં ચાલુ રહેવા માગે છે કે નહિ અને કમિટીની રજા પછીજ તેઓ ચાલુ રહી શકે છે.

ફ્રી વિદ્યાર્થીઓ પોતાની મરજી પ્રમાણે ગેરહાજર રહે તો તેમાં તેઓ અન્યને ગેરઇનસાફ કરે છે તે પણ તેમણે જાણવું જોઇએ. તેઓ સંસ્થામાં ચાલુ છે એ ગણતરીએ તેટલા વિદ્યાર્થીની અરજી લઇ શકાતી નથી કારણકે અરજીઓ મોટી સંખ્યામાં આવે છે. ઉપરાંત ધારાધોરણ પ્રમાણે પેઇંગ અને ફ્રી વિદ્યાર્થી વચ્ચેનું પ્રમાણ ન જળવાય તો વાંધો આવે છે અને ઉપરનો બનાવ બને તો પ્રમાણ જળવાતું નથી એટલે આ બાબતમાં ભવિષ્યમાં બહુ સાવચેત રહેવાની જરૂર છે. ઊંચો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ આ બાબતમાં જરૂર ચીવટ રાખશે અને ગેરહાજર રહેવા પહેલાં સેક્રેટરીની પરવાનગી લેખીત જરૂર મેળવશે, નહિતો હવે



પછી તેઓએ કરારનો ભંગ કરેલો ગણી તેમના નામપર નીકળતી રકમ એકદમ વસુલ કરવાની જરૂર પણ મેનેજીંગ કમિટીને પડે. આયંદે આ બાબતમાં વિદ્યાર્થીવર્ગ તરફથી જરા પણ ગફલતી ન થાય, અને ભાવી કમિટીને ધારાધોરણ અનુસાર વધારે સખ્ત થવાની જરૂર ન પડે એવી આશા રાખીએ છીએ.

## પરીક્ષાનાં પરિણામો.

પરીક્ષાના વખતમાં સંસ્થામાં ૫૨ વિદ્યાર્થીઓ હતા તે ઉપર જણાવ્યું, તે પૈકી ૧૩ ને પરીક્ષા નહોતી, એક વિદ્યાર્થી મુદ્દામ કારણસર પરીક્ષામાં બેસી શક્યો નહિ અને કુલ ૩૮ વિદ્યાર્થીઓ કોલેજની અને યુનિવર્સિટિની પરીક્ષામાં બેઠા તે પૈકી રિપોર્ટવાળા વર્ષમાં ૭ ગ્રેજ્યુએટ થયાં; ત્રણ ડોકટર ( એમ. બી. બી. એસ. ) થયા બે બી. એ થયા. એક બી. કોમ (વ્યાપારી) થયો અને એક બી ઈ. (ઇજનેરી) થયો. આ સાત ગ્રેજ્યુએટો પૈકી એક વિદ્યાર્થી ઓનર્સ સાથે બી, એ. માં ફર્સ્ટ કલાસમાં આવેલ છે. ડાકટરો ગ્રેજ્યુએટ થયા પછીનો અભ્યાસ કરે છે અને બન્ને બી. એ. થનાર વિદ્યાર્થી સંસ્થામાં રહી એલ. એલ. બીનો અભ્યાસ કરે છે. આટલું પરિણામ સંતોષકારક લેખી શકાય. ડોકટરી લાઇનમાં છેલ્લા વર્ષમાં ૬ પૈકી ત્રણ વિદ્યાર્થીઓ પાસ ન થયા તે ઠીક ન ગણાય, એકને અમુક વિષયોમાં માફી મળી છે. ડોકટરી લાઇનની પરીક્ષા ઘણી આકરી છે તેથી તે કદાચ સહજ દરગુજર થાય, પણ બી એ.માં ચાર પૈકી બે નપાસ થાય અને ઇન્ટર આર્ટ્સમાં છ પૈકી ત્રણ નપાસ થાય અને ઈન્ટર સાયન્સ અને ઇન્ટર કોમર્સમાં દરેક બે બે બેઠા તે કુલ ચારે નપાસ થાય તે ન સમજાય તેવી બાબત છે. જ્યારે સંસ્થામાં સર્વ પ્રકારની સગવડ આપવામાં આવતી હોય, જ્યારે વિદ્યાર્થીઓ રળી રળીને અભ્યાસ કરવાની ચિંતાથી મુકત રહી શકયા હોય અને જ્યારે લગભગ વ્યાજબી સર્વ જરૂરીઆતો પૂરી પડતી હોય ત્યારે એક પણ વિદ્યાર્થી કેમ નપાસ થાય એ લક્ષ્યમાં આવતું નથી. આ સંબંધમાં વિદ્યાર્થીએ બહુ ચીવટ રાખવાની તેમના હિતની નજરે પણ જરૂર છે. અને સંસ્થા કે કોમની નજરે તો ખાસ જરૂર છે. ઉપરાંત નવા વિદ્યાર્થી દાખલ કરતી વખત દાક્ષિણ્ય કે દયાની નજર કરતાં સમાજહિતની નજરે જોવાની જરૂર છે. દરેક વિદ્યાર્થી ભણી શકતો નથી અને ચાલે તેવો ન હોય તેને આગ્રહ કરી ભણાવવો વ્યર્થ છે આયંદે હુશિયાર, ચાલાક અને કોમના પૈસાનો સદ્વ્યય કરે તેવાજ વિદ્યાર્થીને સંસ્થામાં લેવાની જરૂરીઆત છે. આ વર્ષમાં મીકેનીકલ ઇંજીનીઅરીંગમાં એક વિદ્યાર્થી છેવટની પરીક્ષામાં પસાર થયો.

સંસ્થામાં ભણતાં ૩૮ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા તેમાંથી ૨૨ પસાર થયા તે પૈકી ૧૨ સેકન્ડ કલાસમાં આવ્યા, ૧ ફર્સ્ટ કલાસમાં આવ્યો અને તે પૈકી ૭ ગ્રેજ્યુએટ થયા. પરિણામે ૧૬ નાપાસ થયા, પરિણામ ૫૮ ટકા આવ્યું. યુનિવર્સિટિની પરીક્ષામાં ૩૧ બેઠા તેમાં ૧૮ પસાર થયા તેનું પરિણામ ૫૮ ટકા આવ્યું.

આ પરિણામ અસંતોષકારક છે, આટલા વર્ષમાં આવું મંદ પરિણામ આવ્યું નથી. એક પણ વિદ્યાર્થી એક પરીક્ષામાં નપાસ થાય તો નીચું જોવરાવનારી હકીકત બની છે એમ વિદ્યાર્થીએ જાણવું જોઇએ. કેમ જે રીતે તેમની ઉપર આશા બાંધે છે તેના ઉપર આતો મોટો પ્રહાર કહેવાય. જીવનની શરૂઆતમાં એક વર્ષ પછાત પડવું એ નાની સુની નુકસાની નથી. વિદ્યાર્થીઓ આ બાબતમાં વિવેક રાખશે અને સંસ્થાના ઉત્કર્ષ માટે એ રીતે પ્રયાસ કરશે એટલી આશા જરૂર રાખી શકાય.

## નવીન વિદ્યાર્થી.

ઉપર પ્રમાણે રિપોર્ટવાળા વર્ષની પરીક્ષા સમયે ૫૨ વિદ્યાર્થી હતા તે પૈકી ૩ પેઇંગ વિદ્યાર્થી નવા વર્ષમાં ચાલુ ન રહ્યા, ૫ ગ્રેજ્યુએટ થયા તે સંસ્થા છોડી ગયા, અને ૫ વગર રજાએ નવા ટર્મમાં (નવા વર્ષમાં) હાજર ન થયા. જુના વિદ્યાર્થીઓ પૈકી ૩૯ વિદ્યાર્થી ચાલુ રહ્યા અને નવા વર્ષમાં ૪૪ અરજીઓ આવી તે પૈકી દાખલ કરેલી અરજીઓમાંથી છેવટે ૧૯ સંસ્થા સાથે જોડાતાં કુલ ૫૮ વિદ્યાર્થીઓ હાલ નવા બારમા વર્ષમાં સંસ્થામાં રહી અથવા સંસ્થાને ખરચે અભ્યાસ કરે છે. એમને અંગે નીચેની હકીકત ધ્યાન આપવા લાયક છે.

નવા વિદ્યાર્થીઓમાં ૪૨ ફ્રી વિદ્યાર્થી છે, ૧૫ પેઇંગ છે અને ૧ હાફ પેઇંગ છે.

નવા વિદ્યાર્થીઓમાં ૧૩ ડોકટરી લાઇનમાં, ૧૦ આર્ટ લાઇનમાં, ૧૬ પ્રીવીયસમાં, ૫ વિજ્ઞાનની લાઇનમાં, ૪ વ્યાપારી લાઇનમાં, ૭ ઇજનેરી લાઇનમાં, ૨ સેનીટરી અને ઇલેકટીક ઇજનેરી લાઇનમાં અને એક એલ, એલ, બી.માં છે.

પુના ઇજનેરી કોલેજમાં હાલ ૨ વિદ્યાર્થી છે. કરાંચી ઇજનેરી કોલેજમાં ૫ છે. જીલ્લાવાર જોઇએ તો ગુજરાત, કાઠીઆવાડ ઉપરાંત ૨ વિદ્યાર્થી મેવાડના, ૨ કચ્છના, ૧ દક્ષિણનો, ૨ માળવાના અને ૧ રેવાકાંઠાનો છે. આમાં ખાસ ધ્યાન ખેંચવા યોગ્ય બાબત એ છે કે ગુજરાતનું પ્રમાણ ઘટતું જાય છે અને કાઠિયાવાડનું પ્રમાણ વધતું જાય છે.

દરેક જ્ઞાતિને સંખ્યાના પ્રમાણમાં પૂરતો ન્યાય મળે છે. એક પટેલ વિદ્યાર્થી સંસ્થામાં છે તે ખાસ આનંદની હકીકત છે.

ખાસ જણાવવાની જરૂર નથી કે સંસ્થામાં વિદ્યાર્થીને દાખલ કરતી વખતે તેના શહેર કે તેની જ્ઞાતિનો કશો વિચાર કરવામાં આવતો નથી. તેનો અભ્યાસનો પૂર્વ ઇતિહાસ અને તેની જરૂરીઆત અને લાયકાત ખાસ ફ્રી વિદ્યાર્થીને દાખલ કરતાં વિચારાય છે. તેમાં પણ માબાપ વગરના બાળાશ્રમ જેવી સંસ્થામાંથી કે બોર્ડીંગમાંથી આવનાર પર વધારે લક્ષ્ય અપાય છે અને પેઇંગ વિદ્યાર્થીને અંગે



ખાલી પડતી જગ્યા અને કેળવણીની કારકીર્દી તપાસાય છે. મેનેજીંગ કમિટી લોન અને પેઇંગ વચ્ચેના ટકાનું પ્રમાણ જાળવી રાખવા ધારાધોરણ અનુસાર પૂરતો પ્રયાસ કરે છે અને તેને ચીવટથી અનુસરે છે.

જુના રિપોર્ટવાળા વર્ષમાં સંસ્થામાં રહી અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓના અભ્યાસ પરીક્ષાનાં પરિણામ આદિ વ્યકિતગત હકીકત પરિ. નં. ૧ માં જોવામાં આવશે. અને તેમની સમુચ્ચય અભ્યાસ જ્ઞાતિ દેશ આદિ હકીકત પરિ. નં. ૩ માં જોવામાં આવશે.

નવા વિદ્યાર્થીઓની વ્યકિતગત હકીકત પરિ. નં. ૨ માં આપી છે અને સમુચ્ચય હકીકત પરિ. નં. ૪ માં આપી છે. એ પરિશિષ્ટોમાંથી ઘણી હકીકતો તારવી શકાય તેમ છે તે બારીક અવલોકન કરવાથી જણાઈ આવશે.

પરિ. નં. ૫ માં પરીક્ષાનાં પરિણામો વિગતવાર આપ્યાં છે અને નં. ૬ માં યુનિવર્સિટિનાં પરિણામો પરીક્ષાવાર આપ્યાં છે.

## ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ.

અત્યાર સુધીમાં સંસ્થામાં રહી છેવટની ગ્રેજ્યુએટની પરીક્ષામાં ૫૪ પસાર થયા અને ડીગ્રી લીધી. તેઓ હાલ શું કરે છે તેની મળી શકતી હકીકત પરિ. નં. ૭ માં આપી છે.

એ ઉપરાંત સંસ્થામાં અત્યાર સુધી ઘણા વિદ્યાર્થીઓ આવી ગયા. રજીસ્ટર પર તેમની અને હાલ છે તેની સંખ્યા ૧૭૮ ની છે. કેટલાકે વચ્ચે અભ્યાસ સકારણ છોડી દીધો અને કેટલાક પેઇંગ હોઇ ગ્રેજ્યુએટ થયા પહેલાં સંસ્થા છોડી ગયા. કેટલાકને મુંબઈની હવાને કારણે પોતાનો અભ્યાસ અન્યત્ર કરવો પડયો અને ગ્રેજ્યુએટ થયા. એમની સંખ્યા પણ સારી છે.

છતાં કોઈ સ્થાનકે ફરિયાદ થતી સંભળાય છે કે આટલા વર્ષના પ્રયાસ પછી આટલી નાની સંખ્યા ગ્રેજ્યુએટની થાય એ ઓછી કહેવાય. એ ફરિયાદની સાથે અમે મળતા થઇએ છીએ. સંખ્યા ઓછી થવાના કારણો વિચારવામાં આવશે તો તુરત માલુમ પડી આવશે કે એના ગર્ભમાં બહુ વિચારમાં પડી જવાય એવી સ્થિતિ રહેલી છે. ટીકા કરવાને બદલે પ્રત્યેક ધનવાન માણસો જો પોતાના પુત્રને શિક્ષણ આપવાનો નિશ્ચય કરે અને સાધન વગરની સંસ્થાઓને સાધનો પૂરા પાડે તો અત્યારની અતિ પાછળ પડતી જતી આપણી સ્થિતિમાંથી આપણો જરૂર ઉદ્ધાર થાય. સરસ્વતી દેવીને આ સંસ્થાએ તો યથાશકિત પુષ્પ ફળ તોયનું સિંચન કર્યુ છે, એમાં સંખ્યાબળની અલ્પતા લાગતી હોય તો તેનાં કારણો આગળ ઉપર આજ રિપોર્ટમાં આપ જોશો. અમારી પાસે આપની કૃપાથી અત્યારે છે તેનાથી બેવડી વિદ્યાર્થી સંખ્યા સમૃદ્ધિ કરવાનું સ્થાન છે, બહુ આનંદ ઉપજાવે તેવું સ્થાન

છે પણ સંખ્યામાં વધારો કરવામાં સ્થાન એ એકજ બાબત અગત્યની નથી. બીજી પરિસ્થિતિ કેવી છે તે વિચારશો ત્યારે અનેક જાતની મનોવ્યથા થશે. સમાજની કૃપા હશે તો હજુ ઘણો વધારો બતાવવાના મનોરથો જરૂર છે અને તેને ફલિત કરવા એ મુખ્યતયા તમારાજ હાથમાં છે કાર્યવાહકની ટીકા કરવી એ બહુ સહેલી બાબત છે પણ તેટલીજ સહેલી જો સક્રિય સહાય અને સહાનુભૂતિ હોય તો જૈન કોમનો વર્તમાન ઇતિહાસ જૂદોજ લખાય. ભવિષ્યમાં મોટા ફેરફાર કરવાનું કાર્ય કરવા ચોક્કસ વિચાર હોય તો સક્રિય અને રચનાત્મક કાર્યપ્રદેશ ખુલ્લો છે બાકી ખંડનાત્મક ટીકામાં સ્વપરને એકાંત હાનિજ છે આ રીતે અમે કોઇ પણ પ્રકારનો બચાવ કરવા પ્રયત્ન કરતા નથી. અમારી વકતવ્યતા આ સંબંધે શી છે તે આખા રિપોર્ટના પૃષ્ટે પૃષ્ટમાં આપ જોઈ શકશો. આટલો આર્ત નાદ કરવાનું કારણ પણ આપ આગળ જોશો અને એવી ટીકા કરવામાં અંદરનું રહસ્ય વિચારશો તો વિશેષ ખુલાસાની જરૂર નહિ રહે એવું અમારૂં ધારવું છે.

## ધાર્મિક અભ્યાસ.

પંડિત વ્રજલાલજી રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન ધાર્મિક અભ્યાસ કરાવતા હતા. તેઓશ્રીની અભ્યાસ કરાવવાની શૈલી ઉપર દર વર્ષે વિવેચન કરવાની જરૂર નજ હોય. તેઓ તત્ત્વામૃત ઘુંટડા ભરી ભરીને વિદ્યાર્થીઓને પાય છે અને વિદ્યાર્થીઓ પૂર્ણ પ્રેમથી તેનું પાન કરે છે તેઓ ટર્મ દરમ્યાન નવા વિદ્યાર્થીઓને તત્ત્વાર્થાધિગમ સૂત્રનો પ્રથમ અધ્યાય આ વર્ષમાં શીખવતા હતા અને ઉપરના વિદ્યાર્થીઓને આઠમો અધ્યાય શીખવતા હતા. એ ઉપરાંત જે જૂના વિદ્યાર્થીઓને તત્ત્વાર્થ સૂત્ર પૂરૂં થઇ ગયું હોય તેને શ્રી હરિભદ્રસૂરિના ધર્મબિન્દુ ગ્રંથનો પ્રથમ અધ્યાય વાંચવા આપ્યો હતો અને શનિવારના સર્વ સામાન્ય કલાસમાં આ વર્ષમાં તેમણે શ્રી યશોવિજયજી ઉપાધ્યાયના બે અષ્ટક ચલાવ્યા હતા. શરીર શિથિળતાને અંગે તેઓશ્રી બીજા ટર્મમાં એક માસ મોડા હાજર થયા હતા અગાઉના વર્ષો પ્રમાણે અભ્યાસ ઠીક ચલાવ્યો હતો. તેમની ગેરહાજરીમાં પંડિત જેચંદભાઇએ ભાષણો આપ્યાં હતાં. તેમની સેવાની નોંધ લઇએ છીએ.

## ધાર્મિક પરીક્ષા.

આ વર્ષમાં ૨૪-૧-૨૬ ને રોજ ધાર્મિક પરીક્ષા શ્રીયુત ઉમેદચંદ દોલતચંદ બરોડીઆએ લીધી હતી. પરીક્ષા પત્રક આ સાથે પરિશિષ્ટ નં. ૯ માં સામેલ છે. પરીક્ષામાં સીનીઅર પ્રથમ કલાસમાં ૯ વિદ્યાર્થી બેઠા હતા તે સર્વે પસાર થયા હતા જ્યારે સીનીઅર બી કલાસમાં ૧૨ માંથી ૧૦ અને જુનીઅર કલાસમાં ૧૪ માંથી ૧૨ પસાર થયા હતા. માર્કની સંખ્યા પણ સારી આવી છે. પચાસ ઉપર માર્ક મેળવનાર ત્રણે કલાસમાં અનુક્રમે ૫, ૬ અને ૨ હતા. પરીક્ષાનું પરીણામ ૮૮ ટકા ઉપર ગણાય. પરીક્ષકે રિપોર્ટ કર્યો છે તે પણ સદર



પરિશિષ્ટમાં સામેલ છે તે પરથી જણાય છે કે પરીક્ષકના મતે 'એકંદરે પરિણામ સંતોષકારક છે'. ધાર્મિક અભ્યાસને અંગે આ વર્ષમાં એક સબ-કમિટી નીમવામાં આવી હતી તે સંબંધી હકીકત રિપોર્ટમાં આગળ ઉપર આવશે.

## અંતર વ્યવસ્થા સબંધી પ્રકીર્ણ.

રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન ડો, નગીનદાસ દોલતરામ શાહને સંસ્થાના સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે નીમ્યા હતા. તેઓ સબ-આસીસ્ટંટ સર્જન હોઈ સેવાભાવથી બહુ ટુંક બદલો લઈ સંસ્થા સાથે જોડાયા હતા. તેઓએ આંતર વહીવટની કેટલીક અગત્યની બાબત પર બહુ પ્રયાસ લઈ રિપોર્ટ કર્યો તે પર મેનેજીંગ કમિટીએ વિચાર કર્યો હતો. કમનસીબે વિદ્યાર્થીઓ સાથે તેમનો સંબધ જોઇએ તેવો સારો ન રહ્યો અને તેમને મુંબઈની હવા અનુકૂળ આવી નહિ. તેઓએ ફેબ્રુઆરી માસમાં રાજીનામું આપ્યું.

આ વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓ સંબંધમાં કેટલીક તપાસ કરવા એક પેટા કમિટી નીમવામાં આવી હતી. તેમણે દિવસો સુધી કામ કર્યું. કમિટી પર નીચેના મેંબરોએ કામ કર્યું.

| | |
|---|---|
| રા મોહનલાલ દલીચંદ દેશાઈ. | રા. નાનચંદ કસ્તુરચંદ મોદી. |
| રા. હીરાલાલ અમૃતલાલ શાહ. | રા. મણીલાલ સુરજમલ ઝવેરી. |
| રા મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ. | |

કમિટીએ જરૂરી જુબાની લઇ લંબાણ રિપોર્ટ કર્યો છે તે સંસ્થાના દફતરે છે. રિપોર્ટ પરથી એક વાત ખાસ ધ્યાન આપવા યોગ્ય લાગે છે તે એ છે કે વિદ્યાર્થીઓએ અત્યારના વાતાવરણને તાબે થઇ જવું ઇષ્ટ નથી. અત્યારે પૂર્વ આર્ય ભાવનાનો નાશ થતો ચારે તરફ જોવામાં આવે છે અને વિનય વિવેક રાખવો એ નબળાઇ ગણાય છે. આ સ્થિતિ અત્રત્ય સ્થિતિ માટે ઇષ્ટ નથી. જે દેશમાં સ્વતંત્રતાની પોષણા વિશેષ થાય છે ત્યાં જવાબદારીનો ખ્યાલ પણ એટલોજ ઉગ્ર વર્તે છે. અત્ર હક્કના ઉપર જોર વધારે અપાય છે પણ ફરજ-ધર્મ તરફ તદ્દન બેદરકારી થતી જાય છે એ ઇષ્ટ નથી. સ્વતંત્રતાના અમે પોષક છીએ પણ સ્વતંત્રતા સ્વચ્છંદતામાં ન ફેરવાઇ જાય એ ખાસ ધ્યાનમાં રાખવું એ ખરી સ્વતંત્રતા મેળવવાનું લક્ષણ છે એમ અમો માનીએ છીએ. નિર્માલ્ય બાબતો પર ધ્યાન આપવા કરતાં વિદ્યાર્થી અભ્યાસમાં વધારે ધ્યાન આપે અને સહજ સમજુતીથી કામ લેવાય તો વ્યવસ્થા શકય છે એમ અમારૂં માનવું છે.

નવા મુકામનું વાસ્તુ થયા પછી વિદ્યાર્થીઓને ત્યાં લાવવામાં આવ્યા છે. નવા મુકામમાં હવા પ્રકાશ પૂરતા છે. લાઇટનો ખર્ચ વધતો ચાલ્યો છે. જેટલી જગ્યા ખાલી છે તેટલા વિદ્યાર્થીઓને દાખલ કરવાની અરજીઓ પણ આવતી નથી અને તેટલું ભંડોળ પણ નથી એટલે એક માળ ખાલી રહે છે. નીચેની દુકાનો

માંથી ચાર ભાડે અપાઈ ગઈ છે. બાકીના ત્રણ મુકામો ભાડે આપ્યા છે. કેટલોક વખત સુધી જાહેરાત કરી જૈન ભાઈઓને વીશ ટકા ઓછે ભાડે તે જગ્યા ભાડે આપવા વિચાર જાહેર કર્યો હતો. બાકીની જગ્યા વેજીટેરીઅન હિંદુને ભાડે આપવામાં આવી છે. ના. ૪ વાળા જુના મુકામમાં પારસી ભાડુતો છે તે 'રેન્ટ એકટ' ચાલે ત્યાં સુધી ફેરવાય તેમ નથી. રેન્ટ એકટ પૂરો થતાં તે પણ વેજી' ટેરીઅનોનેજ ભાડે આપવામાં આવશે. દુકાનો પણ બનતા સુધી નિરવદ્ય વ્યાપારીને ભાડે આપવામાં આવે છે. રેસ્ટોરાં કે ઉપાહારગ્રહ માટે ઘણા મોટા ભાડાની ઓફર થયા છતાં આપણા જાણીતા નિયમોને લઇને તેવી રીતે ભાડે આપી નથી

નવા મુકામમા આવ્યા પછી વિદ્યાર્થીઓની સગવડમાં ઘણો વધારો થયો છે. દર વર્ષે ઓકટોબર માસમાં વિદ્યાર્થીમાંથી ૮૦ ટકા ભાગ મેલેરીઆને આધીન થતો હતો તે સ્થિતિ આ વર્ષે લગભગ નાબુદ થઇ છે, મુકામના હવાપાણી આરોગ્ય અને વાતાવરણ અનુકૂળ જણાયાં છે અને બાંધણી પણ સગવડવાળી સાબીત થઇ છે. કોઇ કોઇ બાબતમાં ખાસ ધ્યાન આપવાની વિદ્યાર્થીઓને જરૂર છે. પ્રથમ કસરત. અત્યારે શારીરિક સ્થિતિ સુધારવા આખું હિંદ તૈયાર થઇ રહ્યું છે અને તે સકારણ અને સહેતુક છે. આપણે આપણો બચાવ કરવા શકિતમાન હોઇએ તોજ આક્રમણનો બચાવ કરી શકીએ છીએ અને તેમ હોય તો બહુધા આક્રમણ થતુંજ નથી. માનસિક ખીલવણી સાથે શારીરિક ખીલવણી ન થાય તો એમ, એ. બનાકે કયું મેરી મટ્ટી ખરાબ કીયા ? વાળું ચિત્ર ખડું થાય અને કેળવણી માટે તે ખરેખર શરમાવનારૂં ગણાય. જે દેશમાંથી 'સ્વતંત્રતા' નો ખ્યાલ આવ્યો છે તે દેશમાં 'સ્પૉર્ટસ' રમત ગમત ઉપર અભ્યાસ જેટલુંજ ધ્યાન અપાય છે અને દરેક સ્કુલ અને કોલેજ તેમાં ખાસ હરીફાઇ કરે છે. આવી બાબતમાં પશ્ચિમનું અનુકરણ થાય તો બહુ યોગ્ય ગણાય.

તેટલીજ મહત્વની બાબત સંસ્થાની અંદરની સ્વચ્છતાની છે. દરેક વિદ્યાર્થીએ પોતાનો રૂમ સ્વચ્છ રાખવો જોઇએ, નકામો કચરો કરવો ન જોઇએ અને પાયખાના માટે કરેલા નિયમો જાળવવા-પાળવા જોઇએ. આવી બાબતમાં કોલેજમાં ભણનારા વિદ્યાર્થીઓને સૂચના આપવી પડે તે પણ અયોગ્ય ગણાય. મુકામ સુંદર હોય તો પણ સ્વચ્છ રાખવામાં ન આવે તો બહુ થોડા વખતમાં તે રહેવા માટે નકામું થઇ જાય છે.

## દેરાસર.

સંસ્થાના મુકામમાં બીજે માળે સુંદર દેરાસર કરવાનો વિચાર હતો તે કામ છેવટ હાથ ધરવામાં આવ્યું. દેરાસર બહુ સુંદર બંધાયું છે. તેનું બાકીનું કાર્ય નવીન વર્ષમાં પૂરૂં થયું. આખું દેરાસર આરસનું બનાવ્યું છે અને બહુ મજાનો ઘુમટ કરી માથે કાંગરા મૂકવામાં આવ્યા છે. નીચે પણ આરસનો ગલીચો કરવામાં



આવ્યો છે. દેરાસર પાછળ લગભગ વીસ હજારનો ખર્ચ થયો હશે તેનો જૂદો હિસાબ નથી અને તે પણ સાધારણ ખાતાનુંજ છે અને તેમજ રહેવાનું છે. ચાલુ નવીન વર્ષમાં તેમાં પ્રતીષ્ઠા કરવામાં આવશે. દેરાસર માટે ગોઠવણ એવી રાખી છે કે દર્શન પૂજા માટે આવનાર બારોબાર તેમાં જઇ શકે. વિદ્યાર્થીને અભ્યાસમાં અગવડ ન પડે તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે. દેરાસરની પવિત્રતા જળવાય તે માટે ત્રણે બાજુ ખુલ્લી અગાશી રાખી છે. એક વખત દેરાસર જરૂર જોઇ જવા સર્વને વિજ્ઞપ્તિ છે. દેરાસરના બાંધકામના કાર્યને અંગે આકરી મહેનત ભાઇ વાડીલાલ નથુભાઇએ લઇ આ સંસ્થા પર વધારે આભાર કર્યો છે. એના ઉત્સાહથી દેરાસર બન્યું છે અને એણે વગર વેતને પોતાની સેવાભાવના ચાલુ રાખી સંસ્થાનાં કાર્યમાં સહાય કરી છે.

## વાર્ષિક ખર્ચ.

સંસ્થાના વાર્ષિક ખર્ચની ઓડિટ થયેલ તપસીલ આ સાથે પરિ. નં. ૧૨ માં છે તે ઉપરથી આપે ઘણી બાબત વિચારવાની છે. સંસ્થાનો પાછો ન વળે તેવો ખર્ચ રૂા. ૩૧૪૪૫-૧૩-૮ થયો છે તે ઉપરાંત ફરનીચર ખાતાના રૂ ૮૯૭-૨-૦ ઇનામના રૂા. ૨૦૫-૧૩-૦ લાઇબ્રેરીના રૂા. ૩૬૭-૫-૦ પણ ખર્ચમાંજ ગણવાના છે એટલે વાર્ષિક ચાલુ ખર્ચ લગભગ રૂપીઆ બત્રીશ હજારનો ગણાય.

પ્રત્યેક વિદ્યાર્થી દીઠ ખર્ચ કેટલો આવે છે તે ગણવા માટે કરાંચીના ત્રણ વિદ્યાર્થીને આપેલી રૂા. ૧૦૦૦)ની રકમ પુનાના ત્રણ વિદ્યાર્થીને આપેલી રૂા. ૧૪૩૨-૭-૬ ની રકમ તથા ભૈયાની માંડી વાળેલ રકમ. વ્યાજની રકમ અને તત્વાર્થ નોટની માંડી વાળેલી રકમ તેમજ રિપોર્ટ છપામણી આદીની છપાઇની રકમ બાદ કરતાં અને ઇનામની રકમ વધારતાં માત્ર ખર્ચ ખાતાની સદર રકમ રૂા. ૨૨૭૫૩-૯-૦ થાય છે. પ્રથમ ટર્મમાં સંસ્થામાં મુંબઇ ખાતે ૪૫ વિદ્યાર્થી રહ્યા અને બીજા ટર્મમાં ૪૪ રહ્યા તેની એવરેજ પાડતાં દર વિદ્યાર્થી દીઠ વાર્ષિક ખર્ચ રૂા. ૫૦[illegible]-૮-૦ આવે છે. આમાં મુંબઇમાં રહી અભ્યાસ કરનારનેજ ગણવામાં આવ્યા છે અને આમાં મુકામ ભાડાની કાંઇ પણ રકમ ગણવામાં આવી નથી. અન્ય કોલેજોમાં કે બોર્ડીંગોમાં વિદ્યાર્થીઓને કલબનો ફીનો પુસ્તકનો ખર્ચ કેટલો આવે છે તેની સાથે સરખામણી કરવામાં આવે તો આ ખર્ચ બહુ ઓછો જણાશે. વિદ્યાર્થીઓ જે રકમ માટે એગ્રીમેન્ટ કરી આપે છે તેના પ્રમાણમાં તો આ ખર્ચ વધારે છે જ પણ તે એક જૂદો જ સવાલ છે.

વિદ્યાર્થીઓએ ખ્યાલમાં રાખવાનું છે કે કરારની રકમ તેઓ પાસેથી વગર વ્યાજે અને ઘણા વર્ષે વસુલ કરવાની છે. વાસ્તવિક રીતે ખર્ચનો હિસાબ ગણતાં એ રકમ કાંઇ નથી અને વ્યાજ ન હોય ત્યારે તો એ લગભગ નામની થઇ જાય છે, છતાં એ સંબંધી કાંઈ કચવાટ જણાય છે તો અહીં ખાસ જણાવવાનું

કે સંસ્થાનો ઉદ્દેશ વ્યાપાર કરવાનો નથી પણ વિદ્યાર્થી ઉપર એક જાતની ભાવના રહે અને છાપ પડે તેજ છે. સંસ્થા સાથે તેમનો સંબંધ બની રહે તો તેઓ સંસ્થાના આદર્શો પૂરા પાડે એજ એમાં આંતર વિચાર છે. બાકી જે વયે સંસ્થા તેમનો હાથ પકડે છે તે વખતે જે સહાય મળે તેની કિમત થઇ શકે તેમ નથી. લોનને લોન રૂપે ગણવામાં આવે તો તો કોઇ એ વખતે ધીરે પણ નહિ. એ અવસ્થાએ મળેલી રકમના બદલમાં એક એક વિદ્યાર્થી રકમ આપી દેવા ઉપરાંત ઓછામાં ઓછા પાંચ દશ વિદ્યાર્થીને પોતાને ખરચે તૈયાર કરી પોતા જેવા બનાવે તો કાંઇક દેવું વળે તેમ છે. આશા છે કે આ સંબંધમાં ગણતરી વગરની વાતોને વિશેષ અવકાશ આપવાના કાર્યથી વિદ્યાર્થીવર્ગ દૂર રહેવામાંજ પોતાનું હિત સમજશે.

જે કાંઇ નવા ઠરાવ થશે તે સંસ્થામાં નવા દાખલ થનાર વિદ્યાર્થીઓનેજ લાગુ પડે છે. જૂના વિદ્યાર્થી સાથે થએલા કરારમાં કદિ ફેર કરવામાં આવતો નથી જો કે ધારા પ્રમાણે જનરલ કમિટી કે મેનેજીંગ કમિટી વખતો વખત જે ઠરાવ કરે તેને અનુસરવા વિદ્યાર્થી બંધાય છે પણ કમિટી બહુ વિચાર કરીને સમગ્ર હકીકત લક્ષમાં લઇ કોઇને જરા પણ નાણા સંબધમાં અન્યાય ન થાય એ દૃષ્ટિએજ ઠરાવો વખતો વખત કરે છે.

## લોન રીફંડ.

પસાર થયેલા વિદ્યાર્થીઓએ પોતાની ફરજ કેવી રીતે અદા કરી છે તે આ પ્રસંગે જણાવવું પ્રાસંગિક થઇ પડશે.

| | વસુલ રકમ રૂ. | આ. | પા. | | વસુલ રકમ રૂ. | આ. | પા. |
|---|---|---|---|---|---|---|---|
| બીજું વર્ષ | ૧૫ | ૯ | ૦ | સાતમું વર્ષ | ૪૯૫ | ૦ | ૦ |
| ત્રીજું વર્ષ | ૧૨૪ | ૦ | ૦ | આઠમું વર્ષ | ૧૦૫૦ | ૦ | ૦ |
| ચોથું વર્ષ | ૧૭૫ | ૦ | ૦ | નવમું વર્ષ | ૧૮૭૫ | ૦ | ૦ |
| પાંચમું વર્ષ | ૩૪૪ | ૦ | ૦ | દસમું વર્ષ | ૨૬૭૧ | ૦ | ૦ |
| છઠ્ઠું વર્ષ | ૪૦૬ | ૦ | ૦ | અગીઆરમું વર્ષ | ૨૮૮૫ | ૦ | ૦ |
| | | | | | ૧૦૦૪૦ | ૯ | ૦ |

આ રીતે ઉત્તરોત્તર એ રકમ દરવર્ષે વધતી જાય છે જે બતાવે છે કે સંસ્થા છોડી ગયેલા વિદ્યાર્થીઓ સંસ્થાને વિસરી ગયા નથી. ચાલુ વર્ષમાં વસુલ રકમ થઇ તેની વીગત પરિ. નં. ૮ માં છે.

આપણા વિદ્યાર્થીઓ જીવનમાં બરાબર ગોઠવાઇ જશે ત્યારે તેમણે આપવા કહેલી રકમ સંસ્થાને આપશે એમાં તો સવાલ શો હોય પણ તેઓ સમાજને ઘણી રીતે ઉપયોગી થશે. જે શહેરો યા ગામોમાં જશે ત્યાં નાના મોટા પાયા



ઉપર કેળવણીની સંસ્થા કાઢશે અને સમાજની પ્રગતિમાં પાંચ દશને સારી રીતે કેળવણી પોતાને ખરચે આપી વધારો કરશે અને મુંબઇ રહેશે તો સંસ્થાના કામમાં ભાગ લઈ સંસ્થાને સહાય કરશે. અભ્યાસકાળમાં મળેલી સહાયની કિમતજ નથી અને તે વાત ભણેલા માણસો ન સમજે એમ અમે માનતા નથી. કોઇ વિદ્યાર્થીઓ સંસ્થા તરફનું ઋણ અદા કરવામાં ઉપેક્ષા કે ગફલતી કરતા હોય તો તેમને આટલી આલોચના બસ થશે

ખર્ચ ખાતાની બીજી રકમો પૈકી રિપોર્ટવાળા વર્ષમાં લાયબ્રેરી ખાતે રૂ. ૩૬૭–૫–૦ ઉધરેલા છે. સંસ્થાની લાયબ્રેરીને બહુ મોટી અને પૂરતી બનાવવાની જરૂરીઆત છે. જુની શોધખોળનાં સર્વ પુસ્તકો અહીં લાવવાં જોઇએ અને સાથે જૈનધર્મના છાપેલાં તથા લખેલાં સર્વ પુસ્તકો અહીં હોવાંજ જોઇએ અને ગુજરાતી ભાષાનાં ઉપયોગી પુસ્તકોનો સંગ્રહ તુરતમાં કરવો જોઇએ. જ્ઞાનભંડારની યોજના કરવામાં આવે તો પ્રતોથી સંસ્થા ભરાઈ જાય એમ છે. આ માટે ઓછામાં ઓછા રૂપીયા પચીસ હજારનો ખપ છે. કોઇ ઉદાર બંધુ આટલી રકમ આપી લાયબ્રેરી સાથે નામ જોડવા ઇચ્છતા હશે તો યોગ્ય સરતે તેમ થઈ શકશે. આ કામ સત્વર હાર પાડવાની જરૂર છે.

આ સિવાય ખર્ચ ખાતામાં મોટી રકમ રસોડા ખર્ચની, કોલેજ ફીની તથા માણસોના પગારની છે. પગાર ખાતામાં સુપ્રીન્ટેન્ડેન્ટનો પગાર લખાયેલો હોવાથી રકમ વધારે થઇ છે. બાકી વિદ્યાર્થીના વધારાના પ્રમાણમાં ખર્ચની રકમ વધી છે. દીવાબત્તીનો ખર્ચ મુકામના વધારાને લઇને વધતો જાય છે. ધાર્મિક શિક્ષણ ખર્ચમાં પંડીતજીના બીલની રકમો અને બહુ થોડું પુસ્તક ખર્ચ મળીને રકમ રૂ. ૧૨૨૭ ની થાય છે.

## ફોરેન લોન. મહાવીર લોન ફંડ.

આ અતિ મહત્વની બાબતમાં આ રિપોર્ટવાળા વર્ષમાં માત્ર અગાઉ આપવા પસાર થયેલી રકમ પૂરી કરી છે કોઈ નવી મદદ આપી શકાણી નથી કારણ કે ફંડની તેવી સ્થિતિજ નહોતી. પરદેશમાં આપણા જૈન વિદ્યાર્થીઓ જઇ ઊંચો અભ્યાસ કરી આવે એ બહુ જરૂરી છે. એનાં ફળ આપણે જોઇ રહ્યાં છીએ. કોમની પ્રગતિનો એક અતિ અગત્યનો વિભાગ આ બાબતમાં લક્ષ આપવામાં છે. આવા અનેક ફંડો, ટ્રસ્ટો અને કો-ઓપરેટીવ ખાતા આ બાબતમાં જોઇએ. જૂદી જૂદી શરતો અને બંધનો કરી ગમે તે પ્રકારે પરદેશ મોટી સંખ્યામાં જૈન બંધુઓને મોકલવાની જરૂર છે. એના સંબંધમાં કોમમાં હવે બહુ મતભેદ રહ્યા નથી પણ કોઈ ઠેકાણે જણાય તો તેમાં સમજફેર સિવાય વાસ્તવિક ઉંડાણ કાંઇ નથી. જે સાહસથી અગાઉ જાવા કે લખદ્વીપ વણિકો જતા અને પોતાનું અગ્રસ્થાન ટકાવી રાખતાં તેજ આગામી બુદ્ધિનો ઉપયોગ કરી વ્યાપાર કળા કૌશલ્ય અને

વિજ્ઞાનનાં નાંકાં પ્રથમથી પકડી લેવાની જરૂર છે. મહાવીર લોન ફંડને સમૃદ્ધ બનાવવા અમારી ખાસ વિજ્ઞપ્તિ છે.

## દેવું.

શ્રી કોન્ફરન્સ ઓફિસે આ સંસ્થાપર કૃપા કરી રૂ. ૪૦૦૦૦) ની રકમ ધીરી હતી તે રિપોર્ટવાળા વર્ષમાં વ્યાજ સાથે પાછી આપી દીધી છે. એ રકમ ધીરવાને અંગે કાંઇક કચવાટ જાહેર થયો જાણી અમને ખેદ થાય છે. સંસ્થાની મોટી રકમની મિલ્કત છે અને સહી કરી આપનાર જવાબદાર ટ્રસ્ટીઓ હતા, છતાં એમ કેમ થયું હશે તે સમજાતું નથી પહેલી તકે રકમ ભરપાઇ કરી શકાણી તેથી અમને ઘણો આનંદ થયો છે. શ્રી જૈન કોન્ફરન્સના કાર્યવાહકોએ અમને અણીને વખતે રકમ ધીરી તે માટે તેમનો આભાર માનીએ છીએ.

## આવક ઉપજ

ચાલુ આવકમાં ૧૯૮૧ ના લવાજમના રૂ ૭૨૨૨) આવ્યા અને ચાલુ ફંડમાં રૂ. ૫૭૦૨-૨-૧ આવ્યા. એટલે અગાઉના છેલ્લા છેલ્લા વર્ષોમાં દશ વર્ષોનાં વચનો પૂરાં થયાં તે નવા મેળવવાનો પ્રયત્ન શરૂ કર્યો હતો તે વખતે વખતસર ઉભા કરેલા કોળાહળની અને વ્યાપારની મંદીની તેમાં અસર જણાય છે. ચાલુ ખાતાની મદદ યોગ્ય ગણાય. તેમાં મોતીના કાંટા તરફથી બાર માસની મદદ સં. ૧૯૮૧ ની સાલની મળી તેમાં રૂ. ૧૫૦૦) મળ્યા છે. સદર રકમ સુરત જૈન પંચાયત ફંડમાંથી મળતી હતી અને ચાલુ રાખવા અમે વિજ્ઞપ્તિ કરી છે. અત્યારે સંસ્થાના ખરચ પૂરતી આવક નથી તેવા વખતમાં સદર મદદ જરૂર ચાલુ કરવા એ ખાતાના ટ્રસ્ટીઓ ઉદ્યુકત થશે એવી અમારી નમ્ર વિજ્ઞપ્તિ છે.

બીજી આવકમાં ખાસ ધ્યાન ખેંચે તેવી મદદ રૂ. ૧૫૦૦) ની બીજા વર્ષની એક વગર નામે જૈનેતર બંધુ તરફની છે તેનો આભાર અન્યત્ર અગાઉ પણ ખાસ માન્યો છે. સર પ્રભાશંકરભાઈ એવા વિદ્યાપ્રેમી ગૃહસ્થને મળવા બહુ ઇચ્છા રાખતા હતા અને સદર ગૃહસ્થની રજા મળતાં સેક્રેટરીએ તેમનું ઓળખાણ કરાવ્યું ત્યારે તેમણે બતાવેલી વિશાળતા અને નિરભિમાનતા માટે બહુ ખુશ થયા હતા. શેઠ જમનાભાઇ ભગુભાઇના દેહોત્સર્ગ બાદ તેમના એસ્ટેટ તરફથી તેમના વ્યવહારદક્ષ પત્નીએ આ સંસ્થા તરફ રૂ. ૫૦૦) મોકલ્યા છે. બાકી લગ્નાદિ પ્રસંગે સંસ્થાને સારી રીતે લોકોએ સ્નેહભાવે યાદ કરી છે.

ભાડાની રકમના મ્યુનીસીપલ બીલ બાદ જતાં નકકી વધારાના રૂ ૮૬૬૨-૭-૬ વધ્યા છે. એ આવકમાં ચાલુ વર્ષમાં હજુ વધારો થવા સંભવ છે. અને પેઇંગ બોરડરોના રૂ ૨૩૪૭) આવ્યા છે.



આ રીતે ખર્ચ જ્યારે રૂપીઆ એકત્રીશ હજારથી વધારે થાય છે ત્યારે આવક સરેરાશ પચીશ હજારની ગણાય. ચાલુ ખરચમાં ઘટ પડે તો મુળ પુંજી ખાવી પડે. આપ આ બાબત પર લક્ષ્ય આપી અમને પૂરતી રીતે પૈસા સંબંધી મુઝવણમાંથી મુકત કરશો.

એને અંગે બે વાત યાદ રાખવાની છે તે કહી નાંખીએ. થએલ મુકામ ઘણું ભવ્ય થયું છે, હવે એક શેઠ દેવકરણ મુળજીભાઈ સિવાય કોઇની રકમ દેવી રહેતી નથી પણ ખર્ચ ચલાવવા કાંઈ મુકામને મારગેજ નહિ મૂકાય, અને અમારી ભાવના તો વિદ્યાલયમાં સો વિદ્યાર્થી તુરતમાં કરવાની છે જેમ સંખ્યા વધે તેમ વહીવટી ખર્ચ ઘટે એ આપના ધ્યાનમાં છે. એટલે આપે વાર્ષિક રકમ ચાલુ આપવી પડશે એવી વિજ્ઞપ્તિ છે. ન આપતાં હોય તેણે શરૂ કરવી, આપતા હોય અને દશ વર્ષ થઇ ગયા હોય તેણે ફરી શરૂ કરવી અને અન્ય બંધુઓને પ્રેરણા કરવી.

આચંદે નવા વર્ષમાં અમને ૫૦૦ મેંબરો દર વર્ષે ૫૧ રૂપીઆ આપે તેવા મેળવી આપો એટલે હાલ તુરત તો ઉપર પ્રમાણે ગાડું ગબડાવ્યે જવાશે, પછી વ્યાપારની અનુકૂળતાએ આ સંસ્થાને સાચું વિદ્યાલય કરવાની જે અંતર ઉર્મિઓ અગાઉના રિપોર્ટમાં રજુ કરી છે તેનો અમલ કરવા આપને વિજ્ઞપ્તિ કરશું. અમારે તો આગળ વધવું છે અને આપનો પ્રેમ મેળવવો છે. અવ્યવસ્થિત, અવિવેકી કે માયાવી ટીકા કે ચર્ચા ઓથી અમે જરા પણ ગભરાતા નથી પણ ધન વગર નભે તેમ નથી. આ સંબંધમાં રિપોર્ટના અંતમાં પણ વાત કરવાની છે એટલે પાછા મૂળ મુદ્દાપર આવી જઇએ.

## જમે બાજુ.

આખા રિપોર્ટને ઉજ્જવળ બનાવે તેવી જમે તરફની છેલ્લી રકમ એક લાખની છે. શેઠ વાડીલાલ સારાભાઇની એ વિશાળ ઉદારતા અને ઉદાર વિશાળતાની અન્યત્ર વિસ્તૃત નોંધ લીધી છે.

રિપોર્ટવાળા વર્ષમાં મુકામ ફંડમાં રૂપીઆ ૨૧૭૯૩-૮-૨ વસુલ આવ્યા તેમાં શેઠ નગીનદાસ સરૂપચંદની રકમ રૂા ૫૦૦૧) ની. શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી તરફથી રૂા ૨૫૦૧) શેઠ હેમચંદ મોહનલાલ અને શેઠ ભોગીલાલ લહેરચંદ પાટણવાળા પ્રત્યેકના રૂા ૧૫૦૧) ખાસ ધ્યાન ખેંચનારા છે. શેઠ હીરાલાલ બકોરદાસના દેહાવસાન પછી તેમના લઘુ ભાઈ શ્રી મણીલાલ બકોરદાસે એટલીજ ઉદારતા બતાવી સંસ્થાને ધીરેલી રકમનો બાકીનો ભાગ રૂા. ૫૬૦૭-૮-૨ હતો તેનું સંસ્થાના મુકામ ફંડને વડીલભાઇને નામે દાન કર્યું. મુકામ ફંડમાં વસુલ થયેલી રકમની વિગતવાર તપસીલ પરિશિષ્ટ નં. ૧૪ क માં જણાવેલી છે.

સંસ્થાના સ્થાયી ફંડમાં રૂા. ૧૦૦૦) શેઠ લાલજી રામજીના એકઝીકયુટરો તરફથી મળ્યા એ રકમ ખાસ આદરણીય છે. એ બતાવે છે કે સંસ્થાને માણસો વીલ કરતી વખત પણ હવે યાદ કરવા લાગ્યા છે.

કેટલાંક અગાઉના વર્ષોની ભેટની રકમ આવી તે તેમજ પાછળનાં અને ચાલુ વર્ષોનાં લવાજમની રકમો આવી તે સર્વ પરિશિષ્ટ ન. ૧૪ માં બતાવી છે. પેટા વિભાગના અંક માટે શરૂઆતમાં અનુક્રમણિકા જોવી.

છેલ્લા (દશમા) રિપોર્ટના પરિ. નં ૨૧ પરથી શેઠ ઉત્તમચંદ રણછોડદાસના ટ્રસ્ટ સંબંધી ઠરાવ જોવામાં આવ્યો હશે. મરહુમ શેઠશ્રીએ વીલ કરી રૂા ૨૦૦૦) ની રકમ સંસ્થાને અર્પણ કરી હતી અને તે રકમ સંસ્થાને મળી ગઇ હતી ( જુઓ દશમો રિપોર્ટ પરિ. નં. ૧૪ પૃ. ૫૨ ). એ ઉપરાંત જૈન કેળવણીખાતામાં એકઝીકયુટરોને પસંદ આવે તે રીતે શરતો કરી રૂપીઆ વીશ હજારની રકમ આ સંસ્થાને સોંપવાનો વિચાર સદર એસ્ટેટના એકઝીકયુટરોએ કર્યો. રૂા. ૨૦૦૦ ની ચાલુ ખાતાની સદર રકમનો હવાલો નાખી આ ટ્રસ્ટની રકમ રૂા. ૨૨૦૦૦) ની કરવી અને તેના વ્યાજમાં ત્રણ વિદ્યાર્થીઓને રાખવા અને માંગરોળના જૈન ભાઇઓને અગ્ર હક્ક આપવો એવી વિગતવાર શરતો જે અગાઉ છપાઇ ગઈ છે તે કરી અને આ સંસ્થાના લાભમાં તેઓએ વિચાર કરી સદર દરખાસ્ત મોકલી આપી. સંસ્થાએ એ ફંડનો વહીવટ કરવાનો સ્વીકાર તા. ૨૬-૮-૨૫ ને રોજ કર્યો. અત્યાર સુધીમાં એની શરત પ્રમાણે રૂા. ૧૨૦૦૦) મળી ગયા છે બાકીની રકમ નવા વર્ષમાં મળી જશે. શેઠ ઉત્તમચંદ રણછોડદાસના એકઝીકયુટરો શેઠ દેવીદાસ કાનજી વિગેરેનો આ સંસ્થાના લાભમાં મળેલ સત્તાનો ઉપયોગ કરવા માટે અંતઃકરણથી આભાર માનીએ છીએ અને મરહુમ શેઠ ઉત્તમચંદ રણછોડદાસના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

બીજી પરચુટણ નાની મોટી રકમની ભેટ આપનાર સર્વ સજ્જનોનો અંતરથી આભાર માનીએ છીએ.

**સરવૈયું.**

પરિશિષ્ટ નં. ૧૩ માં ઓડિટ થયેલ સરવૈયું છે. તેની કેટલીક વિગતો સ્પષ્ટ કરવાની જરૂર છે.

મહાવીર લોન ફંડના રૂા. ૧૧૦૦૦) વિદ્યાર્થીઓને ધીરાઇ ગયા છે તે તે તે વ્યક્તિઓને ખાતે ઉધાર્યા છે.

શેઠ સારાભાઇ મગનભાઈ લોન સ્કોલરશીપની આખી રકમ શરત પ્રમાણે અલગ રાખવામાં આવે છે અને તેનું વ્યાજ તે ખાતે જમે થાય છે.

હવે ટ્રસ્ટ ખાતાની રકમો લગભગ દરેક જૂદી પડી જશે અને તેની વ્યવસ્થા સ્વતંત્ર થઈ શકશે.

અત્યાર સુધીમાં મુકામ ફંડને અંગે કુલ રકમ રૂા. ૨૫૨૬૩૪-૧૦-૧૧ જમે થઇ છે જ્યારે જૂના નવા મુકામો ખાતે રૂા. ૪૨૧૦૭૫-૦-૦ ખેંચાય છે. ટ્રસ્ટની જે રકમ જૂદી ન પડી શકી હોય તેને માટે તે સંસ્થાના મુકામમાં છે એમ સમજી લેવું.



સંસ્થાનો લાખો રૂપીઆનો વહીવટ દેખાય તેવું આ સરવૈયું છે. એને પદ્ધતિસર ગોઠવવા અને રાખવાનું જે કાર્ય આસીસ્ટંટ સેક્રેટરી શેઠ મુળચંદ હીરજીભાઈ કરે છે તેને એ બાબતને અંગે જેટલું માન આપીએ તેટલું ઓછું છે. વહીવટી ચોખવટ એ એમનો ખાસ ગુણ છે અને સંસ્થાની વર્તમાન ઉજ્જવળ કારકીર્દિનો સુયશ એમને ઘણે અંશે ઘટે છે.

ઠરાવ પ્રમાણે ફરનીચર ખાતામાં દશ ટકા દર વર્ષે બાદ થાય છે અને લાઇબ્રેરી ખાતે જે રકમ લેણી ખેંચાય છે તે મળેલી ભેટની રકમો બાદ જતાં છે એમ લક્ષ્યમાં રાખવાનું છે. સંસ્થાની લાઇબ્રેરીની અત્યારની કિમત ઓછામાં ઓછી રૂપીઆ બાર હજારની ગણાય.

**ધાર્મિક શિક્ષણ પેટા કમિટી.**

હવે આપણે સંસ્થાને લગતી સામાન્ય બાબતો પર જરા દષ્ટિક્ષેપ કરીએ. સંસ્થામાં ધાર્મિક અભ્યાસ ચલાવવામાં આવે છે તેનો અભ્યાસ ક્રમ હાજરી અને અભ્યાસનાં દિવસો તથા સમય સબંધમાં કાંઇ એક સરખો રાહઘાટ ન દેખાતાં તે સંબંધી રિપોર્ટ કરવા એક પેટા કમિટી તા. ૨૦-૧૦-૨૫ના ઠરાવથી નીચેના બંધુઓની નીમવામાં આવી હતી.

શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇ.
,, મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.
,, મણીલાલ સુરજમલ ઝવેરી.
,, ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ.
,, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.

સદર કમિટીએ બે વખત મળી જરૂરી તપાસ કરી એક ઘણો વિગતવાર રિપોર્ટ તૈયાર કર્યો હતો તે તા. ૧૮-૪-૨૬ની મીટિંગમાં રજુ થતાં તેનો અમલ કરવા માટે, તે માટે ધારાધોરણ કરવા માટે અને રિપોર્ટ કરવા માટે ત્રણ બંધુઓની પેટા સમિતિ નીમવામાં આવી હતી. તે કમિટીએ કાર્ય શરૂ કર્યું જણાતું નથી.

ઉપરોકત રિપોર્ટ માર્ગદર્શક હોઇ શેરા સાથે પરિશિષ્ટ નં. ૧૯માં આપ્યો છે તે ઘણો ઉપયોગી છે. કમિટીના બંધુઓનો અમે આભાર માનીએ છીએ. સદર રિપોર્ટની સુચના અનુસાર કાર્ય થવાથી ઘણો સારો પ્રબંધ થવા સંભવ છે. કોઇ અવ્યવહારૂ સૂચના લાગશે તો પેટા સમિતિ રિપોર્ટ કરી ફેરફાર કરાવી શકશે. ધાર્મિક શિક્ષણનું કાર્ય આ રીતે વધારે યોગ્ય રીતે કરવાનો આ રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન પ્રબંધ થયો છે.

## આઉટ સાઇડ વિદ્યાર્થી લોન રકમ સબ-કમિટી

પુના કરાંચીમાં અભ્યાસ કરતાં ફ્રી વિદ્યાર્થીને દર વર્ષે ૪૦૦ રૂપીઆ લોનના એગ્રીમેન્ટથી આપવામાં આવતા હતા અને જે રકમ તેમને રોકડી અપાય તે તેમને ખાતે ઉધારવી એવો ઠરાવ થયો હતો. ચાલુ મોંઘવારીથી સદર રકમ ઘણી ઓછી પડવાની અનેક અરજીઓ આવતાં નીચેના ચાર મેંબરોની પેટા કમિટી તે સંબંધી તપાસ કરવા અને પત્ર વ્યવહાર કરી હકીકત મેળવી રિપોર્ટ કરવા તા. ૨૩-૧-૨૬ના ઠરાવથી નીમવામાં આવી હતી. કમિટીનાં મેંબરોના નામ—

શેઠ હીરાલાલ મંછાચંદ શાહ.
,, મુળચંદ હીરજી.
,, હીરાલાલ અમૃતલાલ શાહ.
,, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.

સદર કમિટીએ પત્ર વ્યવહાર તપાસી અન્ય કોલેજોમાં તપાસ કરી તા. ૧૯-૩-૨૬ને રોજ રિપોર્ટ કર્યો હતો તે પર મે. કમિટીએ તા. ૨૧-૪-૨૬ને દિન ઠરાવ કર્યો કે પુને અથવા કરાંચીમાં અભ્યાસ કરનાર આપણા વિદ્યાર્થીઓને રૂ ૬૦૦) પ્રત્યેક વર્ષ માટે વધારેમાં વધારે આપવા અને તે રકમ તેમને ખાતે માંડવાનું તેમની પાસે એગ્રીમેન્ટ કરાવી-સુધરાવી લેવું. સદર રકમ તેમણે કેળવણીના ખર્ચને અંગેજ વાપરવાની છે.

ઉપરના ઠરાવનો અમલ નવીન બારમા વર્ષથી કરવાનો ઠરાવ થયો તે પ્રમાણે ત્યાર પછી થયું છે. સદર કમિટીનો અમે આભાર માનીએ છીએ.

## શેઠ સારાભાઇ મગનભાઇ મોદી લોન સ્કોલરશીપ ફંડ.

આ રિપોર્ટવાળા વર્ષમાં આ ફંડને અંગે ૨૮ અરજીઓ આવી હતી જેમાંથી ૨૪નો સ્વીકાર તે ખાતાની કમિટીએ કર્યો હતો. તે ખાતાની કમિટીમાં ૯ બંધુઓ કામ કરે છે તેમનો આભાર માનવામાં આવે છે. સદર લોન ફંડને અંગે પાંચ વર્ષમાં કુલ રકમ ખરચી નાખવાનો ઈરાદો હતો છતાં એ માટે જોઇએ તેટલી અરજીઓ આવતી નથી. પરિણામે લોન સ્કોલરશીપ રૂપે આખા વર્ષમાં રૂ. ૧૫૫૧-૪-૦નો ખર્ચ થયો છે અને એ સ્થિતિ પ્રથમથી જોઇએ ફંડ સંબંધી જાહેરાત પણ છાપાઓ દ્વારા ખૂબ કરી તેને અંગે રૂ ૧૭૮-૮-૬ ખરચ તે ખાતે કર્યો લોકોની હજુ તે સંબંધમાં તેટલુ છતાં પણ જોઈતી સંખ્યામાં અરજી આવતી નથી તે ખેદ ભરેલું છે. નવીન વર્ષમાં આ સંબંધમાં જરૂર વિચાર કરી કાંઇક વિશેષ ઘટના કરવી પડશે.

સદર ખાતાની પેટા કમિટીનો વિગતવાર હેવાલ આ સાથે પરિશિષ્ઠ નં ૧૬ માં આપ્યો છે. સદર કમિટીનું કાર્ય શ્રીયુત ચંદુલાલ સારાભાઇ મોદી બહુ ખંત



અને ચીવટથી તે કમિટીના આસી. સેક્રેટરી તરીકે કરે છે તે માટે તેમનો આભાર માનવામાં આવે છે.

## શેઠ ઉત્તમચંદ રણછોડદાસ ટ્રસ્ટ ફંડ

આ ટ્રસ્ટ ફંડની પ્રાથમિક રકમ તરીકે રિપોર્ટવાળા વર્ષમાં બાર હજારની મળી ગઈ છે, બાકીની રકમ નવીન વર્ષમાં ઠરાવ પ્રમાણે મળનાર છે. રિપોર્ટવાળા વર્ષની આખરે સદર ટ્રસ્ટ ફંડ ખાતે રકમ વ્યાજ સાથે રૂ. ૧૨૪૫૫-૦-૦ જમા છે. નવીન વર્ષમાં શેઠ ઉત્તમચંદ રણછોડ સ્કોલર તરીકે એક વિદ્યાર્થીને શરત પ્રમાણે દાખલ કરાવામાં આવેલ છે તે પરિશિષ્ઠ નં. ૨ માં ૪૩ નંબરે જોવામાં આવશે. સદર ટ્રસ્ટનો વહીવટ તેની શરત મુજબ થાય છે.

## મેડિકલ લાઇન.

વિદ્યાલયમાં મેડિકલ લાઇનનો અભ્યાસ કરાવાય છે તે સંબંધમાં છાપાઓમાં રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન બહુ ચર્ચા ચાલી હતી. કમિટીના ધ્યાનપર આ હકીકત આવતાં આપણા વિદ્યાર્થીઓને હિંસા ફરજીયાત કરવી પડે છે કે કેમ તે સંબંધી તપાસ કરી રિપોર્ટ કરવા નીચેના બંધુઓની એક સબ-કમિટી તારીખ ૧૮-૮-૨૫ ને રોજ નીમવામાં આવી હતી.

ડોકટર ટી. એ. શાહ એફ, આર, સી. એસ (ઇંગ્લાંડ).
ડોકટર ચીમનલાલ એન. શરોફ. એમ. બી. બી. એસ. ડી, ઓ. એમ. એસ.
ડોકટર નાનચંદભાઇ કસ્તુરચંદ મોદી. એલ. એમ. એન્ડ એસ.
શેઠ મણીલાલ મોતીલાલ મુળજી.

સદર કમિટીના મેંબરોએ જાતે તપાસ કરી કોલેજોમાં જઈ પ્રોફેસરો તથા વિદ્યાર્થીઓની મુલાકાત લઇ રિપોર્ટ કર્યો હતો. તે રિપોર્ટની અસલ અંગ્રેજી ભાષાની અને સાથે ગુજરાતી તરજુમાની નકલ ગત વર્ષના દશમા રિપોર્ટ સાથે પ્રત્યેક મેંબરને મોકલેલી હોવાથી આ વાર્ષિક રિપોર્ટમાં આખો રિપોર્ટ ફરીવાર છપાવ્યો નથી. સંસ્થામાં સદર રિપોર્ટની કોપીઓ પૂરતી સંખ્યામાં છે. મંગાવવાથી મોકલી આપવામાં આવશે. કમિટીના બંધુઓએ લીધેલી તસ્દી માટે આભાર માનીએ છીએ.

## ચર્ચા.

સદર રિપોર્ટ તા. ૨૦-૧૦-૧૯૨૫ ની મેનેજીંગ કમિટીની મીટિંગમાં રજુ થતાં તે પર ચર્ચા કરી ઠરાવ કરવામાં આવ્યો કે "મેડિકલ કમિટીનો રિપોર્ટ વિદ્યાલયની મેનેજીંગ કમિટી પાસે રજુ થતાં ઠરાવ કરવામાં આવે છે કે રિપોર્ટ ઉપર વિચાર કરતાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કેટલાક વિદ્યાર્થીઓ

ડાકટરી લાઇનનો અભ્યાસ કરે તે બાબતમાં કમિટીને કાંઈ પણ ફેરફાર કરવાની જરૂર લાગતી નથી.

" કમિટીએ ઉપરની બાબતની ચર્ચામાં ઉતરવું નહિ.

" આ ઠરાવની નકલ તથા રિપોર્ટની કોપી જાહેર પેપરોપર મોકલી આપવી અને રિપોર્ટ તથા તેનું ભાષાંતર છપાવીને ઉપરના ઠરાવ સાથે સર્વ જનરલ કમિટીના મેંબરોને મોકલી આપવા અને તેને મથાળે લખવું કે for members only. " એ પ્રમાણે થએલો ઠરાવ જાહેર વર્તમાનપત્રો પર મોકલી આપવામાં આવ્યો હતો.

## વિદ્યાલય ભુવન સમારંભ.

વિદ્યાલયનું મકાન લગભગ તૈયાર થઇ ગયું અને તેના પર ખર્ચ કેટલો થયો વિગેરે જરૂરી વાતો આગલા રિપોર્ટમાં આવી ગઇ. પ્રાચીન પદ્ધતિ પ્રમાણે તેનું વાસ્તુ રિપોર્ટવાળા વર્ષમાં શ્રાવણ શુદ છઠ (તા. ૨૭-૭-૨૫) ને રોજ કરવામાં આવ્યું (જુઓ દશમો રિપોર્ટ પૃ. ૧૮). સદર રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે એ મુકામને જાહેર મૂકવાનો અર્વાચીન પદ્ધતિએ એક ભવ્ય મેળાવડો સર પ્રભાશંકર દલપત્તરામ પટ્ટણી સાહેબના પ્રમુખપણા નીચે તા. ૨-૧૦-૧૯૨૫ ને રોજ કરવામાં આવ્યો. મેળાવડામાં લગભગ હજાર ઉપરાંત બંધુઓ અને બહેનોએ હાજરી આપી હતી. બહારગામથી કેટલાએક સંભાવીત ગૃહસ્થો અન્ય કોમના અનેક પ્રતિષ્ઠિત આગેવાનો તથા પૂર્વ વિદ્યાર્થીઓ હાજર થયા હતા. સંસ્થાની 'દશ વર્ષની કાર્યવાહીનો સંક્ષિપ્ત અહેવાલ' તે શુભ પ્રસંગે છપાવી બહાર પાડવામાં આવ્યો હતો અને તેમાં સંસ્થાના સ્થાપક શ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજીનો, સર પ્રભાશંકરભાઈ પટ્ટણી સાહેબનો, સંસ્થાના પેટ્રનોના અને મુકામના મળી કુલ નવ ફોટાઓ (ઝીંકો) આપવામાં આવ્યા હતા. એ પ્રસંગે અનેક સજ્જનોએ સંસ્થાના સંબંધમાં સારાં વિવેચનો કર્યાં હતાં અને છેવટે સર પ્રભાસંકર પટ્ટણી સાહેબે બહુ વિગતવાર વિવેચન કરી આખા મંડળને આનંદ પમાડયો હતો અને ખાસ કરીને સંસ્થાને માથે દેવું રહેવું ન જોઇએ એ બાબતપર ભાર મૂકયો હતો. સંસ્થાના મુકામમાં ચારે તરફ ફરી ઉપાહારનો ભાગ લઇ સર્વ સજ્જનો વિદાય થયા હતા. સંસ્થાના ઇતિહાસમાં આ શુભ પ્રસંગ ખરેખર યાદગીર રહી જાય એવો બન્યો હતો અને મેળાવડો પણ ઘણો સુંદર થયો હતો: સર પ્રભાશંકરભાઇએ ભાવનગરથી આ મેળાવડા માટે ખાસ મુંબઇ પધારી પ્રમુખપદ લઇ સંસ્થાના ગૌરવમાં જબરો વધારો કર્યો છે અને સ્વેચ્છાથી સંસ્થાને દર વર્ષે દશ વર્ષ સુધી રૂા. ૨૫૦) આપવાનું જણાવી ઔદાર્ય બતાવ્યું છે તે માટે જનરલ કમિટી તરફથી આ પ્રસંગે તેમનો આભાર માનવાની તક લેવામાં આવે છે. તેઓશ્રી સંસ્થા તરફ સદ્‌ભાવ રાખે છે અને અવારનવાર સંસ્થા માટે કાળજીથી પૃચ્છા કર્યા કરે છે એ ઘણી ગૌરવ લેવા જેવી હકીકત છે.



મેળાવડાને અંગે નોંધવા જેવી હકીકત એ છે કે તે વખતે સંસ્થાને અંગે જોસભેર ચર્ચા ચાલતી હતી છતાં અનેક સજ્જનોએ બહુ આનંદથી મોટી સંખ્યામાં મેળાવડામાં ભાગ લઇ સંસ્થા તરફ પોતાનો પ્રેમ બતાવી આપ્યો હતો અને પં. લલિતવિજયજી આદિએ પણ મેળાવડા પ્રસંગે હાજર રહી સંસ્થાના મુકામને પવિત્ર કર્યું હતું.

પ્રાચીન પદ્ધતિપર વાસ્તુ ક્રિયાના તથા આ મેળાવડાના ખર્ચ માટે અલગ ખરડો કરવામાં આવ્યો હતો તેમાં રૂા. ૧૬૨૧-૦-૦ વસુલ થયા છે અને ખર્ચ રૂા. ૧૫૧૧-૬-૯ થયો છે. આ નિમિત્તે સંસ્થાને રકમ ભરી આપનારનું લીસ્ટ પરિ. નં. ૧૪ ख માં સાથે સામેલ છે.

આ મેળાવડા વખતે પ્રમુખશ્રીને હાથે વિદ્યાર્થીઓને ઇનામો અપાયાં હતાં. ધાર્મિક પરીક્ષામાં ઊંચે નંબરે આવનારને બે વર્ષના રૂા. ૨૦૫)નાં ઇનામો આપ્યાં હતાં. મીસ્રી, સુતાર, કડીઆને યોગ્ય પારિતોષિક આપ્યાં હતાં અને ભાઇ વાડીલાલ નથુભાઇને રૂા. ૫૦૦) ખાસ સંમાન પૂર્વક આપ્યા હતા. એ નિષ્કામ વૃત્તિએ કામ કરનાર ભાઈ વાડીલાલે સદર રકમમાં રૂા. ૨૫) વધારી મુકામ ફંડમાં રૂા. ૫૨૫) ની રકમ તે વખતે અર્પણ કરી હતી. એમના જેવા મધ્યમ સ્થિતિના સેવાભાવી બંધુના આ ઉદાર કૃત્યને સર્વએ હર્ષથી વધાવી લીધું હતું.

સંસ્થાના સંબંધમાં આ પ્રસંગ તદ્દન અભિનવ અને અપુર્વ હોવાથી તે પ્રસંગે ગવાયેલા ગાયનો તથા પ્રોગ્રામ પરિશિષ્ટ નં. ૧૭ માં જાળવી રાખ્યાં છે.

### શેઠ વાડીલાલ સારાભાઇની ઉદાર સખાવત.
### તેમના નામે વિદ્યાર્થીગૃહની સ્થાપનાનો પ્રસંગ.
### ચર્ચાની શાંતિ. પ્રસંગની ઉજવણી અને આનંદ.

અવ્યવસ્થિત ચર્ચા પ્રતિધ્વનિના શબ્દોચ્ચાર વગર ચાલ્યા કરતી હતી તેવામાં સંસ્થાનું મુકામ ખોલવાનો મેળાવડો બહુ સુંદર થયો એમાં ચર્ચાનું અર્ધ વિષ શમી ગયું અને ત્યાર પછી બહુ થોડા વખતમાં એક બહુ આનંદપ્રદ પ્રસંગ સંસ્થાને અંગે થયો જેથી ચર્ચા બંધ થઇ ગઈ. શેઠ વાડીલાલ સારાભાઇ એક સહૃદય સાદા ગ્રહસ્થે સંસ્થાનું અત્યાર સુધીનું કાર્ય જોઈ સંસ્થાને એક લાખ રૂપીઆની ઉદાર સખાવત આપવા ઇચ્છા જણાવી. માર્ચ માસમાં (૧૯૨૬) આ હકીકતની લેખીત માગણી કમિટીમાં રજુ થતાં એ સંબંધી વિગતવાર શરતો તૈયાર કરી કમિટીમાં મૂકવા એક પેટા કમિટી નીમવામાં આવી. એમણે જે શરતો કરી તેનો મુખ્ય સાર નીચે પ્રમાણે હતો.—

૧. શેઠ વાડીલાલ સારાભાઇને પેટ્રન ગણવા.
૨. તેમનું બસ્ટ સંસ્થાને ખરચે મૂકવું.

૩. વિદ્યાર્થીગૃહ સાથે તેમનું નામ જોડવું.
૪. ગૃહ સંબંધી પત્ર વ્યવહારમાં સદર નામ મૂકવું.
૫. મેનેજીંગ કમિટીમાં પોતે અને ત્રણ મેંબરો બેસે.
૬. ટ્રસ્ટી તરીકે નામ દાખલ કરવું.
૭. સંસ્થામાં તેમના નામે બે વિદ્યાર્થી રહે.
૮. અમદાવાદના વીશા ઓશવાળની અરજીને અમુક રીતે અગ્ર હક્ક આપવો.

એ વિગતવાર શરતનો આખો ઠરાવ પરિશિષ્ટ નં. ૧૫માં રજુ કર્યો છે. મેનેજીંગ કમિટીએ સદર ઠરાવ બહુ આનંદપૂર્વક તા. ૫-૪-૧૯૨૬ને રોજ સર્વાનુમતે કર્યો. કોલકરાર કરવામાં શેઠ વાડીલાલ સારાભાઇના મિત્ર શ્રીયુત મનસુખલાલ છગનલાલે બહુ ઉત્સાહથી ભાગ લીધો અને પોતે જૈનેતર હોવા છતાં કેળવણીના કાર્યમાં કેવો રસ લે છે તે બતાવી આપ્યું.

શરતનો સ્વીકાર થતાં તુરતમાંજ તા. ૯મી એપ્રીલ ૧૯૨૬ રાત્રે ૮ વાગે સંસ્થાના મુકામમાં મેળાવડો કરવામાં આવ્યો. સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણીનો મુંબઈમાં યોગ થઈ ગયો. તેમનો સંસ્થા ઉપરનો રાગ સુવિદિત હતો, તેઓ આમંત્રણથી પ્રમુખસ્થાને પધાર્યા અને આજ વર્ષમાં બીજો ભવ્ય મેળાવડો થયો મુંબઇના જૈન બંધુઓ અને કેળવણીમાં રસ લેનાર અન્ય બંધુઓ અને બ્હેનો મોટી સંખ્યામાં પધાર્યા. શેઠ વાડીલાલને પણ બહુ ઉત્સાહ થયો. પ્રાસંગીક વિવેચનો પણ બહુ મજાનાં થયાં અને અત્યંત આનંદ વચ્ચે સદર બાદશાહી સખાવતની વિગતો જાહેર થતાં લોકોએ એને હર્ષ ભર વધાવી લીધી.

શેઠ વાડીલાલ સારાભાઇ જાતે તદન સાદા વ્યવહારદક્ષ અને અનેક પ્રકારની પરિસ્થિતિમાંથી આરપાર નીકળી જવાની કુશળતા ધરાવનાર પણ ઘણા ભલા અને ધર્મપ્રેમી ગૃહસ્થ હોઇ એમણે મેળાવડામાં હાજરી આપી ત્યારે એમની તબીઅત માટે સર્વને દુઃખ થયું પણ એમની સહૃદયતા માટે અપૂર્વ સત્કાર થયો. એમના તરફનો પ્રેમભાવ એમણે ગદ ગદ સ્વરે સ્વીકાર્યો પણ વધારે બોલી શકયા નહિ. એમના પ્રેમના શબ્દો એમના ભાણેજ શ્રીયુત મણીલાલ મોહનલાલ બહુ સુંદર રીતે મેળાવડા સમક્ષ બોલ્યા અને આવી રીતે આ વર્ષમાં યાદગાર શુભ પ્રસંગ સંસ્થાને આ બીજો પ્રાપ્ત થયો. એ કેળવણીથી તદન બેનશીબ રહેલા સાદા પણ અનુભવી વિવેકી જૈન બંધુએ પોતાના વ્યવસાયમાં એટલી વિશાળતા પ્રાપ્ત કરી કે એના પોતાના વિચાર પ્રમાણે કોમના ભવિષ્યનો આધાર કેળવણી ઉપરજ રહે છે એમ એ જોઈ શકયા અને કેળવણી માત્ર પુસ્તક ભણનાર કે પદવી ધરાવનારજ સમજી શકે છે એમ નહિ પણ દૂરથી નિરીક્ષણ કરનાર પણ બરાબર એની કિંમત આંકી શકે છે એમ બતાવી આપ્યું. એમને સર્વથી વધારે મહત્વ 'વ્યવસ્થા' અને ચોખવટમાં લાગતું અને તેમના વિચાર પ્રમાણે તેમણે એ બંને તત્વ આ સંસ્થાના વહીવટ અને કાર્યવાહીમાં જોયાં અને તેમના કહેવા પ્રમાણે એજ કારણે એમણે



બાદશાહી રકમ સંસ્થાને આપી. સર પ્રભાશંકર પટ્ટણીએ મેળાવડાને ખૂબ મ્હલાવ્યો, પ્રસંગોચિત બહુ સારૂં વિવેચન કર્યું અને કેળવણીનું મહત્વ સમજાવવા કેટલીક આખ્યાયિકાઓ પણ કહી નાખી.

મેળાવડાનો ટુંકો હેવાલ દૈનિક પત્રમાં પ્રકટ થયેલો તે પરિશિષ્ઠ નં ૧૮માં આપ્યો છે સંસ્થાના ઇતિહાસમાં આ સુંદર પ્રસંગ હોવાથી તે જાળવી રાખવાની જરૂર છે તેથી એ પ્રસંગ આખો આપ્યો છે. અમે શેઠ વાડીલાલ સારાભાઈએ બતાવેલી ઉદારતા માટે અંતઃકરણથી આભાર માનવાની આ તક લઇએ છીએ અને સર પ્રભાશંકર પટણી સાહેબે એક વર્ષમાં સંસ્થાપર કરેલા બીજી વારના આભાર માટે અમારૂં ઋણ બતાવીએ છીએ. મેળાવડા પછી બહુ ટુંક સમયમાં સ્વહસ્તે સદર રકમ સંસ્થાને સુપ્રત કરી શેઠ વાડીલાલ સારાભાઈ કૃતકૃત્ય થયા છે. આવતા વર્ષથી સદર વિદ્યાર્થીગૃહનો રીપોર્ટ અલગ આપવામાં આવશે. નવીન વર્ષના બીજા ટર્મમાં શેઠ વાડીલાલ સારાભાઇ સ્કોલર તરીકે એક વિદ્યાર્થીને શરત પ્રમાણે દાખલ કરેલ છે.

## નવીન વર્ષની કેટલીક બાબતો.

અનિવાર્ય કારણે આ વર્ષે મોડું થવાથી સંસ્થા સંબંધી નવીન વર્ષ (બારમા વર્ષ)ની પણ કેટલીક વાતો લખવાની જરૂર પડે છે. નવા વર્ષમાં વિદ્યાર્થી સંખ્યા કેટલી રહી અને તેમનો પ્રત્યેકનો અભ્યાસ શો છે એ વાત શરૂઆતમાં જણાવી.

નવીન વર્ષમાં વિદ્યાર્થીઓએ એક સ્નેહસંમીલન (સોશીયલ ગેધરીંગ) તા. ૨૬-૯-૨૬ને રોજ કર્યું હતું. આખી વ્યવસ્થા વિદ્યાર્થીઓએ કરી હતી ફંડના. રૂપીઆ એકઠા કર્યા હતા અને તેનો હેવાલ તેમની કમિટી તરફથી આવ્યો છે તે આ સાથે પરી. નં ૧૧Aમાં મુકયો છે. મેળાવડો ઘણો ભવ્ય થયો હતો. પ્રમુખ સ્થાન શ્રીયુત એમ. આર. જયકર બારિસ્ટર એટ લોને આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ બહુ રસથી અનેક પાઠો ભકતવ્યો અને વાતચીતના પ્રસંગો ગોઠવ્યાં હતાં લગભગ ૮૦૦ ઉપર સજ્જનો હાજર થયા હતા સન્નારીઓની સંખ્યા ૨૦૦ ઉપર હતી અને ભાષણો પ્રસંગોચિત થયાં હતાં, પ્રમુખશ્રી પોણો કલાક બોલ્યા હતા, અને સંસ્કૃત ભાષાના અભ્યાસ પર ખાસ ભાર મૂકયો હતો, રાત્રે 'શંકિત હૃદયનું' નાટક કર્યું હતું જે બહુ સુંદર રીતે ભજવવામાં આવ્યું હતું. તૈયારી કરવાનો સમય વિદ્યાર્થીઓને બહુ થોડો મળ્યો હતો છતાં કાર્યની સુંદરતા અને વ્યવસ્થા આકર્ષક લાગ્યા હતા, આવા પ્રસંગોથી વિદ્યાર્થીઓને કેળવણી ચોકકસ પ્રકારની મળે છે અને આગળ પડતા દેશોમાં આવા પ્રસંગો કેળવણીનો એક વિભાગ ગણાય છે. પ્રમુખ સાહેબે અતિ મનનીય ભાષણ અને બોધ આપ્યો હતો. ઉપાહાર વિગેરેની વ્યવસ્થા પણ સમય પ્રસંગને અનુરૂપ હતી.

તા. ૨૧-૯-૨૬ ને રોજ ઇંડીઅન નાટ્યકાર કળાના અભ્યાસી પ્રો. હરીંદ્રનાથ અને મીસીસ હરીંદ્રનાથનું સન્માન સંસ્થામાં કરવામાં આવ્યું હતું અને કળાકાર દંપતીએ પોતાના કળા વિધાનથી સર્વને લાંબા વખત સુધી આનંદ ઉપજાવ્યો હતો.

## શ્રીયુત કક્કલભાઈ વકીલ.

રિપોર્ટવાળા વર્ષની આખરે સેક્રેટરીએ પોતાના ખાનગી કામે વિલાયત જતાં રાજીનામું આપ્યું, તેની જગ્યાએ તેમની ગેરહાજરી દરમ્યાન શ્રીયુત કકકલભાઈ ભુદરભાઈ વકીલની નીમણુક કરવામાં આવી. તેઓએ અત્યંત ઉત્સાહથી પ્રેમથી અને વિવેકથી સદર હોદ્દાનું કાર્ય ચાર માસ કર્યું. નવીન વર્ષની શરૂઆતની મુશીબતવાળી અનેક દેશીય કાર્ય પ્રવૃતિ પણ તેમણે ઘણો ભોગ આપીને કરી અને વખતો વખત મીટીંગ તથા સંસ્થામાં હાજરી આપી. તેમણે બતાવેલી કાર્ય દક્ષતા માટે તેમનો ખાસ આભાર માનવાની આ તક લઇએ છીએ અને આવા રૂચિ વાળા ઉત્સાહી કાર્યવાહકો તૈયાર થતા જાય છે એમાં કોમનું શુભ ભવિષ્ય જોઇએ છીએ.

## મેનેજીંગ કમિટી.

રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન મેનેજીંગ કમિટીની ૧૯ મીટિંગો થઇ. પ્રથમ વર્ષમાં લગભગ ૩૦ મીટિંગો બોલાવવામાં આવી હતી. ત્યાર પછીના કોઇ પણ વર્ષમાં આટલી સંખ્યામાં મેનેજીંગ કમિટીની મીટીંગો બોલાવવામાં આવી નથી. સંસ્થાનું કામ અનેકદેશીય થતું જાય છે તેનો એ પુરાવો છે. તેમાં આ વર્ષમાં સંસ્થાને અંગે ચર્ચા ઉપસ્થિત થઇ તેપર વિચાર કરવા મીટિંગ બોલાવવી પડી અને અનેક પેટા કમિટીઓ નીમવામાં આવી તે સર્વ કારણે મીટિંગની સંખ્યા મોટી થઇ છે. મેંબરોને ઉત્સાહ કેટલો છે તે હાજરીપત્રક ઉપરથી જોઇ શકાશે. હકકની રૂઇએ બેસનાર મેંબરોમાંથી બહુજ ઓછા મેનેજીંગ કમિટીના કાર્યમાં ભાગ લે છે એ જરા વિચાર કરવા જેવી બાબત છે. સેક્રેટરી તરફથી દરેક મીટિંગની તેમને ખબર પહોંચાડવામાં આવે છે.

મેનેજીંગ કમિટીની હાજરી સંબંધી પત્રક પરિ નં. ૨૦ માં આપ્યું છે. નવા વર્ષથી ઇન્સ્પેકશન કમિટી ચાલુ કરવા અમારી સૂચના છે.

## સુપ્રીન્ટેન્ડન્ટ.

નવીન વર્ષની એકાદ વધારે વાત કરવાની રહે છે પ્રથમ ટર્મમાં મી. વી. એમ. પરીખ બી. એ. ની સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે કામચલાઉ નીમણુક કરવામાં આવી હતી. તેઓનો વિદ્યાર્થી સાથે સહભાવ સારો થયો હતો અને તેમના કાર્યથી તેમણે એકંદરે સંતોષ આપ્યો હતો.



બીજા ટર્મની શરૂઆતમાં સંસ્થાના જુના વિદ્યાર્થી પ્રો. ડોકટર નગીનદાસ જે. શાહ જેઓ બનારસ યુનિવર્સિટીમાં પ્રોફેસર હતા તેમની મુંબઇની સીડન હામ કોલેજ ઓફ કોમર્સમાં નીમણુક થતાં તેઓએ સંસ્થાના સુપ્રીન્ટેન્ડેન્ટનો જવાબદારી ભરેલો બોજો સ્વીકાર્યો અને તે રીતે સંસ્થા તરફનો પોતાનો પ્રેમ દાખવ્યો અને જવાબદારીનો ખ્યાલ દૃષ્ટાન્ત લેવાય તેવી રીતે રજુ કર્યો. તેમણે પોતાની સેવા 'મંફત' આપી અને પ્રથમથીજ વિદ્યાર્થીઓ સાથે એકાંગી ભાવ કર્યો છે. વિદ્યાર્થીની જરૂરીઆત સમજનાર, પશ્ચિમની કેળવણી આંગ્લભૂમિમાં જઇ લઇ આવનાર અને પ્રોફેસરનો હોદ્દો મેળવનાર એક જૈન વ્યકિત આવી સમાજ–સેવા પ્રેમભાવે સેવાભાવે અર્પે ત્યારે સમાજમાં તેની જે અસર થાય તે આળેખવાની જરૂર ન જ હોય. અમને પૂરતી ઉમેદ છે કે આંતરવ્યવસ્થા ઉત્તમ થશે વિદ્યાર્થીઓ નિયંત્રણા સાથે જવાબદારી શીખશે અને આયંદે કચવાટનો સાચો કે ખ્યાલી પ્રસંગ ઉપસ્થિતજ નહિ થાય. ડોકટર ન. જ. શાહે બતાવેલી લાગણી માટે સંસ્થા તરફથી અમે તેમનું સાદર સન્માન કરીએ છીએ અને એનો દાખલો ખાસ અનુકરણીય છે એટલું અત્યારે જણાવીએ છીએ.

## ખેદજનક પ્રસંગો

રિપોર્ટવાળા વર્ષમાં સંસ્થાને બે મોટી ખોટ પડી.

## શેઠ હીરાલાલ બકોરદાસ.

સંસ્થાના પેટ્રન, મુકામ ખુલ્લુ મૂકવાની ક્રિયામાં સખ્ત તાવ છતાં હોંસથી ભાગ લેનાર આ સહૃદય સજ્જન આસો વદ ૭ (સં. ૧૯૮૧) ને રોજ પરલોકવાસી થયા. એમનો સંસ્થા તરફ અનન્ય ભાવ હતો. એમણે સંસ્થાને દશ હજારની ઉદાર નવાજેશ મુકામ ફંડને અંગે કરી હતી અને પાંચ હજારની રકમ તેમના ભાઇ શ્રીયુત મણીલાલે તેમની યાદગીરીમાં કરી. આવા અનુભવી પ્રેમી સજ્જનનો વિરહ સંસ્થાને દુઃખકર થાય તેમાં નવાઈ નથી.

## શેઠ નરોતમદાસ ભાણજી કાપડીઆ.

સંસ્થાની શરૂઆતથી વ્યવસ્થાપક કમિટીમાં બેસનાર, અસાધારણ છાતીનું બળ ધરાવનાર, ઘુંચવણના પ્રસંગે એક સરખું મનોબળ જાળવી રાખનાર આ વીર પુરૂષનો દેહવિલય સં. ૧૯૮૨ મહા શુદ ૧૩ ને રોજ થયો. એમણે પોતાની સલાહથી સંસ્થાને ખૂબ સહાય કરી હતી. દાન તો એમનો નૈસર્ગિક ગુણ હતો અને વિપત્તિ પ્રસંગે પડખે ઊભા રહેવાની એમનામાં તાકાત અજબ હતી. સંસ્થાને એમની સલાહની ખરી ખોટ પડી છે. એમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

## શેઠ વાડીલાલ સારાભાઇ

રિપોર્ટવાળા વર્ષમાં સંસ્થાને બાદશાહી સખાવતથી વિભૂષિત કરનાર આ વિવેકી સખાવત કરનાર સજ્જન સંસ્થાને એક લાખની રકમ રોકડી આપી નવા વર્ષની શરૂઆતમાં જ વિલય પામી ગયા. એમની સાદાઇ અવર્ણ્ય હતી અને કોમનો ઉદ્ધાર કેળવણીના પ્રાસાદમાંજ છે એમ તેઓ સમજી ગયા હતા. એમને અંતરથી લાગતું હતું કે સંસ્થાના વિદ્યાર્થીગૃહ સાથે એમનું નામ જોડવામાં સંસ્થાએ બહુ સારૂં પગલું ભર્યું હતું અને એમનું યશસ્વી જીવન વધારે ટક્યું હોત તો તેઓ અનેક રીતે સંસ્થાને પોતાની બનાવત. કરેલ નિર્ણય ફેરવવાની અનેક ખટપટની વચ્ચે એ અડગ વ્યવહારકુશળ અનુભવી સત્ય સમજી શકયા અને સમાજને સમજાવી શકયા એમના જ્વલંત દૃષ્ટાંતનું અનુકરણ એજ એમને માન આપવા તુલ્ય છે. એમની ભાવના પ્રમાણે એમની સુકમાણીનો આખો સદ્વ્યય એમના સંબંધી સલાહકારદ્વારા થયો એજ એમનો પુણ્યયશ બતાવે છે. એમના આત્માને પરમ શાંતિ ઇચ્છીએ છીએ.

## ઉદ્બોધન. અભ્યર્થના. ક્ષમા યાચના.

અનેક બનાવોથી ભરપૂર આ અગિયારમું વર્ષ પૂરૂં થયું. એમાં સંસ્થા કસોટિએ ચઢી, એમાં એ દેવામાંથી મુકત થઇ, એમાં એણે બે કાર્યવાહકો ગુમાવ્યા, એમાં એને એક સાથે લાખ રૂપિયાની અને બાવીશ હજારની સખાવત મળી, એમાં એ ઘરબારવાળી થઇ, એમાં સ્મરણ મંદિર અને જીનમંદિરના પાયા નાખ્યા, એમાં એણે સહૃદય હિતેચ્છુને ચિંતા અને આનંદ, વિશાદ અને પ્રેમ કરાવ્યા અને આટ આટલી વિષમ સ્થિતિ અને આનંદદાયક પ્રસંગો પસાર કરી એ ટકી રહી-એમાં આપના શુભ આંદોલનો, શુભ પ્રેરક ભાવ અને સક્રિય સહાય જેટલાં કારણભૂત હતાં તેટલીજ શાસનદેવ અને ગુરૂદેવની કૃપા કારણીય હતી એમ મુકત કંઠે સ્વીકારતાં અમને આનંદ થાય છે.

અમારી નમ્ર વિજ્ઞપ્તિ છે કે ક્રિયાવાદના ઘુંચવણીઆ સવાલોમાં સમાજને ધકેલી ન દો, ખ્યાલમાં રાખો કે સ્યાદ્વાદ શૈલીમાં ક્રિયામાર્ગને અંગે ઇચ્છા હોય તેવા માર્ગ નીકળી શકે છે. દરેક કાર્ય અને દરેક વિચારમાં આયવ્યયની તુલના કરવાની વાતને શાસ્ત્રકારે પ્રાધાન્ય આપ્યું છે અને કર્મનો બંધ આશય ઉપર છે એમ જણાવ્યું છે. શ્રાદ્ધ વર્ગ પાસે તેમની હદની વાતો કરવી યોગ્ય ગણાય અને તેમાં પણ વર્તમાન પરિસ્થિતિ અને બીજી ઘણી બાબતોનો વિચાર શાંત હૃદયે થાય તો જ સુનિશ્ચિત પરિણામ નીપજાવી શકાય.

કોમની ઉન્નતિના જીજ્ઞાસુએ દુનિઆના સંજોગો જોવા, વિકાસના નિયમોનો અભ્યાસ કરવો, શાસ્ત્રની ચાવીઓ સંપ્રદાય અને અનુભવને આધારે સમજવી અને પછી કોમના અને ધર્મના સવાલો વિચારવા. દેશકાળની શાસ્ત્રીય વ્યવસ્થા અને



પૂર્વ કાળની જૈન સ્થિતિપર વિચાર કરવામાં આવે તો ઘણી ઘુંચો નીકળી જાય તેમ છે અને તેમ નજ કરી શકાય તો અને પોતાને અન્યના વિચાર અનાદરણીય લાગે તો પણ પોતાના જ્ઞાનની અલ્પતા વિચારી શંકા કે મતભેદવાળી બાબત જ્ઞાની મહારાજ ઉપર રાખવી એજ શ્રેયસ્કર છે.

સમાજની સર્વ ઘુંચવણનો નિકાલ અમને કેળવણીના પ્રશ્નના નિકાલમાં લાગે છે. પોતાની જવાબદારી સમજનાર મોટો વર્ગ ઉત્પન્ન થશે ત્યારે પોતાનું હિત કયાં છે અને કેમ સાધી શકાય તે તેઓ શોધી શકશે. શાસ્ત્રના ઊંડા અભ્યાસ, વિચારની ઉદારતા, નિર્માલ્ય બાબતોની ઉપેક્ષા અને સંપ્રદાયના જ્ઞાન સાથે જ્યારે સમાજશાસ્ત્રનો અભ્યાસ બરાબર થશે ત્યારેજ ઉન્નતિના માર્ગ તરફ આપણે વળશું, તેનો રસ્તો વ્યવસ્થા પૂર્વક કેળવણીને માર્ગે પ્રગતિ કરવામાંજ છે. ભણેલ વર્ગ ઉપર આધાર રાખવામાં કદાચ સંકોચ થતો હશે પણ તેના ઉપરજ ભવિષ્યનું મંડાણ છે. કેળવણી કેવી કયાં અને કયારે આપવી એ વિચારવાની જરૂર છે પણ એના વગર નભે તેમ નથી. શાસ્ત્ર સંપ્રદાયનું જ્ઞાન અને વર્તમાન કેળવણીના ઊંડા અભ્યાસ વગર સમાજના ભવિષ્યનાં કેંદ્રો નકકી કરાય તેમ નથી. જરા અગવડ થતાં સલાહ લેવા બહારના માણસો પાસે દોડવું પડે એમાં મજા નથી. આપણે તો આપણા વિચારકો, આપણા ધારાસભાના મેંબરો, મ્યુનિસિપલ મેંબરો. ધારાશાસ્ત્રીઓ, ડાકટરો, ઇજનેરો, વ્યાપારીઓ જોઇએ છે. આપણી કોમમાંથી વ્યાપારસંપત્તિ કેમ ઓછી થાય છે. તે સવાલ ઉપર અત્યારે કમીશન બેસાડવું ઘટે, આપણે રાજકારણમાં કેમ કાંઇ લાગવગ ધરાવતા નથી એ વિચારવું ઘટે, નિર્માલ્ય અને પરિણામ વગરના ઝગડાઓમાં આપણી શકિતનો વ્યય અત્યારે બોજે તેમ નથી. આપણી જવાબદારી મોટી છે અને તેને પહોંચી વળવા આપણે એકમત થવું જોઇએ.

ફરીવાર પુનરાવર્તન કરી કહેવામાં આવે છે કે એ સવ વાતની વિચારણા કેળવણીજ કરશે. આપણી પ્રાચીન બાબતોની શોધખોળ પ્રથક્કરણ કરીને એજ વર્ગ બતાવી શકશે. આપણા માનનીય સિધ્ધાંતોને નવા આકારમાં એજ વર્ગ બતાવી શકશે. શરૂઆતમાં કદાચ જોઇએ તેવું પરિણામ ન દેખાય તોપણ ભવિષ્યનો આધાર એજ વર્ગ ઉપર છે. સર્વદેશીય શાસ્ત્રજ્ઞાન અને વર્તમાન વૈજ્ઞાનિક વિશાળ કેળવણી વગર આપણો આરો નથી. એના પર પ્રહાર કરવા એ આપણી વિચારશકિતની તુલના કરાવે છે. માટે નાની નાની બાબતો છોડી દો, ઘુંચવણ જણાય ત્યાં સહાનુભુતિ રાખી ચર્ચા કરો, કોઇને ઉતારી પાડવાના પ્રયાસ કરવાને બદલે ઊંચે ચઢાવવાના પ્રયાસ કરો, અન્ય પ્રજાઓ કેમ આગળ વધી શકી છે તેનો અભ્યાસ કરો અને જરાપણ ઘુંચવાયા કે વહેમાયા વગર એક કેળવણીના પ્રશ્નને અગ્રસ્થાન આપો. આપને અમે ખાતરી આપીએ છીએ કે એના નિર્ણય સિવાય બીજો માર્ગ નથી અને આપણો વર્તમાન ઇતિહાસ અમને ખેદ સાથે કહેવાની ફરજ પાડે છે કે આપણે હવે એકદમ જાગૃત થવાની જરૂર છે.

અત્યારે સંસ્થાના ખર્ચને અંગે તમારે વિચાર કરવાનો છે, મોટા પાયા ઉપર આ યોજના કેમ વધારાય તે જોવાનું છે, અભ્યાસને પરિણામે થયેલ વિશુધ્ધ શ્રધ્ધાવાળો શિક્ષીત વર્ગ કેમ થાય તે તપાસવાનું અને મોટી યોજનાઓ ઉપાડી કોમનું પચીશ વર્ષ પહેલાં સ્થાન હતું તે જાળવવાનું અને તેમાં વધારો કરવાનું છે. વિચાર કરવાથી હજુ ઉપાય થઈ શકે તેમ છે. આપણી કોમને જે વ્યાધિ લાગ્યો છે તે હજુ અસાધ્ય કોટિમાં ગયો નથી પણ જતો જાય છે કોમનું હિત અને ધર્મનો પ્રસાર આ બે લક્ષ્યબિન્દુ સાધ્યમાં રાખી આગળ પ્રગતિ કરવાની છે. એમાં જે વિઘ્નો આવે તેના ઉપાય કરવા અને ગમે તે ભોગે સાધ્ય ન ચૂકવું એ આપણો સમયધર્મ છે,

સંસ્થાને આપે ખૂબ અપનાવી છે પણ અમારા કોડ હજુ પુરા થયા નથી. પુરા થાય તેમ લાગતું પણ નથી, કારણ કે તમે જેમ અમને અપનાવો છો તેમ અમે અમારા મનોરથોનું સાધ્ય આગળ વધારતા જઇએ છીએ. હજુ જુની શોધખોળનું ખાતું વિશાળ પાયાપર મૂકો અને પછી એને ખરૂં વિદ્યાલય બનાવો. અમારા કાર્યમાં અનેક સ્ખલનાઓ થઈ હશે, તમારી ભાવના પોષવામાં અમે ઉણા પડયા હોઈશું તે સર્વ માટે ક્ષમા ચાહીએ છીએ. અમને એક વર્ષ કાર્ય કરવા તક આપી તે માટે આભાર માની છેવટે આપને વીનવીએ છીએ કે અમે માત્ર કેળવણીના પ્રચારના કાર્યને લક્ષ્યમાં રાખી કાર્ય કર્યું છે અને અમારી વિજ્ઞપ્તિ છે કે આ સંસ્થાને આપ અનેક રીતે સમૃદ્ધ કરી આગળ વધારો એમાં એકંદરે સમાજનું હિત છે, કોમનું ગૌરવ છે, ધર્મની પ્રગતિ છે. આ સંસ્થા શ્રાધ્ધ રત્નો ઉત્પન્ન કરવાની ખાણ છે, રત્નની ખાણ ખોદવાનો વ્યવસાય આદર્યો છે, એમાં પથરા પણ સાંપડશે પણ આપણે તો અમૃત મળે ત્યાં સુધી વીરમવાનું નથી. અને એકાદ અમૂલ્ય હીરો નીકળે તો આપણો પ્રયાસ સિદ્ધ છે. ભાવના ઊંચી હોય તો પરિણામ સારૂંજ આવે છે એ નિર્વિવાદ છે. આપણો પ્રયાસ હીરા ખણી કાઢવાનો છે. ગુરૂદેવકૃપાથી આપણા આ મનોરથ સિદ્ધ થશે એવું ઇચ્છી આપેલ તક માટે આભાર માની અત્ર વિરમીએ છીએ.

**મોતીચંદ ગિરધરલાલ કાપડીયા,**
આ. સેક્રેટરી.

મેનેજીંગ કમિટીએ પસાર કર્યો તા. ૨૮-૧૧-૧૯૨૬.
જનરલ કમિટીએ પસાર કર્યો તા. ૫-૧૨-૧૯૨૬.



આધ્યાત્મિક અધ્યયનનો પ્રદેશ જરા વિશેષ ઉચ્ચ પ્રકારનો છે. કારણ કે એ વિષયજ વિસ્તૃત-કિંબહુના અગાધ હોવાથી તેની મર્યાદા પણ બીજા વિષયો કરતાં અત્યુચ્ચ અને ગહન છે. એટલા માટે તે જે ખરા રસિક, માર્મિક અને અંતઃપ્રવેશક ભોક્તા હશે, તેમને તેમાં અપ્રતિમ અને ઉદાત્ત પ્રકારનું સૌખ્ય ભાસતું હશે. એમાં આશ્ચર્ય જેવું કશું પણ નથી. પ્રત્યેક પ્રવૃત્તિનું અંતિમ ફળ એજ કે, સાર્વકાલિક અને ઉદાત્ત સૌખ્ય મેળવવું, એ જે "બહુ ઉપયોગિત્વ'ના પ્રતિપાદકોનું મત છે, તે પ્રમાણે જોતાં પણ તે લોકોએ એવું એ અપ્રતિમ અને સાત્વિક સુખ મેળવવા માટે ધર્મ પ્રવૃત્તિનો જ વિકાસ અને વિસ્તાર કરવાના પ્રયત્નમાં લીન થવું જોઇએ. એનો સાર શો? કોઇ પણ દ્રષ્ટિએ જોતાં મારા અભિપ્રાય પ્રમાણે 'શાસ્ત્ર' એ સંબંધથી ધર્માધ્યનની આવશ્યકતા, નિર્વિવાદ સિદ્ધ થાય છે. થોડામાં કહેવાનું એજ કે, એ આવશ્યકતા તેથી થતા પરિણામ ઉપરથી સ્પષ્ટ દેખાઇ આવે તેવી છે. મનુષ્યના મનને ગતિ આપનારી તે એક પ્રબળ પ્રેરણા છે. બીજી કોઈ પણ પ્રેરણાથી મનુષ્યના મનમાં એટલા અગાધ બળ અને અશ્રાન્ત ઉત્સાહનો સંચાર થતો નથી, એટલું નહિ, પણ એકંદર માનવી પ્રાણીઓના ઇતિહાસને જોતાં (કેટલાક અવિચારથી કહે છે, તે પ્રમાણે) એ પ્રેરણા દિવસે દિવસે લુપ્ત પ્રાય થવાને બદલે પોતાની કાર્ય શકિતને વધારે અને વધારે પ્રખર અને જાગૃત કરતી જાય છે; એ કોઇના પણ જાણવામાં આવી શકે તેમ છે. ઇતિહાસ જેવી રીતે પ્રાચીન અનુભવોનો સંગ્રહ છે, તેવીજ રીતે અર્વાચીન સંગ્રહ જે લૌકિક વ્યવહાર, સદ્યઃ સ્થિતિ તે પરથી પણ એજ સિધ્ધાન્ત નિષ્પન્ન થાય છે.

\+ \+ \+ \+

પ્રત્યેક મનુષ્યમાં નૈસર્ગિક અને પ્રબળ ઉત્સાહવૃત્તિ તથા કાર્યક્ષમતા તો હોય છે જ, પરંતુ તેનો વિકાસ થવામાં ધાર્મિક બુદ્ધિ જેટલી બીજી કોઇ પણ પ્રેરણા કારણભૂત થતી નથી, એ કાંઇ અદ્વિતીય વસ્તુ છે. તેની સાથે બીજી કોઇ પણ પ્રેરણાનું સામ્ય બતાવી શકાય તેમ નથી જ. પોતાના વર્તનને સારૂં વલણ લગાડવામાં, મહાન્ અને ઉદાત્ત વિષયોને સાધ્ય કરી લેવાની સ્ફુર્તિ થવામાં, સામાજિક સૌખ્ય મેળવવામાં અથવા તો પોતામાં આત્મિક શાંતિને પ્રાપ્ત કરવામાં પ્રત્યેક મહાન્ અને મહત્વના વિષયોમાં માત્ર ધાર્મિક પ્રવૃતિજ આદિ કારણ હોય છે, માટે એજ દ્રષ્ટિથી ધર્મનું અધ્યયન અને પરિશીલન કરવું જોઇએ. આજ પર્યંત ધર્મનો જેવી રીતે સંકુચિત અને વિશિષ્ટ દ્રષ્ટિથી વિચાર કરવામાં આવતો હતો તે પદ્ધતિનો ત્યાગ કરીને, અર્વાચિન પ્રગતિ પ્રમાણે, વિશેષ વ્યાપક અને વિસ્તૃત પાયા પર ધર્મની ઇમારત ઉભી કરવી જોઇએ. પૂર્વની કલહ ઉપજાવનારી નાનીસૂની વાતોને વિચારમાંથી કાઢી નાખવી જોઇએ. પોતાનો વિશિષ્ટ પંથ માત્ર ખરો અને બીજાઓનું બધું જૂઠું, પાખંડ અથવા દંભ એવી દુરાગ્રહ બુધ્ધિ છોડી દેવાનો હવે સમય આવી લાગ્યો છે. એ વિચારો ગત કાળના હતા અને તે કાળમાં તે સાહજિક હતા, પણ હવે પછી તેમનો નિભાવ થવો શકય નથી. એટલા માટે તેમનો ત્યાગ કરવો, એજ અત્યંત યુકત અને આવશ્યક છે.

**વિવેકાનંદ વિચારમાળા.—જ્ઞાન યોગ.**

## પરિશિષ્ટ નં. ૧. (ચાલુ)

## સને ૧૯૨૫-૨૬ ના જૂના વિદ્યાર્થીઓનું વિગતવાર પત્રક તથા અભ્યાસનું પરિણામ વિગેરે.

| નંબર. | જનરલ રજીસ્ટર નંબર. | તારીખ. | નામ. | ન્યાત. | વતન. | જીલ્લો. | પેઇંગ કે ફ્રી. | અભ્યાસ | કોલેજ. | ધાર્મિક પરિક્ષાનું પરિણામ. | | યુ. અથવા કોલેજ પરીક્ષાનું પરિણામ. | | રિમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | પાસ કે નાપાસ. | ૧૦૦માં માર્કસ. | પાસ કે નાપાસ. | કલાસ. | |
| ૧ | ૭૬ | ૧૯-૬-૧૯ | શાહ અંબાલાલ જેઠાલાલ | દશા પોરવાડ | વસો | વડોદરા | ફ્રી. | એમ.બી બી એસ. વર્ષ ૫ | ગ્રાંડ. મે. | ... | ... | નાપાસ | ... | છોડી ગયા |
| ૨ | ૫૭ | ૨૩-૬-૧૮ | શાહ હિંમતલાલ હીરાલાલ | વિશા પોરવાડ | પેથાપુર | અમદાવાદ | પેઇંગ A | ,, | ,, | ... | ... | ,, | ... | |
| ૩ | ૯૦ | ૨૦-૬-૨૦ | શાહ અમીચંદ જેઠાલાલ | દશા શ્રીમાળી | વઢવાણ કેમ્પ | કાઠીયાવાડ | ફ્રી. | ,, | ,, | ... | ... | પાસ | ... | ગ્રે. થયા |
| ૪ | ૧૦૦ | ૩-૭-૨૧ | ભંડારી રોશનસિંહ માલમસિંહ | વિશા ઓસવાળ | ઉદેપુર | મવાડ | ,, | ,, | ,, | . | ... | ,, | સેકન્ડ | ,, |
| ૫ | ૮૪ | ૨૦-૬-૨૦ | મહેતા ભગવાનજી મનસુખલાલ | વિશા શ્રીમાળી | મોરબી | કાઠીયાવાડ | ,, | ,, | ,, | પાસ | ૭૬ | ,, | ,, | ,, |
| ૬ | ૯૫ | ૨૫-૬-૨૧ | દોશી માલમસિંહ ભારમલ | વિશા ઓસવાળ | ઉદેપુર | મેવાડ | ,, | ,, | ,, | ... | ... | નાપાસ | ... | ૧ ગ્રૃપ મળ્યું. |
| ૭ | ૯૩ | ૧૬-૬-૨૧ | દોશી ગાંડાલાલ અંદરજી | દશા શ્રીમાળી | વરસડા | કાઠીયાવાડ | ,, | ,, | ,, | ,, | ૫૩ | ... | ... | |
| ૮ | ૧૪૩ | ૧૩-૬-૨૪ | સુતરીઆ છોટાલાલ શંકરભાઇ | પટેલ | નડીઆદ | ખેડા | ,, | ,, ૪ થું. | ,, | ,, | ૪૮ | ... | ... | |
| ૯ | ૧૩૧ | ૧૫-૧૦-૨૨ | શાહ વસનજી શીવજી | વિશા ઓસવાળ | માંડવી | કચ્છ | પેઇંગ B | એલ સી પી એસ. વર્ષ ૩ | નેશનલ મે. | ,, | ૫૫ | ,, | .. | છોડી ગયા |
| ૧૦ | ૧૪૫ | ૧૨-૬-૨૪ | શાહ શાંતિલાલ ભોળાભાઇ | દશા શ્રીમાળી | અમદાવાદ | ... | ફ્રી. | ,, વર્ષ ૨ | .. | | માંદગીને | લીધે | બેઠા | નહિં. |
| ૧૧ | ૧૨૬ | ૧૮-૬-૨૨ | શાહ ચંપકલાલ ડાહ્યાભાઇ | વિશા શ્રીમાળી | પાટણ | ... | પેઇંગ B | પહેલી એલ.એલ બી | લૉ સ્કુલ. | ,, | ૬૬ | પાસ | સેકન્ડ | છોડી ગયા |
| ૧૨ | ૧૩૦ | ૨૧-૭-૨૨ | દોશી ઉમેદચંદ વાલજી | ,, | મહુવા | કાઠીયાવાડ | ફ્રી. | એમ બી બી એસ. વર્ષ ૧ | જી એસ. મે. | ,, | ૩૬ | .... | ... | |
| ૧૩ | ૧૩૬ | ૧૮-૬-૨૩ | શાહ વાડીલાલ મોકમચંદ | ,, | અમદાવાદ | ... | ,, | સીનીયર બી એ. | વીલ્સન | ,, | ૫૪ | ,, | ,, | ગ્રે. થયા LLBનો અ.ચા. |
| ૧૪ | ૧૩૫ | ૧૮-૬-૨૩ | બદામી પ્રસન્નમુખ સુરચંદ | ,, | સુરત | ... | પેઇંગ B | ,, | ,, | ,, | ૭૫ | ,, | ફર્સ્ટ | ગ્રે. થયા LLB તથા BSCનો અ ચા |
| ૧૫ | ૧૨૮ | ૧૬-૬ ૨૨ | શાહ મોહનલાલ હીરાચંદ | ,, | પાટણ | ... | પેઇંગ. B. | ,, | ,, | ., | ૫૬ | નાપાસ | ... | |
| ૧૬ | ૧૦૦ | ૨૫-૬-૨૧ | શાહ અમૃતલાલ જેહાભાઇ | દશા પોરવાડ | વસો | વડોદરા | ફ્રી. | સીનીયર બી કોમ. | સીડનહામ | ... | ... | પાસ | ... | ગ્રે થયા |
| ૧૭ | ૧૧૨ | ૨૧-૬-૨૨ | શાહ મણીલાલ માણેકચંદ | વીશા નીમા | મહુધા | ખેડા | ,, | જુનીયર બી.કોમ. | ,, | ,, | ૪૬ | .. | ... | |
| ૧૮ | ૧૩૨ | ૨૧-૬-૨૩ | સંઘવી ચીમનલાલ હીંમતલાલ | વીશા પોવાડ | પાટણ | ... | પેઇંગ. B. | ઇંટર આર્ટસ. | વીલ્સન | ,, | ૪૪ | ... | ... | |
| ૧૯ | ૧૧૯ | ૧૮-૬-૨૨ | શાહ ઇશ્વરલાલ સોમચંદ | દશા પોરવાડ | ખેડા | .. | ,, | જુનીયર બી.એ. | ,, | ,, | ૪૯ | ... | ... | છોડી ગયા |
| ૨૦ | ૧૪૦ | ૧૪-૬-૨૪ | શાહ હરગોવન વીરપાલ | દશા શ્રીમાળી | વણા | કાઠીયાવાડ | ,, | ,, | ,, | ,, | ૫૪ | ... | ... | |
| ૨૧ | ૧૪૬ | ૧૭-૬-૨૪ | મહેતા શાંતિલાલ ગંભીરદાસ | વીશા શ્રીમાળી | વળા | ,, | ફ્રી | બી.ઇ (પહેલું) | ઇં. પુના | ... | ... | ,, | સેકન્ડ | |
| ૨૨ | ૧૩૪ | ૧૮-૬-૨૩ | બદામી જયંતીલાલ સુરચંદ | ,, | સુરત | ... | પેઇંગ B | જુનીયર બી.એસ સી. | એલફીન્સ્ટન | ,, | ૬૮ | ... | ... | |
| ૨૩ | ૧૩૯ | ૧૬-૪-૨૪ | શાહ ચતુરદાસ મોહનલાલ | દશા શ્રીમાળી | ધ્રાંગધ્રા | કાઠીયાવાડ | ફ્રી. | બી ઇ પહેલું. | ઇં કરાંચી | ... | ... | ,, | ,, | |
| ૨૪ | ૧૧૯ | ૧૮-૬-૨૨ | કાપડીયા ઇશ્વરલાલ સોમચંદ | દશા પોરવાડ | ખેડા | ... | , | એલ એમ ઇ. ૪ થું. | વી.જે ટી ઇ | ,, | ૫૩ | , | ... | |
| ૨૫ | ૧૪૮ | ૧૯-૬-૨૨ | શાહ રતિલાલ મોતીલાલ | ,, | ખેડા | ... | ,, | ઇંટર આર્ટસ | સે ઝેવીઅર | નાપાસ | ૨૪ | નાપાસ | ... | છોડી ગયા |
| ૨૬ | ૧૪૧ | ૧૪-૬-૨૪ | શાહ હિંમતલાલ શામલદાસ | વીશા નીમા | મહુધા | ખેડા | ,, | ઇંટર સાયન્સ | વીલ્સન | ,, | ૨૪ | ,, | ... | |
| ૨૭ | ૧૪૯ | ૧૮-૫-૨૪ | વોરા શાંતિલાલ છોટાલાલ | દશા શ્રીમાળી | સાયલા | કાઠીયાવાડ | ,, | ઇંટર આર્ટસ | ,, | | ... | .. | ... | છોડી ગયા |
| ૨૮ | ૧૫૧ | ૧૭-૬-૨૪ | પટની બાબુલાલ ભુખણદાસ | ,, | એવલા | નાસિક | ,, | ,, | એલફીન્સ્ટન | પાસ | ૪૫ | ,. | ... | |
| ૨૯ | ૧૨૫ | ૧૮-૬-૨૨ | ધ્રુવ જીવરાજ અમરસી | ,, | વઢવાણ કેમ્પ | કાઠીયાવાડ | ,, | એમ.બી બીએસ. ૧ લું. | ગ્રાંટ. મ. | ,, | ૪૯ | ... | ... | |
| ૩૦ | ૧૩૭ | ૨-૭-૨૩ | શાહ ગોરધનદાસ ફુલચંદ | ,, | જુનાગઢ | ,, | ,, | બી ઇ. ૩ જું. | ઇં. પુના | ... | ... | પાસ | સેકન્ડ | ગ્રે. થયા |
| ૩૧ | ૧૧૩ | ૨૧-૬-૨૨ | શાહ મણિલાલ ચુનીલાલ | વીશા નીમા | મહુધા | ખેડા | ,, | બી. ઇ. ૨ જું. | ,, | ... | ... | ,, | ,, | |
| ૩૨ | ૧૩૮ | ૧૪-૭-૨૩ | શેઠ જેઠાલાલ મુલજી | દશા શ્રીમાળી | વાંકાનેર | કાઠીયાવાડ | ,, | ઇન્ટિર સાયન્સ. | વીલ્સન | ,, | ૪૭ | નાપાસ | ... | રદ કર્યા |

પરિશિષ્ટ

## સને ૧૯૨૫-૨૬ ના જુના વિદ્યાર્થીઓનું વિગતવાર

| નંબર. | જનરલ રજીસ્ટર નંબર. | તારીખ. | નામ. | ન્યાત. | વતન. | જીલ્લો. |
|---|---|---|---|---|---|---|
| ૩૩ | ૧૭૨ | ૨૫-૮-૨૪ | બોહરા અમરસીંહ કેસરીમલ | દશા ઓસવાળ | સીતામૌ | C. P |
| ૩૪ | ૧૫૩ | ૧૬-૬-૨૫ | શાહ ધનજીભાઈ ત્રીકમદાસ | દશા શ્રીમાળી | ત્રેહલાલ | અમદાવાદ |
| ૩૫ | ૧૫૪ | ૧૭-૬-૨૫ | શાહ મોહનલાલ લલ્લુભાઈ | વીશા ઓસવાળ | બાળાસીનોર | રેવાકાંઠા |
| ૩૬ | ૧૫૫ | ૧૭-૬-૨૫ | શાહ ચંદુલાલ ગીરધરલાલ | દશા શ્રીમાળી | વળાદ | અમદાવાદ |
| ૩૭ | ૧૫૬ | ૧૮-૬-૨૫ | શાહ વાડીલાલ કમળશી | વીશા ,, | દેડાદ્રા | કાઠીયાવાડ |
| ૩૮ | ૧૫૭ | ૧૯-૬-૨૫ | શાહ પ્રાણજીવન વનેચંદ | ,, | મોરબી | ,, |
| ૩૯ | ૧૫૮ | ૧૨-૬-૨૫ | શાહ અમીચંદ ચતુરભુજ | ,, | વઢવાણ કેમ્પ | ,, |
| ૪૦ | ૧૫૯ | ૨૦-૬-૨૫ | વોરા નીમજી જશરાજ | ,, | લીંબડી | ,, |
| ૪૧ | ૧૬૦ | ૨૦-૬-૨૫ | શાહ શાંતિલાલ ઉમેદચંદ | ,, | લીંબડી | ,, |
| ૪૨ | ૧૬૧ | ૨૦-૬-૨૫ | શાહ બબાભાઇ કસ્તુરચંદ | ,, | ગુંજાળા | વીરમગામ |
| ૪૩ | ૧૬૨ | ૨૨-૬-૨૫ | શાહ શાંતિલાલ કસ્તુરચંદ | દશા શ્રીમાળી | વઢવાણ કેમ્પ | કાઠીયાવાડ |
| ૪૪ | ૧૬૩ | ૨૨-૬-૨૫ | શેઠ દુર્લભજી હરખચંદ | ,, | રાજકોટ | ,, |
| ૪૫ | ૧૬૪ | ૨૨-૬-૨૫ | દોશી લાલચંદ ગાંડાલાલ | વીશા ,, | ધુળ | ,, |
| ૪૬ | ૧૬૫ | ૨૫-૬-૨૫ | શેઠ ચીમનલાલ ચુનીલાલ | દશા પોરવાડ | ખેડા | ... |
| ૪૭ | ૧૬૬ | ૨૨-૬-૨૫ | શાહ હરીલાલ ચીમનલાલ | ,, | ખેડા | ... |
| ૪૮ | ૧૬૭ | ૨૬-૬-૨૫ | ભંડારી કીશનસીંહ તેજસીંહ | વીશા ઓસવાળ | બનેરા | મેવાડ |
| ૪૯ | ૧૬૮ | ૨૫-૬-૨૫ | શેઠ ચીમનલાલ ભાઇલાલ | વીશા ઓસવાળ | ખેડા | ... |
| ૫૦ | ૧૬૯ | ૨૫-૬-૨૫ | કોઠારી ફતેહલાલ સાહેબલાલ | દશા પોરવાડ | ઉદેપુર | મેવાડ |
| ૫૧ | ૧૭૦ | ૨૫-૬-૨૫ | વસા લીલાધર કેવળચંદ | વીશા શ્રીમાળી | પાટણવાવ | કાઠીયાવાડ |
| ૫૨ | ૧૭૧ | ૩૦-૬-૨૫ | દોશી પ્રેમચંદ ગુલાબચંદ | ,, | તરેડ પ્ર. મહુવા | ,, |
| ૫૩ | ૧૭૩ | ૧-૧૧-૨૫ | સંઘવી ત્રંબકલાલ ડાહ્યાભાઈ | દશા શ્રીમાળી | રાજકોટ | ,, |
| ૫૪ | ૧૭૪ | ૧૨-૧૧-૨૫ | શાહ રસીકલાલ ચીમનલાલ | ,, | અમદાવાદ | |
| ૫૫ | ૧૭૫ | ૧૪-૧૧-૨૫ | મોદી ભગુભાઇ નાનચંદ | દશા પોરવાડ | ખેડા | ... |
| ૫૬ | ૧૭૬ | ૧૬-૧૧-૨૫ | શાહ રમણલાલ જેઠાલાલ | ,, | ખેડા | ... |
| ૫૭ | ૧૭૭ | ૧૦-૧૦-૨૪ | બાવીસી વાડીલાલ મગનલાલ | દશા શ્રીમાળી | ચોકડી | કાઠીયાવાડ |
| ૫૮ | ૧૭૮ | ૩-૧૨-૨૫ | શાહ ગાંડાભાઈ કસ્તુરચંદ | વીશા પોરવાડ | નવસારી | ... |

૩૮ પરિક્ષામાં બેઠા.

૧૪ પરિક્ષા નહિ.

૬ વિદ્યાલય છોડી ગયા પરિક્ષા થતા પહેલાં

૫૮



નં. ૧

## પત્રક તથા અભ્યાસનું પરિણામ વિગેરે.

| પેઇંગ કે ફ્રી. | અભ્યાસ. | કૉલેજ | ધાર્મિક પરિક્ષાનું પરિણામ. | | યુ. અથવા કાલેજ પરીક્ષાનું પરિણામ | | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|
| | | | પાસ કે નાપાસ. | ૧૦૦ માર્કસ | પાસ કે નાપાસ | કલાસ. | |
| ,, | ઇન્ટર આર્ટ્સ. | ,, | ,, | ૫૫ | પાસ | ... | |
| પેઇંગ B | ઇન્ટર કોમર્સ. | સીડનહામ | ,, | ૩૫ | નાપાસ | ... | |
| ફ્રી. | પ્રીવીયસ | વીલ્સન | ,, | ૪૨ | પાસ | સેકન્ડ | |
| ,, | એલ સી.પી એસ. ૧ લું | નેશનલ મે. | ,, | ૫૧ | ,, | ... | |
| ,, | એમ.બી બી એસ. ૧ લું. | ગ્રાંટ. મે. | ,, | ૩૭ | ... | ... | |
| ,, | પ્રીવીયસ | એલ્ફીન્સ્ટન | ,, | ૫૨ | ,, | સેકન્ડ | |
| ,, | જુનીયર બી એ. | વીલ્સન | ,, | ૪૧ | ... | ... | |
| ,, | પ્રીવીયસ | ,, | ,, | ૪૨ | નાપાસ | ... | |
| ,, | ,, | ,, | , | ૩૮ | પાસ | ... | |
| ,, | ઇન્ટિર સાયન્સ | ,, | વિ.છોડ | યું પરિ | ક્ષામાં બેઠાં | નહિં. | રદ કર્યા. |
| ,, | પ્રીવીયસ | ,, | નાપાસ | ૨૪ | નાપાસ | ... | |
| ,, | જુનીયર બી. એ. | ,, | પાસ | ૪૫ | ... | ... | |
| ,, | ઇન્ટિર કોમર્સ | સીડનહામ | ,, | ૪૮ | ,, | ... | |
| પેઇંગ B | બી. ટી. | સે. ટ્રે કો. | ... | ... | પાસ | ... | |
| ફ્રી. | પ્રીવીયસ | વીલ્સન | નાપાસ | ૨૩ | નાપાસ | ... | |
| ,, | ,, | એલ્ફીન્સ્ટન | | ... | અભ્યાસ | છોડી ગયા | |
| ,, | ઇન્ટર આર્ટ્સ | વીલસન | પાસ | ૩૬ | પાસ | .. | |
| ,, | પ્રીવીયસ | એલ્ફીન્સ્ટન | ... | ... | અભ્યાસ | છોડી ગયા | |
| ,, | ઇન્ટિર આર્ટ્સ | વીલસન | ,, | ૩૪ | નાપાસ | ... | |
| ,, | પ્રીવીયસ | ,, | ... | ... | ... | ... | |
| ,, | બી.ઇ. પહેલું. | ઇં. પુના | ... | ... | પાસ | સેકન્ડ | બીજી ટર્મ-માં દા. કર્યા. |
| પેઇંગ B | એમ.બી બી.એસ. ૧ લું. | ગ્રાંટ મે. | ... | ... | ... | ... | ,, |
| ,, | ,, | ,, | ... | ... | ... | ... | ,, |
| ,, | જુનીયર બી એ. | સેંટઝેવીયર | ... | ... | ... | ... | ,, |
| ફ્રી. | બી. ઇ. પહેલું. | કરાંચી | ... | .. | પાસ | સેકન્ડ | ,, |
| પેઇંગ A | સીનીઅર બી એ. | વીલસન | ... | ... | નાપાસ | ... | ,, |

૨૨ પાસ ૧ ફર્સ્ટ કલાસ ૧૨ સેકન્ડ કલાસ ૮ ગ્રેજ્યુએટ થયા

૧૬ નાપાસ

૩૮

## પરિશિષ્ટ નં. ૩.

### સને ૧૯૨૪-૨૫ ના જુના વિદ્યાર્થીઓનું ન્યાત તથા અભ્યાસ ક્રમ પત્રક (જુના.)

| અભ્યાસવાર. | સંખ્યા | પેઇંગ. | ફ્રી. | જુના. | જીલ્લાવાર. | કુલ. | ન્યાતવાર. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|
| એમ. બી. બી એસ. ૫ મું ... ... | ૭ | ૧ | ૬ | ૭ | કાઠીયાવાડ | ૨૪ | વીશા શ્રીમાળી | ૧૩ |
| ,, ૪ થું ... ... | ૧ | ... | ૧ | | વડોદરા સ્ટેટ | ૨ | દશા શ્રીમાળી | ૨૨ |
| ,, ૧ લું ... ... | ૫ | ૨ | ૩ | | સુરત | ૨ | વીશા ઓસવાળ | ૪ |
| એલ. સી. પી. એસ. ૩ જું ... ... | ૧ | ૧ | ... | | અમદાવાદ } ગુજરાત ૨૬ | ૬ | દશા ઓસવાળ | ૨ |
| ,, ૨ જું ... ... | ૧ | . | ૧ | | ખેડા | ૧૨ | વીશા પોરવાડ | ૮ |
| ,, ૧ લું ... ... | ૧ | .. | ૧ | | પાટણ | ૩ | દશા પોરવાડ | ૫ |
| સીનીયર બી એ. ... ... | ૪ | ૩ | ૧ | | નવસારી | ૧ | વીશા નીમા | ૩ |
| જૂનીયર બી એ ... ... | ૫ | ૩ | ૨ | | મેવાડ (રજપુતાના) | ૪ | પટેલ | ૧ |
| ઇન્ટર આર્ટસ ... ... ... | ૭ | ૧ | ૬ | | કચ્છ | ૧ | | |
| પ્રીવીઅસ ... ... ... | ૯ | ... | ૯ | | નાશીક (દક્ષીણ) | ૧ | | |
| જુનીયર બી એસ. સી ... ... | ૧ | ૧ | ... | | સીતામૈ | ૧ | | |
| ઇન્ટર સાયન્સ ... ... ... | ૩ | ... | ૩ | | રેવાકાંઠા | ૧ | | |
| સીનીયર બી કોમ. ... .. | ૧ | | ૧ | | | | | |
| જુનીયર બી કોમ. ... ... | ૧ | ... | ૧ | | | | | |
| ઇન્ટર કોમર્સ ... ... ... | ૨ | ½ | ૧ | | | | | |
| એલ. એલ. બી. ૧ લું ... ... | ૧ | ૧ | ... | | | | | |
| બી ઇ. ૩ જું ... ... ... | ૧ | ... | ૧ | | | | | |
| ,, ૨ જું .. ... .. | ૧ | ... | ૧ | | | | | |
| ,, ૧ લું ... ... ... | ૪ | ... | ૪ | | | | | |
| એલ એમ. ઈ. ૪ થું ... ... | ૧ | ૧ | ... | | | | | |
| બી. ટી. ... ... ... | ૧ | ૧ | | | | | | |
| કુલ... | ૫૮ | ૧૬ | ૪૨ | | કુલ... | ૫૮ | કુલ... | ૫૮ |

## પરિશિષ્ટ નં. ૪.

### સને ૧૯૨૬-૨૭ના જુના તથા નવા વિદ્યાર્થીઓની ન્યાત, અભ્યાસ તથા જીલ્લાવાર પત્રક.

| અભ્યાસવાર. | સંખ્યા | પેઇંગ. | ફ્રી | જુના. | નવા. | જીલ્લાવાર. | કુલ. | જ્ઞાતિવાર. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| એમ. બી. બી. એસ. ૫મું વર્ષ ... | ૬ | ૦ | ૬ | ૬ | ૦ | કાઠીઆવાડ | ૩૦ | વીશા શ્રીમાળી | ૧૯ |
| ,, ૨જું ... | ૫ | ૨ | ૩ | ૪ | ૧ | વડોદરા સ્ટેટ | | દશા શ્રીમાળી | ૨૨ |
| એલ. સી. પી. એસ. ૨જું ... | ૨ | ૦ | ૨ | ૨ | ૦ | સુરત | ૩ | વિશા ઓસવાળ | ૬ |
| સીનીયર બી. એ. ... | ૪ | ૨ | ૨ | ૪ | ૦ | અમદાવાદ } ગુજરાત | ૫ | દશા ઓસવાળ | ૧ |
| જુનીયર બી. એ. ... | ૩ | ૧ | ૨ | ૩ | ૦ | ખેડા | ૯ | વીશા પોરવાડ | ૧ |
| ઇન્ટર આર્ટસ ... | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | પાટણ | ૨ | દશા પોરવાડ | ૫ |
| પ્રીવીઅસ ... | ૧૬ | ૬ | ૧૦ | ૩ | ૧૩ | પાલનપુર | ૧ | વિશા નીમા | ૩ |
| સીનીયર બી. એસ. સી. ... | ૨ | ૨ | ૦ | ૨ | ૦ | મેવાડા (રજપુતાના) | ૨ | પટેલ | ૧ |
| જુનીયર બી. એસ. સી. ... | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | કચ્છ | ૨ | | |
| ઇન્ટર સાયન્સ ... | ૨ | ૦ | ૨ | ૨ | ૦ | નાશીક (દક્ષીણ) | ૧ | | |
| સીનીયર બી. કોમર્સ .... | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | માળવા | ૨ | | |
| ઇન્ટર કોમર્સ ... | ૩ | ½ | ૨ | ૩ | ૦ | રેવાકાંઠા | ૧ | | |
| એલ. એલ. બી. ... | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | | | | |
| બી. ઈ. ૩જું ... | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | | | | |
| ,, ૨જું ... | ૪ | ૦ | ૪ | ૪ | ૦ | | | | |
| ,, ૧લું ... | ૨ | ૦ | ૨ | ૦ | ૨ | | | | |
| સેનીટરી એન્જીનીયરીંગ .. | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | | | | |
| ઇલેકટ્રીક ,, ... | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | | | | |
| કુલ. | ૫૮ | ૧૬ | ૪૨ | ૩૯ | ૧૯ | કુલ. | ૫૮ | કુલ. | ૫૮ |

## પરિશિષ્ટ નં. ૭.

## સંસ્થામાં રહી કોલેજોમાં અભ્યાસ કરી બહાર પડેલા ગ્રેજ્યુએટો.

| વર્ષ. | નામ | ડીગ્રી. | પેઇંગ કે ફ્રી. | હાલમાં તેઓ શું કરે છે. |
|---|---|---|---|---|
| માર્ચ ૧૯૧૬ | મોદી રમણીકલાલ મગનલાલ | બી. એ. (ઓનર્સ) | પેઇંગ | મહાત્મા ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમમાં |
| ,, | શાહ હીરાલાલ મંછાચંદ | ,, | ,, | સોલીસીટર |
| માર્ચ ૧૯૧૭ | શાહ ઓધવજી ધનજી | ,, | ફ્રી. | .. |
| ,, | મહેતા મનજી ધરમશી | બી. એ. | ,, | જુનાગઢ વકીલાત |
| માર્ચ ૧૯૧૮ | મોદી ચંદુલાલ સારાભાઇ | બી. એ. (ઓનર્સ) | પેઇંગ | વ્યાપાર મુંબઇમાં |
| ,, | શાહ રતિલાલ હીરાચંદ | બી. એ | ,, | લાલભાઈ દલપતભાઇની મીલમાં |
| ,, | ,, અંબાલાલ ચતુરભાઇ | બી. એ. (ઓનર્સ) | ફ્રી. | સુરત રાષ્ટ્રીય કોલેજમાં |
| ,, | ,, ચુનીલાલ જીવરાજ | બી કોમ. | ,, | રૂની દલાલી |
| માર્ચ ૧૯૧૯ | પારેખ ચીમનલાલ મોતીલાલ | બી. કોમ. (સે ક્લાસ) | ,, | ઇન્ટર ઇન્ડીઆ કોટન એસોસીએશનમાં હેડ કલાર્ક |
| ,, | શાહ ચીમનલાલ દલસુખભાઇ | ,, | ,, | ગુજરાત વિદ્યાપાઠમાં |
| ,, | ,, અંબાલાલ માણેકલાલ | બી એ. | ,, | આફ્રીકામાં નોકરી |
| ,, | જસાણી રતિલાલ માણેકલાલ | ,, | ,, | બી. એ. એલ એલ. બી. પાસ |
| માર્ચ ૧૯૨૦ | શાહ છગનલાલ નાનચંદ | બી, કોમ | ,, | વ્યાપાર મુંબઇ |
| ,, | ,, હીરજી શીવજી | .. | પેઇંગ | |
| ,, | ,, નગીનદાસ જગજીવનદાસ | બી. એ. પી એચ. ડી. (ઓનર્સ) | ફ્રી. | પ્રોફેસર સીડનહામ કોલેજ |
| ,, | શાહ મયાભાઇ ઠાકરસી | બી. એ. | ,, | બીકાનેર જૈન પાઠશાળાના હેડ માસ્તર |
| ,, | શાહ ગોવીંદજી ઉજમશી | ,, | ,, | વકીલાત અમદાવાદ કોર્ટ |
| ,, | પારેખ ભાઇલાલ બેચરદાસ | ,, | ,, | સાદરા પોલીસ સુ. ઓ. dead |
| ,, | શેઠ ચીમનલાલ ચુનીલાલ | ,, | ,, | ખેડા એડવર્ડ મેમોરીયલ હાઇ સ્કુલમાં સાયન્સ ટીચર |
| ,, | પારેખ અંબાલાલ લલુભાઈ | બી. એસ. સી. | પેઇંગ | એક્સપોર્ટ ઇમ્પોર્ટ મરચન્ટ |
| ઓ. ૧૯૨૦ | શાહ ગોવીંદચંદ ઝવેરચંદ | બી. એ. | ,, | |
| માર્ચ ૧૯૨૧ | ,, ખીમચંદ ઝવેરચંદ | ,, | ફ્રી | વકીલાત સુરત |
| માર્ચ ૧૯૨૧ | શાહ મોહનલાલ પીતાંબર | ,, | પેઇંગ | ખાનગી ધંધો |
| ,, | શાહ દલસુખભાઇ મહીજીભાઇ | ,, | ફ્રી. | રંગુનમાં નોકરી |
| ,, | લાઠીયા નાગજી કલ્યાણજી | ,, | ,, | મુંબઇમાં નોકરી |
| ,, | દલાલ હીરાલાલ હાલચંદ | બી એ. બી. | પેઇંગ | અમદાવાદમાં વકીલાત |
| ,, | શાહ દીપચંદ જીવણ | એસ. સી. | ફ્રી. | ભાવનગર હાઈ સ્કુલમાં સાયન્સ ટીચર |



| વર્ષ. | નામ. | ડીગ્રી. | પેઇંગ કે ફ્રી. | હાલમાં તેઓ શું કરે છે. |
|---|---|---|---|---|
| માર્ચ ૧૯૨૧ | કાપડીયા નરોતમદાસ ચુનીલાલ | એમ. બી. બી એસ. | ફ્રી | વઢવાણ કેમ્પમાં ખાનગી દવાખાનું |
| ,, | કોઠારી સૌભાગ્યચંદ ખીમચંદ | બી. ઇ. | ,, | બી. એસ. રેલ્વેમાં ઇન્જનેર |
| ,, | શાહ મોહનલાલ હાથીભાઇ | એમ. બી. બી એસ. | ,, | લખતર સ્ટેટના મેડીકલ ઓફીસર |
| આ. ૧૯૨૧ | સંઘવી મોતીલાલ છગનલાલ | ,, | ,, | ખાનગી દવાખાનું મુંબઇ |
| માર્ચ ૧૯૨૨ | શાહ પોપટલાલ ડાહ્યાભાઈ | બી. એ. | પેઇંગ | એલ એલ. બી. ની વકીલાત પાટણ |
| ,, | પારેખ છગનલાલ જીવણ | બી, ઇ. | ફ્રી. | ભાવનગર સ્ટેટ પી. ડબ્લ્યુ. ડી. માં આસીસ્ટન્ટ ઇન્જનેર |
| ,, | કાપડીઆ લખમીચંદ ચુનીલાલ | ,, | ,, | કરાંચીમાં ઇન્જનેર |
| આ. ૧૯૨૨ | ,, ત્રીભોવનદાસ છોટાલાલ | એમ બી બી. એસ. | ,, | ખાનગી દવાખાનું આમોદ |
| ,, | શાહ નેણસી દેવકરણ | ,, | , | વીરમગામમાં ખાનગી દવાખાનું |
| ,, | શાહ મોહનલાલ હેમચંદ | ,, | ,, | મુંબઇમાં ,, |
| ,, | દલાલ અમ્રતલાલ જેસંગભાઇ | બી. કોમ | પેઇંગ | ખાનગી ધંધો અમદાવાદ |
| આ ૧૯૨૩ | દોશી માલમસિંઘ ભારમલ | બી એસ સી | ફ્રી. | એમ. બી. બી. એસ નો અભ્યાસ |
| માર્ચ ૧૯૨૪ | ,, સૌભાગ્યચંદ ઉમેદચંદ | બી એ, (ઓનર્સ) | પેઇંગ | એલ. એલ. બી. સોલીસીટરનો અભ્યાસ |
| ,, | ગુગળીઆ ખુબચંદ વચ્છરાજ | એમ બી બી એસ. | ફ્રી. | ખાનગી દવાખાનું પાયધુની |
| માર્ચ ૧૯૨૫ | શેઠ અમ્રતલાલ ઉજમશી | ,, | ,, | દવાખાનું આફ્રીકા યુગેન્ડા |
| ,, | પટેલ મોરારજી મોતીચંદ | ,, | ,, | ખાનગી દવાખાનુ બોટાદ |
| ,, | શાહ ચંપકલાલ ડાહ્યાભાઈ | બી. એ. | પેઇંગ | એલ એલ બી. નો અ. સોલીસીટરનો અભ્યાસ |
| ,, | સરૂપરિઆ હિંમતસીંઘજી જી. | બી એસ. સી. | ફ્રી | એમ એસ. સી. નો અભ્યાસ અલ્હાબાદ યુનીવરસીટી |
| ,, | શાહ ગોરધનદાસ ફુલચંદ | બી. ઇ | ,, | |
| ,, | તાલે સોભાગ્યચંદ ચંદનમલજી | બી એ જી. | ,, | |
| ,, | શાહ અમીચંદ જેઠાલાલ | એમ. બી. બી. એસ. | , | પોષ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસ |
| ,, | ભંડારી રોશનસીંહ માલમસીંહ | ,, | ,, | , ,, .. રજીસ્ટર |
| ,, | મહેતા ભગવાનજી મનસુખરામ | .. | ,, | ,, ,, ,, વિદ્યાલયમાં |
| ,, | બદામી પ્રસન્નમુખ સુરચંદ | બી એ (ઓનર્સ ફ્રસ્ટ ક્લાસ | પેઇંગ B | એલ એલ બી પહેલી તથા બી. એસ. સી (વિદ્યાલયમાં) |
| ,, | શાહ વાડીલાલ મોહકમચંદ | બી એ. ઓ (સેકન્ડ કલાસ | ફ્રી | એલ. એલ. બી પહેલી ,, |
| ,, | શાહ અમ્રતલાલ જેઠાલાલ | બી. કોમ | ,, | આગળ અભ્યાસ માટે પ્રયાસ |
| ,, | કાપડીયા ઇશ્વરલાલ સોમચંદ | એલ. એમ ઈ | , | સાસુનડેવીડ કાપડની મીલમાં ઉમેદવારી |

તા. કઃ—કુલ સંખ્યા ૪૭ તેમાં ૩૪ ફ્રી (લોન) અને ૧૩ પેઇંગ.

પરિશિષ્ટ નં. ૮.

## વિદ્યાર્થી લોન ફંડમાં અને ૧૯૨૫-૨૬ માં વસુલ આવ્યા.

રૂ. ૭૧૫૫ાા- અગાઉ વસુલ થયેલા. જુઓ દશ વર્ષના રિપોર્ટનું (પરિશિષ્ટ નં. ૮

| | |
|---|---|
| ૧૯૫ | શાહ ચુનીલાલ જીવરાજ |
| ૩૦૦ | કાપડીઆ ત્રીભોવનદાસ છોટાલાલ |
| ૩૦૦ | સંઘવી મોતીલાલ છગનલાલ |
| ૧૩૫ | કોઠારી સોભાગચંદ ખીમચંદ |
| ૨૫૦ | પારેખ છગનલાલ જીવણલાલ |
| ૨૦ | શાહ મણીલાલ માણેકલાલ |
| ૨૫૦ | શાહ ઓધવજી ધનજી |
| ૩૫૦ | છગનલાલ નાનચંદ |
| ૧૦૦ | શાહ દીપચંદ જીવણલાલ |
| ૧૦૦ | પારેખ ભાઈલાલ બેચરદાસ |
| ૧૫૦ | કાપડીઆ નરોત્તમદાસ ચુનીલાલ |
| ૧૨૫ | શાહ દલસુખભાઈ મહીજીભાઈ |
| ૫૦ | કાપડીઆ લક્ષ્મીચંદ ચુનીલાલ |
| ૧૦૦ | ડૉકટર મોહનલાલ હેમચંદ |
| ૫૦ | પટેલ મોરારજી મોતીચંદ |
| ૫૦ | નરશીદાસ મુલજીભાઈ |
| ૩૬૦ | શાહ પોપટલાલ નરોત્તમદાસ (ફુલ્લી પેઈડ.) |

રૂ. ૧૦૦૪૦ાા-



પરિશિષ્ટ નં. ૯.

(A) ધાર્મિક પરીક્ષાનો સવાલપત્રક.

# Shri Mahavira Jain Vidyalaya.

## Examination in Religious Courses.

**24th January 1926. (2 to 4 p. m.)**

Examiner:—**Umedchand Dolatchand Barodia, B. A.**

N. B.—Answers may be in English or Vernacular.

### Senior A Class.

### Dharmabindu-Adhyaya 1.

1. State, explain and discuss the definition of **धर्म** and enumerate its divisions and subdivisions. 15
2. What is meant by **न्याय**? Justify fully its value in the acquisition of wealth, 10
3. Describe shortly how an ordinary layman should live. 10
4. Write a short essay (nearly 20 lines) on **गुणपक्षपातिता.** 15
5. Mention and clearly explain the eight qualities of **बुद्धी.** 10
6. Sketch the life of the author of Dharmabindu. 15

### Senior B Class.

### Tattvartha Sutra—Adhyaya VIII.

1. Mention the causes of **बंध** and explain their nature. 15
2. Illustrate fully the four divisions of **बंध.** 10
3. What is meant by **मोहनिथकर्म**? Mention its divisions and subdivisions and trace its causes. 20
4. Describe fully the influence of **नामकर्म** on the constitution of a being. 15
5. Give a general idea of Karma and the Karmic Law according Jainism. 15

## Junior Class.

### Tattvartha Sutra—Adhyaya I.

1. What do you understand by the word 'दर्शन'? State and explain the definition of सम्यग्दर्शन. What other qualities accompany it? 15
2. Compare and differentiate.
   (i) दर्शन and ज्ञान.
   (ii) मतिज्ञान and श्रुतज्ञान. 20
3. Mention and describe the ways and methods of acquiring मतिज्ञान 15
4. What is meant by अर्थ and व्यंजन? Write a short note on न चक्षुरनिन्द्रियायाम्. 10
5. Explain fully the following sutra:—
   सदसतोरविशेषाद्यदृच्छोपलब्धेरुन्मत्तवत्. 15

## COMMON.

### Ashtakas I & II.

1. Give a short life of the author of the Ashtakes. 10
2. Translate.

अवास्तवी विकल्पैःस्यात्
पूर्णताब्धेरिवोर्मिभिः।
पूर्णानंदस्तु भगवां-
स्तिमितोदधिसन्निभः ॥
स्वभावसुखमग्नस्य
जगत्तत्वावलोकिनः।
कर्तृत्वं नान्यभावानां
साक्षित्वमवशिष्यते ॥ 15



## (b) ધાર્મિક પરીક્ષકનો રિપોર્ટ.

મુંબઇ, તા. ૬-૬-૧૯૨૬,

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મહેરબાન ઓનરરી સેક્રેટરી.**

સાહેબ જોગ,

જત લખવા વિનંતી એ છે જે શ્રી વિદ્યાલયના વિદ્યાર્થીઓની ધાર્મિક પરીક્ષા જે તા. ૨૪-૧-૨૬ને દિને લેવામાં આવી હતી તેનું પરિણામ આ સાથે મોકલ્યું છે. કેટલાક અનિવાર્ય સંજોગોને લીધે આ કાંર્યમાં થયેલી ઢીલ માટે માફી ચાહું છું.

પરિણામ ઉપરથી આપ જોઇ શકશો કે સીનીઅર 'એ' કલાસમાં ૯ વિદ્યાર્થીઓ માંહેના સર્વે પસાર થયા છે. જ્યારે સીનીઅર 'બી' કલાસમાં ૧૨ વિદ્યાર્થીઓમાંથી ૧૦ પસાર થયેલા છે અને જુનીઅર કલાસમાં ૧૪ વિદ્યાર્થીઓ-માંથી ૧૨ પસાર થયા છે. એકંદરે પરિણામ સંતોષકારક છે.

શ્રી વિદ્યાલયની મેનેજીંગ કમિટીએ થોડા વખત અગાઉ ધાર્મિક શિક્ષણને અંગે કમિટી નીમેલી હોવાથી અને મજકુર કમિટીએ તે સંબંધમાં સારો ઉહાપોહ કરીને પોતાનો રીપોર્ટ કરેલો હોવાથી મારે અત્રે વધુ લખવાની કંઇ જરૂર જણાતી નથી. છતાં એટલુંતો મારે ધ્યાન ખેંચવું જોઇએ કે મોટે ભાગે નવા વિદ્યાર્થીઓ જ્યારે ગુજરાતી ભાષામાં પણ ઘણી અશુધ્ધતાથી લખે છે ત્યારે સંસ્કૃત ભાષાના અને ખાસ કરીને આપણા ધર્મને લગતા પારિભાષક શબ્દો સારી રીતે લખી સમજી શકે નહી તે તદ્દન સ્વાભાવિક છે. તેથી કરીને મારી નમ્ર સૂચના છે કે આવી પરીક્ષા દર વર્ષે ઓછામાં ઓછી બે વખત લેવાવી જોઇએ. અને ખાસ નવા વિદ્યાર્થીઓનો ધાર્મિક અભ્યાસ ઘણાજ વિસ્તારથી અને સ્પષ્ટતાથી કરાવવાની અગત્યતા છે. ટુંકામાં અભ્યાસક્રમમાં અધ્યાયોની સંખ્યા વધાર્યા કરતાં થોડા અધ્યાયો પણ સંગીન રીતે શીખડાવવા જોઇએ અને વિદ્યાર્થીઓએ કેટલું ગ્રહણ કર્યું તે ઉપર વિશેષ લક્ષ અપાવું જોઇએ. વધુમાં જીવન ચરિત્રો તેમજ ક્રિયાકાંડને લગતું તત્વ અભ્યાસ ક્રમમાં ઉમેરવાની હું ખાસ જરૂર જોઉં છું. એજ વિનંતિ.

લી. સેવક,

**ઉમેદચંદ દોલતચંદ બરોડીયાના જયજીનેંદ્ર.**

## (c) પરીક્ષાનું લાયકાત પ્રમાણે પરિણામ.

### સીનીયર 'એ' કલાસ.

| | |
|---|---|
| મી. ભગવાનજી એમ. મહેતા | ૭૬ |
| મી. ચંપકલાલ ડી. શાહ | ૬૬ |
| મી. મોહનલાલ એચ. શાહ | ૫૬ |
| મી. ઈશ્વરલાલ એસ. કાપડીઆ | ૫૩ |
| મી. ગાંડાલાલ એ. દોસી | ૫૩ |
| મી. જીવરાજ એ. ધ્રુવ | ૪૯ |
| મી. ઇશ્વરલાલ એસ. શાહ | ૪૯ |
| મી. મણીલાલ એમ. શાહ | ૪૬ |
| મી. ઉમેદચંદ વી દોસી | ૩૬ |

### સીનીયર 'બી' કલાસ.

| | |
|---|---|
| મી. પ્રસન્નમુખ એસ. બદામી | ૭૫ |
| મી. જયંતીલાલ એસ. બદામી | ૬૮ |
| મી. વીસનજી એસ. શાહ | ૫૫ |
| મી. અમરસીંગ કે. બહોરા | ૫૫ |
| મી. હરગોવીંદ વી. શાહ | ૫૪ |
| મી. વાડીલાલ એમ. શાહ | ૫૪ |
| મી. છોટાલાલ એસ. પટેલ | ૪૮ |
| મી. જેઠાલાલ એમ. શેઠ | ૪૭ |
| મી. બાબુલાલ બી. પટની | ૪૫ |
| મી. સી. એચ. સંઘવી | ૪૪ |
| મી. હીંમતલાલ એસ. શાહ | ૨૪ |
| મી. રતીલાલ એમ. શાહ | ૨૪ |

### જુનીઅર કલાસ.

| | |
|---|---|
| મી. પ્રાણજીવનદાસ વી. શાહ | ૫૨ |
| મી. ચંદુલાલ જી. શાહ | ૫૧ |
| મી. બાલચંદ જી. દોસી | ૪૮ |
| મી. દુર્લભજી એચ. શેઠ | ૪૫ |
| મી. નીમજી જસરાજ વોરા | ૪૨ |
| મી. મોહનલાલ એલ. | ૪૨ |
| મી. અમીચંદ સી શાહ | ૪૧ |
| મી શાન્તીલાલ ઉ શાહ | ૩૮ |
| મી. વાડીલાલ કે શાહ | ૩૭ |
| મી. સી. બી. શેઠ | ૩૬ |
| મી. ધનજીભાઇ ટી. શાહ | ૩૫ |
| મી. લીલાધર કે. વસા | ૩૪ |
| મી. શાન્તીલાલ કે. શાહ | ૨૪ |
| મી. હરીલાલ સી. શાહ | ૨૩ |



## પરિશિષ્ટ નં. ૧૦
## એકટીંગ સુપ્રિન્ટેન્ડેન્ટનો રિપોર્ટ.

—:o:—

તા. ૨૭-૧૧-૨૬

**રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.**
ઑ. સેક્રેટરી. શ્રી મહાવીર જૈન વિદ્યાલય.
**મુંબઇ.**

**મે. સાહેબ,**

સન ૧૯૨૫-૨૬ નો ટુંક રીપોર્ટ નીચે મુજબ છે.

આ સંસ્થાની સેવાનો લાભ મને માત્ર ટુંક મુદત મળ્યો, જે દરમ્યાન મારૂં લક્ષ્ય ખાસ ખેંચે તેવી બાબત એ હતી કે વિદ્યાર્થી વર્ગને કુમળા વૃક્ષની માફક પ્રેમ પૂર્વક જળશિંચન કરી આદર પૂર્વક ઉછેરી જેમ વાળીએ તેમ વળી શકે છે. અને યોગ્ય સન્માન પૂર્વક સંભાળ લેવાય અને પ્રસંગાનુકુળ નિમંત્રણ હોય તો ઇચ્છાનુસાર ફળ આપી શકે છે. આ અનુભવ સિદ્ધ સત્ય કોઇ પણ વિદ્વાન ગ્રહસ્થના લક્ષ બહાર નજ હોય છતાં કેટલીક વાર વ્યવહારમાં એમ બને છે કે સાક્ષાત પ્રસંગ ઉપસ્થિત થયે આવા એક સુંદર સિધ્ધાન્તને યોગ્ય સ્થળ આપવામા આવતું નથી. વિશેષે કરીને વિદ્યાલય જેવા છત્રાલયોમાં ગૃહપતિને લક્ષ્યમાં રાખવાના અનેક ધર્મોમાં આ ધર્મને યોગ્ય સ્થળ મળવુંજ જોઈએ.

શ્રી વિદ્યાલયના સંબંધી અંગત વિષયો ઉપર નીચે મુજબ જણાવવાનું છેઃ-

**ધાર્મિક શિક્ષણ.**

જ્યારે જ્યારે પાશ્ચાત્ય કેળવણી ઉપર ચર્ચા થાય છે ત્યારે પ્રથમતઃ આપણે એ સાંભળીએ છીએ કે તે કેળવણીમાં ધર્મનો એક શબ્દ પણ શિખવવામાં આવતો નથી અને એવી ન્યુનતા આપણને પળે પળે દ્રષ્ટિગોચર થાય છે. આ પ્રકારની ત્રુટી આપણા વિદ્યાલયમાં નથી બલકે ધાર્મિક શિક્ષણ ઉપર પુરતું લક્ષ્ય આપવામાં આવેછે. અને વળી શ્રી વિદ્યાલયના મકાનમાંજ દેરાસર હોવાથી માત્ર શુષ્ક જ્ઞાન નહિં પણ તે સાથે આપણી આર્ય પ્રથા મુજબ પ્રાતઃકાળ તથા સાંયંકાળે પ્રભુની પુજા તથા આરતી વિ. નિયમસર થાય છે તે અત્યંત આનંદ તથા સંતોષની વાત છે. વિશેષતા આ પ્રકારની શ્રાધ્ધ્ય યોજના પર્યુષણ જેવા પુણ્ય દિવસોમાં એવી આશિષરૂપ થઇ પડે છે કે તે દિવસોમાં વિદ્યાર્થીઓનો ધાર્મિક ઉત્સાહ સમક્ષજ જોવા જેવો છે.

અભ્યાસક્રમ માટે પં. વૃજલાલજી હાલમાં રોજ બે વર્ગ લે છે. એક વર્ગ નવા આવેલા વિદ્યાર્થીઓનો (Junior Class) અને બીજો જુનાનો (Senior Class) આ યોજનાથી એવું થાય છે સાધારણ રીતે ચાર વર્ષ રહેનાર વિદ્યાર્થીને ક્રમશઃ અભ્યાસ થતો નથી. દાખલા તરીકે ૧૯૨૫-૨૬ માં દાખલ થનાર નવો વિદ્યાર્થી જો અમુક પુસ્તકના પહેલા બે અધ્યાય કરે તો બીજે વર્ષે તે વિદ્યાર્થી બીજા બે એટલે ત્રીજો અને ચોથો અધ્યાય કરે; હવે ૧૯૨૬-૨૭ માં દાખલ થનાર વિદ્યાર્થી Junior Class જુનીયર કલાસમાં બેસે છે, તેથી એને પેલા એક વર્ષના જુના વિદ્યાર્થી સાથે તે પુસ્તકના ત્રીજા અને ચોથા અધ્યાય કરવા પડે છે અને પહેલા બે અધ્યાયનું અનુસંધાન પુર્વક અભ્યાસ કરવાનું પ્રપ્ત થતું નથી તેથી પ્રતિકાર રૂપે મારે સુચવવાનું કે જો અનુકુળતા હોય તો ચાર વર્ષના વિદ્યાર્થી માટે ચાર વર્ગ હોવા જોઇએ, અને જેમ નિશાળોમાં વહેલું ધોરણ પુરૂં કર્યા પછી બીજા ધોરણમાં જઇ શકાય છે. તેમ પહેલા વર્ષમાં આવનાર વિદ્યાર્થીને પહેલા ધોરણમાં દાખલ કરી, તેનો અભ્યાસ સંતોષકારક પૂરો થયેજ ઉપલા વર્ગમાં લેવો. આ યોજના જો યોગ્ય લાગે અને અમલમાં મુકવામાં આવે તો કદાચ બીજા શિક્ષક જરૂર પડે અથવા તો હાલમાં જે સમય દરેક કલાસ માટે ગાળવામાં આવે છે તેટલો સમય દરેક કલાસને આપી શકાય નહિં.

ધાર્મિક શિક્ષણની બાબતમાં બીજી સૂચના એ કરવાની કે અમુકજ અધ્યાયો અથવા પ્રકરણો અમુક સમયમાં થવાજ જોઈએ તે વિષય ઉપર વધારે વજન નહિં મૂકતાં જે થાય છે તે વિદ્યાર્થીઓના મગજમાં બરોબર ઉતરે છે કે નહિં તે જોવાની જરૂર છે વિસ્તૃત અભ્યાસ કરતાં ઉંડો અભ્યાસ ઈચ્છવા યોગ્ય છે.

## મકાન.

ગોવાળીયા ટેંક રોડ ઉપરથી આવતા જતા જન સમાજનું આશ્ચર્ય પૂર્વક લક્ષ્ય ખેંચે તેવું ભવ્ય મકાન પ્રાપ્ત થવાનું સદ્ ભાગ્ય મળ્યું છે તેથી મકાન ફંડમાં ઉદારતાથી દાન આપનાર ગ્રહસ્થોનો હૃદય પૂર્વક આભાર માનવા વિદ્યાર્થીઓ ચુકતા નથી અને મકાનની યોજના પણ બહુ વિચારપુર્વક કરવામાં આવી છે, અને વિદ્યાર્થીઓને જોઇએ તેવી અને ખાસ કરીને મુંબાઇનાં બોર્ડીંગ હાઉસોમાં ભાગ્યેજ જોવામાં આવે તેવી ઉત્તમ સગવડો મળે છે. છતાં જેમ જેમ વખત જાય છે તેમ તેમ નવીન સગવડો આપવા માટે જરા ફેરફાર કરવાની જરૂર જણાય છે. અને તે ઉપર પુરતું લક્ષ્ય અપાય છે. મારી નમ્ર સુચના છે કે વિદ્યાલયનાં કામ કરતા ઘાટીઓ અને રસોયાઓ માટે જમવાના હૉલ શિવાય અન્ય કોઇ સ્થળે તેમને રહેવાની ગોઠવણ થાય તો ઘણું ઈચ્છવા યોગ્ય છે.

## વ્યાયામ રમતગમત

આ બાબતમાં એક ખામી માલુમ પડે છે તે એ કે આપણા વિદ્યાર્થીઓ



માટે ક્રીકેટ પ્લોટ નથી અને તેના અભાવે રમતના સાધનો હોવા છતાં સાંજના સમયે રમવાનો લાભ મળી શકતો નથી. આ બાબત લક્ષ્ય ખેંચવામાં આવ્યું છે અને ટુંક મુદતમાં ઘણું કરીને પ્લોટ આપણે મેળવી શકીશું એમ લાગે છે છતાં જો તેમાં કંઇ મુશ્કેલી લાગે તો ખંતથી તેને માટે યત્ન કરવાનોજ રહ્યો હાલમાં ક્રીકેટ ફુટબોલ, એ બે રમત રમાય છે Indoor Games માં પીંગ-પોંગમાં વિદ્યાર્થીઓ બહુ સારો રસ લેછે પણ તે રમતને તથા બીજી Indoor Games વધારવાની જરૂર છે.

વિદ્યાર્થીનો ઘણો ભાગ કસરતમાં બહુ ઉત્સાહ લે છે, છતાં સુપ્રીન્ટેન્ડન્ટને લક્ષમાં રાખવાનું એજ કે જે વિદ્યાર્થીઓ નલે તે બે ત્રણજ હોય, વ્યાયામમાં ભાગ લેતા ન હોય તેમને તેમાં રસ લેતા કરવા, અને શારિરીક ખીલવણીની પુરતી સંભાળ રાખવી. કેટલીક વાર વાંચવાના બોજા નીચે શારિરીક કેળવણી વિસારે નાખે તેવા વિદ્યાર્થીઓ મળી આવે છે. તેવાઓને પ્રોત્સાહનની જરૂર છે, અને તેમ મેં કેટલાક પ્રસંગોએ કર્યું હતું. વિદ્યાર્થીઓ કોઈ પ્રકારની કસરત કરે છે કે નહિ તે પ્રસંગોપાત પુછવું જોઇએ.

વિદ્યાર્થીઓની ઘણા વખતથી આગ્રહપૂર્વક એ માગણી છે કે Badmintion બેડમીંટનની સગવડ તેમને અગાશી ઉપર કરી આપવી એટલે કોઇ પણ સમયે તે રમતનો લાભ લઈ શકાય. આ યોજના પુરી પાડવામાં મોટું ખર્ચ શમાયલુ નથી માત્ર આગાશી ઉપર તેને જોઇએ તેવા કાળા પાટા પાડી આપવામાં આવે અને જાળી લાવી આપવામાં આવે તો પછી માત્ર Shuttle Cock નું સાધારણ જુજ ખર્ચ રહે, અને વિદ્યાર્થીઓને એક રમતનો લાભ પડે બે Poles ની જરૂર ખરી પણ ઉંચું કુદવા (High Jump) માટે આપણે માટે આપણી પાસે Poles તૈયાર છે તે કામમાં આવી શકશે.

## લાયબ્રેરી તથા રીડીંગરૂમ.

રીડીંગ રૂમને વધારવાની અને નવું પોષણ આપવાની જરૂર છે કેટલાંક ઇંગ્રેજી માસિકો તથા બરોબર પસંદ કરેલું વ્યાયામ માલીક ઇંગ્રેજીમાં અથવા તો ગુજરાતીમાં મગાવવાની આવશ્યકતા છે. વિશેષ દૈનીક વર્તમાનપત્રો માટે જેમ અન્ય પુસ્તકાલયોમાં ઉભા ઉભા વાંચી શકાય તેવાં ટેબલો હોય છે તેવાં આપણા માટે કરાવવાની મેં સૂચના કરી છે, અને તેને અનુમોદન પણ મળ્યું છે. આશા છે કે આ પ્રથા ચાલુ રહે અને તેના ઉપર પુરતી દેખરેખ રહે, દર છ માસે કે બાર માસે સારાં અને અગત્યના માસિકોની એક પુસ્તક આ આકારમાં ફાઇલ થવીજ જોઇએ.

પુસ્તકાલયમાં પણ યોગ્ય વ્યવસ્થા કરવાની જરૂર છે અને વિદ્યાર્થીભાઇઓએ પુસ્તકાલયના સંગ્રહમાં પુસ્તકોને એક અમૂલ્ય મિલ્કત તરીકે જાળવી રાખવા અને તેનો સદુપયોગ કરવા મારી આગ્રહપૂર્વક ભલામણ છે.

## ડીબેટીંગ સોસાયટી.

ઑ. સે. ના રીપોર્ટ ઉપરથી જણાય છે કે તેમાં જેવી જોઇએ તેવી પ્રગતિ નથી. આ વિષયની પૂર્ણ જવાબદારી વિદ્યાર્થીઓના શિર છે અને તેમને જો કોઈપણ પ્રકારની મુશ્કેલીઓ હોય તો તે દુર કરવા સુ૦ વી૦ ને અથવા તો સેક્રેટરી સાહેબને વિનંતિ કરવી જોઈએ પણ ચોકકસ કારણો શિવાય આ ખાતામાં શિથિલતા જણાય તે શરમાવા જેવું છે. વિવાદોથી થતા અનેક લાભથી કોલેજના વિદ્યાર્થીઓ વાકેફ છે તો પછી વિવાદની મંડળીમાં પોતાનો યોગ્ય ફાળો ના આપવો તે ફરજમાં સ્ખલન રૂપ છે. પોતાનો સ્વાસ્થજ એમાં ઘણે અંશે સમાયલો છે તે ધ્યાનમાં રાખી આ વિષયમાં તેમને વધારે દબાણ નહી પડે તેમ હું આશા રાખુંછું વધારામાં એજ કે, ઓ. સેક્રેટરીએ તેમના રીપોર્ટમાં કરેલી બે સૂચનાઓને યોગ્ય ટેકો આપવા જેવું છે.

અંતમાં વિદ્યાર્થી બંધુઓને પરિક્ષાઓમાં સફળતા તથા શારિરીક અધ્યાત્મિક તથા માનસીક ઉન્નતિ અને દીર્ઘાયુ ઈચ્છુ છું. પોતાનો અભ્યાસ કરવાનો ઉત્તમ યોગ પ્રાપ્ત થયો તેથી તે સંસ્થા પ્રત્યેની ફરજ તથા લાગણી તેમના હૃદયમાં વુંડી રહે તે ઇચ્છું છું. अस्तु.

ॐ शांतिः। शांतिः। शांतिः।

લી. આપનો આજ્ઞાધીન,
**વલભદાસ માણેકલાલ પરીખ.**
એ. સુપ્રીન્ટેન્ડેન્ટ



પરિશિષ્ટ નં. ૧૧.

### સ્ટુડન્ટસ યુનિયન રિપોર્ટ.

To,
The Hon. Secretary,
SHREE MAHAVIRA JAINA VIDYALYA.
BOMBAY 7.

Dear Sir,

It is with regret that we beg to lay before you the annual report of the activities of the above Union for the year 1925–1926. Our work was meagre and unsatisfactory due to the lack of enthusiasm on the part of some of the students, a series of unavoidable religions discourses, unfortunately falling on the day on which we generally hold debates, by some of the members of the Managing Committee, the inclement weather, and the pressure of examination. Nevertheless, we had arranged the following two lectures:—

| Date. | Subject. | Lecture | President. |
|---|---|---|---|
| 3-7-25 | Malaria and its prevention. | Mr. R. M Bhandari. | Mr. N. D. Shah. |
| 14-11-25 | Advantages and disadvantages of Caste-system. | Mr. C C. Sheth B.A. | Mr. U. D. Barodia B. A. |

Please permit us to suggest here that if, competitive prizes are announced in the early beginning of the year and awarded to the worthy speaker, the attendance of the students is made compulsory at the Union meetings, prominent speakers from the Public are invited and a small sum of money is sanctioned and provided for necessary expenses, we confidently hope that there is every possibility of the function becoming successful and attractive. However, we look forward that the students would show more zeal, genuine interest, and hearty cooperation for Platform than hitherto.

Finally, we sincerely thank all for their hearly co-operation.

27th November 27.
Bombay 7,

Shah Manilal Manekchand.
Sheth Chimanlal Chunilal B. A.
Jt. Hon. Secretary.

## પરિશિષ્ટ નં. ૧૨.

### તા. ૧ લી જુન ૧૯૨૫ થી તા. ૩૧ મી મેએ ૧૯૨૬ સુધીના વર્ષ એકનો આવક જાવકનો હિસાબ.

**જમે**

૬૦-૨-૮ શ્રી પુરાંત બાકી
૨૫૪૨૬-૯-૮ **આવક**—
૧૨૧૮—૦—૦ સંવત ૧૯૭૩ થી ૧૯૮૦ સુધીના લવાજમના
૭૨૨૨—૦—૦ સંવત ૧૯૮૧ ના લવાજમના
૫૭૦૨—૨—૧ ચાલુ ફંડમાં આવ્યા
૨૩૪૭—૦—૦ પેઈંગ બોર્ડરોના ખર્ચ
૮૬૬૨—૭—૭ મકાન નં. ૪ થા અને ૫ માં અને ૬ઠ્ઠા અને નવાના ભાડાના
૨૭૫—૦—૦ નોટના વધારાના

૨૫૪૨૬—૯—૮
૧૦૦૦—૦—૦ શ્રી સ્થાઈ ફંડ ખાતે જમે
૮૪૬—૭—૯ ધી સેન્ટ્રલ બેંક ઓફ ઇંડીઆ લી.
૨૦-૧૨—૩ શેઠ નવીનચંદ હેમચંદ
૮૫૯-૧૩—૩ શેઠ દેવકરણ મુલજી
૨૧૭૯૩—૮—૨ મુકામ ફંડમાં આવ્યા
૧૫૦—૦—૦ ઇનામ ફંડમાં વ્યાજના આવ્યા
૬૫૦—૦—૦ બોર્ડરોના અનામત
૪૧૮૯—૦—૦ લવાજમના અગાઉથી આવ્યા
૪૦૩૮) સંવત ૧૯૮૨ના
૧૫૧) સંવત ૧૯૮૩ના

૪૧૮૯)
૧૯૫—૮—૬ શ્રી દેરાસરજી ભંડાર ખાતે આવ્યા
૪૦—૧—૦ ડેડ સ્ટોક ખાતે જમે
૨૨૫—૦—૦ પંડીત વ્રજલાલ જગન્નાથ
૧૫૫—૦—૦ ભૈયા બલદેવ પાંડે
૧૩૯૩—૫—૩ શ્રી તત્વાર્થની નોટ ખાતે
૪૦-૧૫—૯ વાસણ ખાતે
૨૩૨—૪—૦ પુના વિદ્યાર્થી ખાતે જમે
૪૧-૧૩—૦ શ્રી નગીનચંદ જગજીવન
૬૭૯—૦—૦ ભાડુતોના ડીપાઝીટ ખાતે
૫૮-૧૩—૦ હીસ્ટરી ઓફ ટેરીફ ખાતે
૬૫—૦—૬ ઉપલક ખાતે
૧૦૩૩૫—૦—૦ ધી બેંક ઓફ ઇંડીઆ ડીપાઝીટ ખાતે
૨૮૮૫—૦—૦ વિદ્યાર્થી લોન રીફંડ ખાતે
૧૩૬૭—૭—૦ શેઠ સારાભાઇ મોદી લોન ફંડ ખાતે વ્યાજ
૨૫૮—૦—૦ મી. વાડીલાલ નથુ હસ્તક ખર્ચ
૧૨૪૫૫—૦—૦ મેસર્સ આતમચંદ ત્રીભોવન એન્ડ વલભદાસ ટ્રસ્ટ ફંડ
૧૬૨૧—૦—૦ વાસ્તા તથા મેલાવડા ખર્ચ ખાતે જમે
૧૦૦૦૦૦—૦—૦ શેઠ વાડીલાલ સારાભાઇ વિદ્યાર્થી ગૃહ

૧૮૭૦૮૪—૯—૯

**ઉધાર**

૩૧૪૪૫—૧૩—૮ **ખર્ચ**
૧૦૦૦—૦—૦ કરાંચી વિદ્યાર્થી ૩
૧૪૩૨—૭—૦ પુના વિદ્યાર્થી ૨
૧૫૫—૦—૦ ભૈયા બલદેવ પાંડેના માંડી વાળ્યા
૧૩૯૩—૫—૩ તત્વાર્થની નોટના ,,
૫૨૩—૪—૦ ડેડ સ્ટોક કર ઉપર તથા વાસણનાઃ ટકા ૧૦) લેખે
૩૬૩૩-૧૨—૫ વ્યાજ
૧૩-૧૪—૯ વીમા ખર્ચ
૧૨૮૭-૧૧—૬ છપાઇ ખર્ચ
૧૪૭-૧૩—૬ રીડીંગ રૂમ ખર્ચ
૫૬૧—૪—૬ દીવાબતી
૪૫૬-૧૧—૦ ધોલાઇ ખર્ચ
૧૭૨—૮—૦ ગેમ્સ ખર્ચ
૧૪૮—૫—૯ દેરાસરજી ખર્ચ
૬૦૧૪—૦—૦ કોલેજ ફી
૩૨૧—૮—૯ સ્ટેશનરી ખર્ચ
૧૭૦-૧૦—૦ દવા ખર્ચ
૨૨૪—૧—૩ મેડીકલ ભોજન ખર્ચ
૭૨૭૫—૫—૦ ભોજન ખર્ચ
૨૮૪૯—૭—૦ માણસોના પગાર
૧૩૬—૮—૦ પોસ્ટ ખર્ચ
૭૬૭—૯—૬ પુસ્તક ખર્ચ
૩૪૩—૪—૦ બીછાના ખર્ચ
૧૨૨૭—૦—૬ ધાર્મિક શિક્ષણ ખર્ચ
૨૪—૧—૦ હથીયાર ખર્ચ
૧૧૬૬—૫—૦ પરચુરણ ખર્ચ

૩૧૪૪૫-૧૩—૮
૧૫૮૨૩-૧૨—૬ ધી બેંક ઓફ ઇંડીઆના ખાતે
૫૬૬—૯—૦ ધી ઇસ્ટરન બેંક લીના ખાતે
૨૦૫-૧૩—૦ ઇનામ ફંડમાં વપરાયા
૫૪૬૬—૫—૫ શેઠ હીરાલાલ બકોરદાસ
૮૦૭—૨—૦ ફરનીચર ખાતે
૪૮૧—૮—૦ મી. પ્યારેલાલ જૈની
૨૨૨—૭—૦ ભાડાની ઉઘરાણી ખાતે
૧૧૬૭—૪—૦ મી. જેઠાલાલ માનસીંગ દામાણી
૩૬૭—૫—૦ શ્રી લાઇબ્રેરી ખાતે
૮૫૦૦—૦—૦ ધી માઇસોર મીલ કુ. લી.
૧૦૦૦—૦—૦ ધી ઇંદોર માલવા મીલ કું. લી.
૪૦૦૦૦—૦—૦ મેસર્સ ગુલાબચંદજી ઢઢા અને અધર્સ
૧૧૦—૨—૬ શ્રી ધરમાદા ખાતે
૬૪૫૪૬—૨—૬ નવા મકાન ગોવાળીયા ખાતે
૧૭૨૯—૧૨—૬ શેઠ સારાભાઇ મોદી લોન ફંડ ખાતે સ્કોલરશીપ વિગેરે
૧૨—૦—૦ મી. ચંદુલાલ ગીરધરલાલ
૧૫૧૧—૬—૯ વાસ્તા તથા મેલાવડા ખર્ચના
૮૦૦૦—૦—૦ ઇન્ટર નેશનલ બેંકીંગ કોરપોરેશન
૪૫૦૯—૦—૦ સંવત ૧૯૮૧ના લવાજમના વટાવ ખાતે

૧૮૬૪૭૨—૭—૧૦
૬૧૨—૧-૧૧ શ્રી જણશે બાકી

૧૮૭૦૮૪—૯—૯

Examined and found correct
Narottam Bhagvandas Shah
Mohanlal Khodidas Shah
*Hony. Auaitors,*
23rd November 1926.

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ** ( ઓનરરી સેક્રેટરી )
**દેવકરણ મુલજી** ( ઓનરરી ખજાનચી )

## પરિશિષ્ટ નં. ૧૪.

### (क)

### મુકામ ફંડ.

૨૫૦૧) શેઠ મોહનલાલ હેમચંદ
૧૦૦૧) ,, બાપાલાલ ભોગીલાલ પાટણવાળા
૧૫૦૧) શેઠ હેમચંદ મોહનલાલ
૫૦૦) ડાકટર બાલાભાઈ મગનલાલ નાણાવટી
૧૦૦૧) શેઠ સારાભાઈ મગનભાઈ મોદી
૧૦૦૧) ,, જીવતલાલ પ્રતાપસી
૧૦૦) મરહુમ પરશનતે શેઠ ચમનલાલ રામચંદની પત્ની તરફથી
૧૦૦) સૌ હરકોરબાઈ તે શેઠ ચમનલાલ રામચંદના પત્ની તરફથી
૫૨૫) શેઠ વાડીલાલ નથુભાઈ
૫૦૧) ડાકટર નાનચંદ કસ્તુરચંદ મોદી
૨૦૧) શેઠ મોહનલાલ દલીચંદ દેસાઈ
૫૦૧) ,, ડાયાભાઈ ઘેલાભાઇ કરમચંદ
૧૫૦૧) ,, ભોગીલાલ લહેરચંદ પાટણવાળા
૫૦૦૧) ,, નગીનદાસ સરૂપચંદ
૨૫૧) ,, ફતાજી હકમાજી
૫૬૦૭-૮-૨ શેઠ હીરાલાલ બકોરદાસ

૨૧૭૯૩-૮-૨

### (ख)

### વાસ્તુ મેળાવડા ખર્ચ

૨૫) સૌ. કમળાબાઇ કરમચંદ ચુનીલાલ
૨૫) ,, મણીબાઇ ચુનીલાલ વીરચંદ
૮+૨૫) શેઠ ચુનીલાલ વીરચંદ
૧૦૧) ,, મોતીલાલ મુલજી
૫૧) ,, રાયચંદ મોતીચંદ
૨૫) ,, પોપટલાલ ધારશી
૫૧) ,, નગીનદાસ સરૂપચંદની કું.
૨૫) ,, મણીલાલ સુરજમલ
૨૫) ,, લલુભાઇ કરમચંદ દલાલ
૮+૨૫) ,, લલુભાઇ ગુલાબચંદ
૨૫) ,, ઝવેરી સારાભાઈ ભોગીલાલ
૧૦૧) ,, મોતીચંદ ગીરધરલાલ કાપડીયા
૫૧) ,, ફકીરચંદ નગીનચંદ
૭) ,, છોટાલાલ પ્રેમજી
૭) ,, રવચંદ ઉજમચંદ
૧૧) ,, મણીલાલ રીખવચંદ
૧૦૧) ,, હેમચંદ અમરચંદ
૭) શેઠ પાનાચંદ પ્રેમચંદ
૭) ,, મુલચંદ હીરાચંદ
૨૫) ,, હેમચંદ મોહનલાલ ઝવેરી
૧૦) ,, ગોદડભાઇ ડોસજી ઝવેરી
૧૧) ,, એક જૈન સદગૃહસ્થ
૨૫) ,, પ્રાગજી ધરમશી
૧૦૧) ,, કલાણજી ખુશાલ
૨૫) ,, રતનજી જીવણદાસની કું.
૧૧) ,, કકલભાઇ ભુદરભાઈ વકીલ
૧૦) ,, વીરચંદ પાનાચંદ
૧૧) ,, હીરાચંદ વસનજી
૨૫) ,, પ્રેમજી નાગરદાસ
૭) ,, નરપતલાલ ઉતમચંદ
૨૫) ,, મણીલાલ ઉતમચંદ
૭) ,, ભાઈચંદ અમુલખ
૧૫) ,, અમરચંદ ઘેલાભાઇ
૭) ,, સારાભાઇ મગનભાઇ મોદી



૨૫) શેઠ પ્રેમચંદ રતનજી હસ્તે નરોતમદાસ ભાણજી
૫) ,, મોહનલાલ ખોડીદાસ
૨૫) ,, જમનાદાસ મોરારજી જે. પી.
૨૫) ,, મકનજી જુઠાભાઇ મહેતા
૫) ,, ભોગીલાલ અમૃતલાલ ઝવેરી
૧૧) ,, શવચંદ કચરાભાઇ
૫૧) ,, ગુલાબચંદ દેવચંદ ઝવેરી
૧૦૧) ,, મોહનલાલ હેમચંદ
૫) શેઠ મુલચંદ ઇચ્છાચંદ
૧૦૧) બાબુ જીવણલાલ પાનાલાલ ઝવેરી
૫) શેઠ હીરાલાલ મંછાચંદ સોલીસીટર
૫) ,, મોતીચંદ દેવચંદ
૧૦૧) ,, હીરાલાલ બકોરદાસ
૧૦૧) ,, વીઠલદાસ ઠાકોરદાસ
૪) ,, નગીનદાસ દોલતચંદ શાહ
૧૬) ,, રણછોડભાઈ રાયચંદ
૭) ,, ઓતમચંદ હીરજી

૧૬૧૯)

### (ग)

### ચાલુ ફંડમાં આવ્યા.

૨૫) શેઠ લખમીચંદ ખેગાર સંવત ૧૯૮૧ ના દશમા વર્ષના
૫૧) શેઠ ગુલાબચંદ દેવચંદ ઝવેરી
૧૦) ,, કંચન પનાલાલ
૫) ,, ભંડારી
૭૭-૭-૭,, દેવકરણ મુલજી તથા શેઠ મોતીચંદ ગીરધરલાલ મારફત
૧૪૯) ગં. સ્વ. હીરાકુવરબેન મારફત
૭૫) શેઠ સવાઇજી વાઘાજી
૩૦) ,, તેજાજી પનાજી
૩૭ાા ,, પ્રતાપ ઘેલાજી
૩૭ાા ,, વીરચંદ લખમાજી
૩૦) ,, પ્રતાપમલ દલીચંદ
૨૫) ,, કપુરચંદ છોગમલ
૩૭ાા ,, જેશાજી મોતીજી
૩૦) ,, ભુતાજી અમરાજી
૩૦) ,, ગુમાનજી ભભુતમલ
૩૦) ,, સંતોકચંદ હજારીમલ
૨૫) ,, ચતરભાણ દેવાજી
૪૩ાા ,, ગમનાજી કોયાજી
૬૨ાા ,, જશરાજ કેશરીમલ
૩૭ાા ,, તારાચંદ શેનાજી
૫૦) શેઠ વનેચંદ માણેકચંદ
૬૨ાા ,, દેવીચંદ વરધારજી
૨૫) ,, ચતરભાણ ચોપાજી
૫૦) ,, લકામજી ભગાજી
૩૦) ,, જેઠાજી ભેરાજી
૬૨ાા ,, શેનાજી શવાજી
૩૭ાા ,, રૂપચંદ જેઠાજી
૩૦) ,, ગુલાબચંદ શેનાજી
૩૦) ,, મુલચંદ સરદારમલ
૨૫) ,, નરશીંગજી ધનરૂપજી
૨૫) ,, પેરાજી ચુનીલાલ
૩૦) ,, શોભાગચંદ માણેકચંદ
૩૦) ,, ગેલાજી ઉદાજી
૬૨ાા ,, તેજમલ નેમીચંદજી
૫૦) ,, સુરતગજી ખુમાજી
૫૦) ,, જેરૂપજી જેઠાજી
૬૨ાા ,, ભુપતાજી સુરતસીંગજી
૧૦૦) ,, પ્રેરાજી માનાજી
૩૦) ,, રાયચંદ લખમાજી
૩૦) ,, ભોજમલ માનાજી
૫૧) ,, રતીલાલ દલાલ
૧૦) ,, શંકરદાસ ખેતુ જૈની

૨૫) સાદર (મહીકાંઠા) જૈન સંઘ તરફથી હસ્તે શેઠ ન્યાલચંદ લક્ષ્મીચંદ
૫૦૧) શેઠ જમનાભાઇ ભગુભાઇ
૨૫) ,, સુગનરાજ ભંડારી સંવત ૧૯૮૧ ના પ્રથમ વર્ષના
૨૫ શેઠ અમરચંદ ઝવેરચંદ હસ્તે હરકોર બાઇ
૧૫) એક સદગ્રહસ્થ હસ્તે નાનાભાઇ ટોપીવાળા
૧૫૦૦) મોતીના ધર્મના કાંટા તરફથી હસ્તે શેઠ ગુલાબચંદ દેવચંદ ઝવેરી સંવત ૧૯૮૧ ના માસ ૧૨ ના
૫) ડાકટર નગીનદાસ દોલતરામ શાહ
૨૦૧) શેઠ મનસુખલાલ લલુભાઇ પેથાપુર વાલા હસ્તે શેઠ કલ્યાણજી ખુશાલ
૫૧) શેઠ કાંતીલાલ મગનલાલ ઝવેરી
૨૫૧) ,, દલપતભાઇ પ્રેમચંદ અમદાવાદ-વાળા
૫૦) શેઠ મણીલાલ ઉતમચંદ ઝવેરી સંવત ૧૯૭૯-૮૦ના સાતમાં તથા આઠમા વર્ષના
૨૫) શેઠ જગજીવન ઓતમચંદ સંવત ૧૯૮૨ ના બીજા વર્ષના
૫૦૦) શેઠ અમૃતલાલ નથુચંદ ઝવેરી
૧૦૦) મેસર્સ વી. એમ બ્રધર્સની કું.
૨૫) વોરા પોપટ પાનાચંદ સંવત ૧૯૮૨ ના નવમા વર્ષના
૧૦) શેઠ ગુલાબચંદજી ઢઢા તરફથી ચી. લાભચંદની પત્ની સ્મરણાર્થે
૫૧) શેઠ જીતમલ નથમલ
૨૫) ,, ભગવાનલાલ પનાલાલના ધણીયાણી સૌ. ચંચલબેન તથા મોહનલાલ પનાલાલના ધણીયાણી સૌ. મોતીકુંવર બેન
૨૫) શેઠ જીવનલાલ પનાલાલના ધણીયાણી સૌ. વીજકોર બેન
૨૫) શેઠ મણીલાલ લલુભાઇ
૫૦) ,, પુનમચંદ બખતાવરમલ હસ્તે મેલાપચંદ સંવત ૧૯૮૧-૮૨ ના પ્રથમ તથા બીજા વર્ષના
૧૦૧) શેઠ તુલસીદાસ કચરાભાઇ
૨૫) ,, આર. એન. સંઘવી
૨૫) ,, ગગલભાઇ રાયચંદની કું. સંવત ૧૯૮૨ ના ત્રીજા વર્ષના
૫૦) શેઠ રતનશી ત્રીકમજી જામનગરવાલા સંવત ૧૯૭૯-૮૦ ના નવમા તથા દશમા વર્ષના
૫૦) શેઠ પુનમચંદ છાજેડ સંવત ૧૯૮૧-૮૨ ના પ્રથમ તથા બીજા વર્ષના
૧૫૦૦) એક ખાનગી ગૃહસ્થ તરફથી સંવત ૧૯૮૧ ના બીજા વર્ષના
૨૫) શેઠ સુગનરાજ ભંડારી સંવત ૧૯૮૨ ના બીજા વર્ષના
૪૫) શેઠ હીરાભાઇ ડાયાભાઈ સંવત ૧૯૭૯-૮૧ ના આઠમાંથી દશમા વર્ષના
૫૦) શેઠ પાનાચંદ તારાચંદ હસ્તે હીરાકુંવર બેન સંવત ૧૯૮૧-૮૨ ના પહેલા તથા બીજા વર્ષના
૨૦૦) એક જૈન સદગ્રહસ્થ તરફથી વીદ્યાર્થી ગૃહના મેલાવડા વખતે
૨૫) શેઠ પોપટલાલ પાનાચંદ સંવત ૧૯૮૧ ના દશમા વર્ષના
૨૫) બાઇ કેશરબાઈ મણીલાલ છગનલાલ હસ્તે હીરાલાલ ચુનીલાલ
૨૬૩-૧૦-૩ શેઠ ભાઇચંદ અમુલખની કું.
૫૫-૪-૦ સદગ્રહસ્થ ત્રણ તરફથી
૩-૧૨-૦ શેઠ કકલભાઇ ભુદરભાઈ વકીલ

૭૭૧૦-૧૩-૧૦



(ઘ)

## લવાજમ સંવત ૧૯૮૨.

૧૫૧) શેઠ ભગુભાઇ હીરાભાઈ મલજીની કું.
૬૦) ,, રામચંદ ખુબચંદની કું.
૫૧) ,, ડાકટર મોહનલાલ હાથીભાઇ
૫૧) ,, હરખચંદ મકનજી
૧૦૦) ,, કલાણજી ખુશાલના માતાજી સુંદરબાઇ
૫૧) ,, કલાણજી ખુશાલ
૧૦૧) ,, મણીલાલ મોતીલાલ મુળજી
૧૦૧) ,, લલુભાઇ ગુલાબચંદ
૨૫૧) ,, હેમચંદ અમરચંદ
૫૧) ,, નરપતલાલ ઉતમચંદ
૫૧) ,, વીરચંદ પાનાચંદ
૫૧) ,, ભાઇચંદ અમુલખ
૫૧) , મલુકચંદ રૂપચંદ એન્ડ સન્સ
૧૦૧) ,, ચત્રભુજ મોતીલાલ ગાંધી
૫૧) ,, નગીનચંદ કપુરચંદની વીધવા રૂખમણીબાઇ
૫૧) ,, મણીલાલ રીખવચંદ ઝવેરી
૫૧) ,, રામચંદ પીતાંબર
૫૧) ,, ઝવેરી નગીનદાસ લલ્લુભાઇ એન્ડ સન્સ હસ્તે ડાયાભાઇ નગીનદાસ
૫૧) ,, ઝવેરી સારાભાઈ ભોગીલાલ
૧૫૧) ,, પ્રાગજી ધરમશી
૫૧) ,, મકનજી માધવજી
૫૧) ,, પરી રમણલાલ છોટાલાલ
૫૧) ,, લખમીચંદ ત્રીભોવનદાસ
૫૧) ,, લખમીચંદ ચુનીલાલ
૨૫૧) ,, પાનાચંદ પ્રેમચંદ
૨૫૧) ,, મુળચંદ હીરાચંદ જામનગરવાલા
૫૧) ,, નથમલ મુળચંદ
૧૦૧) ,, નરોતમદાસ જગજીવન
૫૧) શેઠ રામચંદ જેઠા દેસાઈ
૫૧) ,, ગોદડભાઈ ડોસજી
૫૧) ,, ચુનીલાલ વીરચંદ
૭૫) ,, મકનજી જુઠાભાઇ મહેતા
૫૧) ,, ચુનીલાલ ઝવેરચંદ
૫૧) , પોપટલાલ ધારશી
૫૧) ,, પુનમચંદ કરમચંદ કોટાવાળા
૫૧) ,, નારણદાસ કરશનદાસની કું.
૫૧) ,, સુરજમલ પુનમચંદ
૫૧) ,, શવચંદ કચરાભાઇની કું.
૫૧) ,, નાગરદાસ હકમચંદ
૫૧) ,, રાયચંદ મોતીચંદની કું.
૫૧) ,, ઉતમચંદ માનચંદ
૫૧) ,, જીવતલાલ પ્રતાપશી
૧૦૦) ,, નેમચંદ માણેકચંદ કપુરચંદ
૫૧) ,, મુલજી ડુંગરસી એલચીવાળા
૫૧) ડાકટર ચીમનલાલ નેમચંદ સરાફ
૫૧) ત્રીભોવનદાસ પરશોતમ મોતીવાલા
૫૧) શેઠ લલુભાઈ કરમચંદ દલાલ
૫૧) ,, પરભુદાસ શેશકરણ
૫૧) ,, તુલશીદાસ મોહનજી કરાણી
૫૧) ,, નાથાજી ગુલાબચંદ
૫૧) ,, જેપાલ પાનાચંદ
૫૧) ,, કેશવજી દેવજી
૫૧) ,, ચંદુલાલ સારાભાઇ મોદી
૫૧) ,, છોટાલાલ પ્રેમજી
૫૧) ,, હરખચંદ કપુરચંદ માસ્તર
૫૧) ,, અમરચંદ ઘેલાભાઈ
૫૧) ,, માણેકચંદ કુંવરજી

૪૦૩૯

ङ

## પાછળના વર્ષોનું વસુલ લવાજમ.

### સંવત ૧૯૮૧ના લવાજમના આવ્યા.

૫૧) શેઠ પોપટલાલ ધારસી
૫૧) ,, અમરચંદ ઘેલાભાઈ
૧૦૧) ,, લલુભાઇ ગુલાબચંદ ઝવેરી
૫૧) ,, સુરચંદ પરશોતમ બદામી
૫૧) ,, નારણદાસ કરસનદાસની કું.
૫૧) ,, નેમચંદ પીતાંબરદાસ
૫૧) ,, ચુનીલાલ વીરચંદ
૧૦૧) ,, મણીલાલ મોતીલાલ મુળજી
૫૧) ,, કકલભાઈ ભુદરભાઈ વકીલ
૫૧) ,, નથમલ મુળચંદ
૫૧) ,, સુરજમલ પુનમચંદ
૨૫૧) ,, હેમચંદ અમરચંદ
૫૧) ,, મલુકચંદ રૂપચંદ એન્ડ સન્સ
૫૧) ,, ભાઇચંદ અમુલખ [મેતાની કું.
૫૧) કાગદી કેશવલાલ એન્ડ સી. બી.
૫૧) ,, પુનમચંદ કરમચંદ કોટાવાળા
૫૧) ,, મણીલાલ નગીનદાસ
૫૧) ,, માણેકચંદ કુંવરજી
૫૧) ,, ઝવેરી સારાભાઇ ભોગીલાલ
૫૧) ,, પ્રેમસુખદાસ પુનમચંદ કોઠારી
૧૦૧) ,, ચત્રભુજ મોતીલાલ ગાંધી
૫૧) ,, દલસુખભાઇ મગનલાલ

૫૧) શેઠ નગીનચંદ કપુરચંદની વીધવા રૂખમણીબાઇ
૫૦) ,, જમનાદાસ મોરારજી જે. પી.
૭૫) ,, મકનજી જુઠાભાઈ મહેતા
૫૧) ,, ચુનીલાલ ઝવેરચંદ
૫૧) ,, રાયચંદ નાનચંદ હા. મગનલાલ
૫૧) ,, મોહનલાલ દલીચંદ દેસાઇ
૫૧) ,, નાગરદાસ હકમચંદ
૫૧) ,, રાયચંદ મોતીચંદની કું.
૫૧) ,, મણીલાલ લહેરચંદ
૧૫૧) ,, રામચંદ જેઠાભાઇની કું.
૫૧) ,, ત્રીભોવનદાસ પરશોતમદાસ મોતીવાલા
૫૧) ,, ઉતમચંદ મુલચંદની વીધવા સરસ્વતીબાઇ
૫૧) ,, લલુભાઈ કરમચંદ દલાલ
૧૦૧) ,, હીરાલાલ બકોરદાસ
૫૧) ,, ચંદુલાલ સારાભાઈ મોદી
૧૦૦) ,, અંબાલાલ બાપુભાઇ
૫૧) ,, કેશવલાલ ભાણાભાઈ
૧૦૧) ,, નવલા ડુંગાની કું.
૫૧) ,, ભોગીલાલ અમૃતલાલ ઝવેરી

---

૨૭૧૩)

### સંવત ૧૯૮૦ના લવાજમના આવ્યા.

૫૧) શેઠ પોપટલાલ ધારશી
૧૦૧) ,, દલીચંદ વીરચંદ
૫૧) ,, છગનલાલ ચુનીલાલ ચોકશી
૫૧) ,, નેમચંદ પીતાંબરદાસ
૫૧) ,, પ્રેમસુખદાસ પુનમચંદ કોઠારી
૧૦૦) ,, અંબાલાલ બાપુભાઈ
૧૦૧) શેઠ હીરાલાલ બકોરદાસ

---

૫૦૬)

### સંવત ૧૯૭૯ના લવાજમના આવ્યા.

૧૦૧) શેઠ દલીચંદ વીરચંદ
૫૧) ,, નેમચંદ પીતાંબરદાસ
૫૧ ,, પ્રેમસુખદાસ પુનમચંદ કોઠારી

---

૨૦૩)



### સંવત ૧૯૭૮ના લવાજમના આવ્યા.

૧૦૧ શેઠ દલીચંદ વીરચંદ
૫૧ ,, નેમચંદ પીતાંબરદાસ
૫૧ ,, પ્રેમસુખદાસ પુનમચંદ કોઠારી

---

૨૦૩)

### સંવત ૧૯૭૭ના લવાજમના આવ્યા.

૫૧) શેઠ નેમચંદ પીતાંબરદાસ
૫૧) ,, પ્રેમસુખદાસ પુનમચંદ કોઠારી

---

૧૦૨)

### સંવત ૧૯૭૩ થી ૧૯૭૬ સુધી લવાજમ.

૨૦૪ શેઠ પ્રેમસુખદાસ પુનમચંદ કોઠારી

च

## આગળના વર્ષોનું લવાજમ.

### સંવત ૧૯૮૩ના લવાજમના આવ્યા.

૧૫૧) શેઠ ભગુભાઈ હીરાભાઇ મલજીની કું.

छ

### શેઠ ઉતમચંદ રણછોડદાસ ટ્રસ્ટ.

૧૦૦૦૦) મેસર્સ ઓતમચંદ ત્રિભોવન અને વલભદાસ ટ્રસ્ટફંડ ખાતે તેમના એકઝીકયુટરો મેસર્સ દેવીદાસ કાનજી, મુલચંદ હીરજી, ત્રીકમલાલ પુલચંદ અને મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ આપ્યા

ज

૫૬૩૧૨-૮-૦ શેઠ વાડીલાલ સારાભાઇ વિદ્યાર્થીગૃહ
૪૩૬૮૭-૮-૦ શેઠ વાડીલાલ સારાભાઇ વિદ્યાર્થી ગૃહ ખાતે જમે આવ્યા

---

૧૦૦૦૦૦)

झ

### સ્થાઇ ફંડ.

૧૦૦૦) શેઠ લાલજી રામજી તરફથી તેમને એકઝીકયુટરો બાઇ જેઠીબાઈ તે શેઠ લાલજી રામજીની વિધવા શેઠ તુળશીદાસ મોહનજી, અને શેઠ વંદ્રાવનદાસ દયાળે આપ્યા.

પરિશિષ્ટ નં. ૧૫

(મેનેજીંગ કમિટીના પ્રોસીડીંગમાંથી ઉદ્ધૃત.)

# શેઠ વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહ સંબંધી શરતો ઠરાવ વિગેરે

મુંબઇ તા. ૫-૪-૧૯૨૬

**શેઠ વાડીલાલ સારાભાઇ ડોનેશન.**

ઓ. સેક્રેટરીએ જણાવ્યું કે છેલ્લી મીટીંગમાં જે સબકમિટી નીમવામાં આવી હતી તેના મેંબરોએ શેઠ વાડીલાલ સારાભાઇ સાથે વાતચીત કરી હતી. શેઠ વાડીલાલ મુંબઇ આવવાના હોવાથી તેમના આગ્રહથી સબકમિટીએ અમદાવાદ જવાનો વિચાર મુલતવી રાખ્યો હતો. તેઓની સાથે થયેલ વાતચીત અનુસાર જે શરતો વિચાર માટે તૈયાર થઇ હતી તે પર કમીટીએ વિચાર કરવાનો છે.

ત્યાર પછી શેઠ વાડીલાલ સારાભાઇ તરફથી હાજર રહેલા તેમના મિત્ર શેઠ મનસુખલાલ છગનલાલ સાથે વાટાઘાટ ચાલી, શરતો પર લંબાણ ચર્ચા થઇ. છેવટે નીચે પ્રમાણે પત્ર શેઠ વાડીલાલ સારાભાઈ, વ્યવસ્થાપક કમિટી પર લખે અને તેમાં સહી આવે તે પ્રમાણે ડોનેશનનો સ્વીકાર કરવો એવો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો. હાજર રહેલા સર્વ મેંબરોએ ચર્ચામાં ઘણા ઉત્સાહથી ભાગ લીધો હતો.

સ્વીકારની શરતનો પત્ર નીચે પ્રમાણે તૈયાર કરવામાં આવ્યો.

**શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**

ઓ. સેક્રેટરી. શ્રી મહાવીર જૈન વિદ્યાલય જોગ

મુંબઇ

વિનંતિ સાથે જણાવવાનું કે હું શ્રી મહાવીર જૈન વિદ્યાલયને નીચેની શરતે એક લાખ રૂપીઆ આપવા માંગું છું. તમારી કમિટી સન્મુખ નીચેની શરતો રજુ કરી તેનો નિર્ણય મને જણાવશો.

૧. મારૂં નામ આશ્રયદાતા એટલે પેટ્રન તરીકે જાહેર કરવું.

૨. મારૂં આરસનું બસ્ટ વિદ્યાલયની મુખ્ય યા યોગ્ય જગ્યાએ મારે ખરચે કરાવી મૂકવું અને તેની નીચે આરસની તખ્તીમાં આ ભેટની હકીકત યોગ્ય અક્ષરે અંગ્રેજી તથા ગુજરાતીમાં લખાવી મૂકવી.



૩. શ્રી મહાવીર જૈન વિદ્યાલયને અંગે જે વિદ્યાર્થીગૃહ ચાલે છે તે મુકામમાં પથ્થરનું છુટું બોર્ડ રસ્તા ઉપર મૂકી તેમાં "શ્રી મહાવીર જૈન વિદ્યાલય" ની નીચે "................................ વિદ્યાર્થીગૃહ" એટલા શબ્દો બીજી લીટીમાં લખવા. જ્યાં સુધી મુકામ ફેરવવામાં આવે નહીં ત્યાં સુધી અત્યારના મુકામ ઉપર સદર બોર્ડ લગાડવું. એ ગૃહ અથવા ચાલુ મુકામ ઉપર બીજાનું નામ આપવામાં આવે તેમાં મને વાંધો નથી.

૪. વિદ્યાલયને અંગે ચાલતા "વિદ્યાર્થીગૃહ" સંબંધી જે જે પત્રવ્યવહાર ચાલે તે સર્વ પત્ર વ્યવહારમાં ઉકત વિદ્યાલયના નામની નીચે "................. વિદ્યાર્થીગૃહ" એ પણ મૂકવાનું છે અને તે વિદ્યાર્થીગૃહનો અહેવાલ સદર નામથી રિપોર્ટમાં છપાવવાનો છે.

૫. વિદ્યાલયની મેનેજીંગ કમીટીમાં સભ્યો તરિકે મારા જીવન પર્યંત હું અને તે ઉપરાંત મારા તરફથી મેં નીમેલા ત્રણ શ્વેતાંબર મૂર્તિપૂજક ગૃહસ્થો રહેશે અને તેમનાં નામ હું તે કમિટીની ચુંટણી થયા પછી દર વર્ષે જણાવતો રહીશ. મારા જીવન બાદ મારા બે ભાઇઓ અથવા તેમના વારસોમાંથી બે જણા અને તેઓ જે ત્રીજા ગ્રહસ્થની નીમણુક કરે તે રીતે ત્રણ સભ્યો રહેશે.

૬. વિદ્યાલયના ટ્રસ્ટી તરીકે મારૂં નામ દાખલ કરવું અને મારી હૈયાતી બાદ ................................ ટ્રસ્ટી રહેશે અને તે પ્રમાણે કરવું પડે માટે કાયદા કાનુનમાં જે ફેરફાર કરવા પડે તે તમારા ખરચે કરવા.

૭. હું પોતે બે શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓને ભલામણ કરીને મોકલું તેની અરજી સંસ્થાના બીજા ધારાધોરણસર હોય તો તેમને દાખલ કરવા અને તે એવી રીતે કે તે બે વિદ્યાર્થી જ્યાં સુધી સંસ્થામાં રહે ત્યાં સુધી તે માટે જેમ બીજા પાસે બોન્ડ કરાવી લેવામાં આવે છે તેમ તેમની પાસેથી કરાવવું નહિ એટલે તેમની પાસેથી કાંઇ પણ રકમ લેવાની નથી. મારી હયાતી બાદ મારા ભાઇઓને (તથા તેના વારસોને) ઉપર પ્રમાણે બે વિદ્યાર્થી ચુંટવાનો (મોકલવાનો) હકક રહેશે.

૮. મારી અમદાવાદની વીશા ઓશવાળ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોમના વિદ્યાર્થીઓની અરજી ધારાધોરણ અનુસાર હોય તો સરખી યોગ્યતાવાળામાં તેમને પ્રેફરન્સ આપવું.

આ શરતો મેનેજીંગકમિટીના કેટલાક મેંબરો તથા સેક્રેટરી સાથે મળી તેમની સાથે ચર્ચા કરી નક્કી કરી જણાવી છે. મને ખાત્રી ભરી આશા છે કે મેનેજીંગ કમિટી આ મારા હૃદયના ઉલ્લાસથી જણાવેલ ઈચ્છાને માન આપી મંજુર કરશે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો ઉદય ઇચ્છી

લી૦

(સહી) **વાડીલાલ સારાભાઇ**

ઉપરની શરતો વાળો પત્ર સહી થઇ સેક્રેટરી પાસે આવ્યેથી તે શરતે સદર ડોનેશન સ્વીકારાયલું ઠરાવ્યુ.

ઉક્ત ડોનેશનને યોગ્ય જાહેરાત આપવા બનતી ત્વરાએ એક મેળાવડો શ્રી વિદ્યાલયના મુકામમાં કરવાની ગોઠવણ સેક્રેટરીએ કરવી. પ્રમુખસ્થાન માટે સર પ્રભાશંકર પટ્ટણીને વિજ્ઞપ્તિ કરવી. મેળાવડાના ખર્ચ માટે મંજુરી આપી.

——;o;——

પત્રમાં સહી થઈ ગઈ, મેળાવડો થયો, રૂપીઆ એક લાખ વસુલ આવ્યા નીચેના ચાર મેંબરોને કમિટીમાં દાખલ કર્યા.

૧ **શેઠ વાડીલાલ સારાભાઇ**
૨ ,, **બાપાલાલ સારાભાઇ**
૩ ,, **જેશંગભાઈ સારાભાઇ**
૪ ,, **મણીલાલ મોહનલાલ હેમચંદ**



પરિશિષ્ટ નં. ૧૬.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## શ્રી સારાભાઇ મગનભાઈ મોદી લોન સ્કોલરશીપ ફંડ સબકમિટીની કાર્યવાહીનો ૧૯૨૫-૨૬ ની સાલનો રિપોર્ટ.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયની મેનેજીંગ કમિટી જોગ,**

**મુંબઇ.**

આપશ્રીના તા. ૧૧-૯-૨૫ ના મેનેજીંગ કમિટીના ઠરાવ મુજબ આપે પાંચ મેંબરો નીમ્યા અને શેઠ સારાભાઇએ ચાર મેંબરો નીમ્યા તે મુજબ નવ ગૃહસ્થોની સબકમિટી નીમાઈ હતી. પ્રથમના પાંચ ગૃહસ્થો આપે નીમેલા અને છેવટના ચાર ગૃહસ્થો શેઠ સારાભાઇ તરફથી નીમવામાં આવેલા તે નામો નીચે પ્રમાણે છે.

૧ રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ. સોલીસીટર ઓનનરી સેક્રેટરી.
૨ રા. મકનજી જુઠાભાઇ મહેતા બાર-એટ-લો.
૩ રા. મોહનલાલ દલીચંદ દેસાઇ બી. એ. એલ. એલ. બી.
૪ ડો. નાનચંદ કસ્તુરચંદ મોદી એલ. એમ એન્ડ એસ.
૫ રા. મણીલાલ સુરજમલ ઝવેરી.
૬ રા. ભોગીલાલ અમૃતલાલ ઝવેરી બી. એ. એલ. એલ બી.
૭ રા. સારાભાઇ વાડીલાલ ઝવેરી.
૮ રા. સારાભાઈ મગનભાઇ મોદી, બી એ.
૯ મી. ચંદુલાલ સારાભાઇ મોદી, બી. એ.
૧૦ મી કકલભાઇ ભુધરદાસ વકીલ. એકટીંગ ઓનરરી સેક્રેટરી)

ઉપરના નવ ગૃહસ્થોની પેટા કમિટી થઇ તેની કાર્યવાહીનો રિપોર્ટ આપના તરફ મોકલવામાં આવે છે તેને અંગે આપ યોગ્ય સૂચના કરશો તે પર પૂરતો વિચાર કરવામાં આવશે.

મી. ચંદુલાલ સારાભાઇ મોદીને આ સબકમિટીના આસીસ્ટંટ સેક્રેટરી નીમવામાં આવ્યા હતા. રિપોર્ટવાળા વર્ષ દરમીયાન આ સબકમિટીની કુલ આઠ મીટીંગ થઇ હતી અને તે ઉપરાંત એક વખત સરક્યુલરથી અરજીઓનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

સાથેના પત્રમાં જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં બાર વિદ્યાર્થીઓ આ ફંડનો લાભ લઈ નિવૃત થયા છે તેમાંથી બે ભાઈ મુંબઇમાં નોકરી કરે છે અને

લીધેલી મદદ પૈકી થોડી રકમ પાછી પણ વાળી છે. ત્રણ ભાઈ શામળદાસ કોલેજ, ભાવનગરમાં અભ્યાસ કરે છે. એક ગુજરાત કોલેજ, અમદાવાદમાં અભ્યાસ કરે છે અને એક ભાઇ ક્રીશ્ચીયન કોલેજ ઇંદોરમાં અભ્યાસ કરે છે. એક ભાઇ સાણંદમાં જૈનશાળામાં શિક્ષક તેમજ વૈદ્યનું કામ કરે છે. બે ભાઇઓને મદદની જરૂર નહિ હોવાથી તેમણે મદદ લેવી બંધ કરી છે. અને બાકીના બે ભાઇ તરફથી અભ્યાસનો રિપોર્ટ વારંવાર માગણી કરવા છતાં નહિ મળવાથી મદદ મોકલવી બંધ કરવામાં આવી છે.

છેલ્લા રિપોર્ટમાં જણાવેલા વિદ્યાર્થીઓ ઉપરાંત, રિપોર્ટવાળા વર્ષ-દરમીયાન ૨૮ નવા વિદ્યાર્થીઓએ ફંડનો લાભ લેવા માટે અરજી કરી હતી તેમાંથી ૨૪ વિદ્યાર્થીઓની અરજીઓ મંજુર કરવામાં આવી હતી. સાથે પત્રમાં જણાવ્યા મુજબ હાલમાં આ ફંડનો કુલ ૨૮ અઠાવીસ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યાછે તે પૈકી બે ભાઇઓ બનારસ હિન્દુ યુનીવરસિટીમાં વિજળીની લાઇન તથા મીકેનીકલ લાઇનનો અભ્યાસ કરેછે, ત્રણભાઈઓ દાવર કોલેજ ઑફ કોમર્સ મુંબઇમાં અંગ્રેજીનામું વિગેરેનો અભ્યાસ કરેછે, એક ભાઈ રણછોડભાઈ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ અમદાવાદમાં અભ્યાસ કરેછે; બે ભાઈ L. C. P. S. નો અમદાવાદમાં અને એક ભાઈ L. C. P. S. નો મુંબઈમાં અભ્યાસ કરેછે, એક ભાઈ પાટણ આયુર્વેદ મહાવિદ્યાલયમાં અભ્યાસ કરે છે, એક ભાઈ સર. જે. જે. સ્કુલ ઓફ આર્ટસ મુંબઈમાં ડ્રોઈંગ શિક્ષકનો અભ્યાસ કરેછે. બાકીના વિદ્યાર્થીઓ પૈકી પાંચ મેટ્રીક કલાસમાં, ચાર છઠ્ઠા ધોરણમાં, પાંચ પાંચમા ધોરણમાં અને એક ચોથા ધોરણમાં ભાવનગર, અમદાવાદ, વઢવાણ, ખેડા તથા સોજીત્રાની હાઇસ્કુલોમાં અભ્યાસ કરેછે. દક્ષિણ વિભાગ તથા ઇંદોર તરફના ભાઈઓ પણ આ ફંડનો લાભ લેતા થયાછે; અને દુર દુર વસતા આપણા બીજા ભાઈઓ આ ફંડનો લાભ ઉઠાવે તેમ અમે ઇચ્છીએ છીએ.

રિપોર્ટવાળા વર્ષ દરમીયાન એટલે કે ૧-૬-૧૯૨૫ થી ૩૧-૫-૧૯૨૬ સુધીમાં વ્યાજની આવક રૂ. ૧૩૬૭-૭-૦ થઈછે અને રૂ. ૧૫૫૧-૪-૦ વિદ્યાર્થીઓને મદદના મોકલી આપવામાં આવ્યાછે. તે ઉપરાંત જાહેર ખબર, એગ્રીમેંટ ફોર્મ, સ્ટાંપ, પ્રીન્ટીંગ, સ્ટેશનરી અને પોસ્ટેજના મળી કુલ રૂ. ૧૭૮-૮-૬ ખરચ થયોછે. આવક જાવકનો હિસાબ આ સાથે આપવામાં આવ્યો છે.

આ ફંડની વિશેષ જાહેરાત થાય તેટલા માટે 'જૈનયુગ' માસિકમાં સંવત ૧૯૮૩ ના કારતક માસથી જાહેર ખબર આપવાનું શરૂ કર્યું છે.

મુંબઈ યુનિવરસિટિએ સંસ્કૃત ભાષાનો અભ્યાસ ઐચ્છિક કરીને સ્થાન ગુજરાતી ભાષાને પણ આપ્યુંછે તેથી આપણા કેટલાક વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાનો અભ્યાસ કઠીન લાગવાથી તેને મૂકી દઈ ગુજરાતીનો અભ્યાસ ગ્રહણ કરે છે. અને તે કારણને લીધે આપણા કેટલાક ભાઈઓની ઇચ્છા " વિદ્યાર્થીઓની



બીજી ભાષા સંસ્કૃત હોવી જોઇએ " તે નિયમમાં છુટ મુકવાની થાયછે. પરંતુ આ ફંડના ઉત્પાદક શ્રીયુત સારાભાઇ મગનભાઇ મોદીનો મૂળ આશય દ્રષ્ટિ સમક્ષ રાખતાં તેમાં ફેરફાર કરવાનું અમને બીલકુલ ઉચિત નથી લાગતું.

વિદ્યાર્થીઓના ધાર્મિક અભ્યાસ માટે અમોએ મુનિશ્રી ન્યાયવિજયજી રચિત જૈન દર્શન મુકરર કર્યું છે અને હવે પછી ધર્મ સંબંધી વિશેષ જ્ઞાન મળે તે હેતુથી એજ્યુકેશન બૉર્ડ તરફથી લેવાતી પરિક્ષામાં આ ફંડનો લાભ લેતા વિદ્યાર્થીઓ બેસે તે માટે યોગ્ય પ્રબંધ કરવા વિચાર રાખ્યો છે.

અદ્યાપિ આ યોજનાનો બહુજ થોડો લાભ લેવામાં આવ્યો છે પણ ઉત્તરોત્તર લાભ લેનારાઓની સંખ્યા વધતી જશે તેમ અમે માનીએ છીએ.

આ રિપોર્ટ અમારી સબકમિટીએ તા. ૨૮-૧૧-૨૬ના રોજ સર્વાનુમતે અમારી કમિટીની મિટીંગમાં પસાર કરી આપની તરફ મોકલ્યો છે.

**ચંદુલાલ સારાભાઇ મોદી.**
આસીસ્ટંટ ઓનરરી સેક્રેટરી.

**મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ**
ઓનરરી સેક્રેટરી.

## શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન સ્કોલર શીપ ફંડનો તા. ૧-૬-૧૯૨૬ થી ૩૧-૫-૧૯૨૬ સુધીનો એક વર્ષનો આવક જાવકનો હિસાબ.

| જ | ઉ |
|---|---|
| ૩૧૦૧૫-૧૦--૬ શ્રી પુરાંત જણશે બાકી | ૧૫૫૧--૪--૦ શ્રી લોન સ્કોલર શીપ ખાતે. |
| ૧૩૬૭--૭--૦ શ્રી વ્યાજ ખાતે | ૯૦--૦--૦ શ્રી જાહેર ખબર ખાતે |
| | ૫૮--૮--૬ શ્રી પોસ્ટેજ, પ્રીન્ટીંગ તથા સ્ટેશનરી ખાતે |
| | ૩૦--૦--૦ એગ્રીમેન્ટ ફોર્મ સ્ટાંપ |
| | ૩૦૬૫૩--૫--૦ શ્રી પુરાંત ધીરેલા બાકી |
| ૩૨૩૮૩--૧--૬ | ૩૨૩૮૩--૧--૬ |



## લાભ લેતા વિદ્યાર્થીઓનું લીસ્ટ.

| નંબર. | નામ. | ગામનું નામ | ચાલ અભ્યાસ | મદદ. | તા. ૩૧-૧૦-૨૬ સુધી કેટલી મદદ આપી. |
|---|---|---|---|---|---|
| ૧ | રતીલાલ સાકલચંદ શાહ | દેવા | વસો હાઇસ્કુલ અ ગ્રેજી સાતમી | માસીક રૂ. ૧૦ | રૂા. ૧૮૧ |
| ૨ | મગનલાલ કસ્તુરચંદ શાહ | વઢવાણ કેમ્પ | વીજળીની લાઇન બનારસ હિંદુ યુનીવરસીટીમાં | ,, ૧૫ | ,, ૨૬૮ |
| ૩ | છોટાલાલ કેશવજી દોશી | વરસડા (અમરેલી) | આલફ્રેડ હાઇસ્કુલ ભાવનગર અંગ્રેજી સાતમી | ,, ૮ | ,, ૧૫૧ |
| ૪ | રતીલાલ અંદરજી દોશી | ,, | આયુર્વેદ મહાવિદ્યાલય, પાટણમાં પહેલું વર્ષ | ,, ૭ | ,, ૧૪૯ |
| ૫ | જમનાદાસ અંદરજી દોશી | ,, | આલફ્રેડ હાઇસ્કુલ ભાવનગર અંગ્રેજી ધો. છઠું | ,, ૧૦ | ,, ૧૪૧ |
| ૬ | માણેકચંદ ધુલચંદ મોરી | સઇલાના | દાવર કોલેજ ઓફ કોમર્સમાં હિસાબી નામું વિ. | કુલ રૂ. ૧૬૧ | ,, ૧૬૧ |
| ૭ | ચંદુલાલ સાંકળચંદ શાહ | અમદાવાદ | મોડલ હાઇસ્કુલ, અમદાવાદ અંગ્રેજી ધો પાંચ | માસીક રૂ. ૫ | ,, ૮૬ |
| ૮ | અમરતલાલ કસ્તુરચંદ જૈન | હળવદ | બનારસ હિંદુ યુનીવરસીટીમાં મીકેનીકલ સોપ પ્રેકટીસ વર્ષ બીજું | ,, ૧૦ | ,, ૨૦૧ |
| ૯ | કાન્તિલાલ કેવળદાસ શાહ | ખેડા | સર જે. જે. સ્કુલ ઓફ આર્ટસમાં ડ્રોઇંગ શિક્ષકનો અભ્યાસ | ,, ૩૦ | ,, ૨૫૪ |
| ૧૦ | રવચંદ જેશીંગભાઈ શાહ | અમદાવાદ | દાવર કોલેજ ઓફ કોમર્સમાં જી ડી. એ. નો અ | કુલ રૂ. ૧૪૧ | ,, ૧૪૧ |
| ૧૧ | અનુપમચંદ મગનલાલ શાહ | ભરૂચ | દાવર કોલેજમાં હિસાબ નામું | ,, ૧૪૭ | ,, ૧૪૬ |
| ૧૨ | પોપટલાલ સરૂપચંદ શાહ | સોજીત્રા | સોજીત્રા હાઇસ્કુલ અંગ્રેજી છઠી | માસીક રૂા. ૭ | ,, ૨૯ |
| ૧૩ | ન્યાલચંદ મણીલાલ શાહ | ધ્રાંગધ્રા | આર, સી. ટેકનીકલ ઇન્સ્ટીટયુટ અમદાવાદ | ,, ૧૫ | ,, ૬૧ |
| ૧૪ | કાન્તિલાલ જીવનલાલ દોશી | મહુવા | આલફ્રેડ હાઇસ્કુલ ભાવનગર અંગ્રેજી ચોથી | ,, ૫ | ,, ૨૬ |
| ૧૫ | જયંતિલાલ હઠીચંદ શાહ | પાલીતાણા | રવિશંકર રાવળ પાસે ચિત્રકળાનો અભ્યાસ | ,, ૧૦ | મંજુર કીધા તા. ૨૭-૬-૨૬ કબુલ કીધાનો જ. નથી |
| ૧૬ | પોપટલાલ ડુંગરશી વોરા | સુંદરીયાણા | એલ સી. પી. એસ. લાઇન અમદાવાદ | ,, ૧૫ | રૂ. ૪૬ |
| ૧૭ | રતીલાલ ઠાકરસી શાહ | લીયાદ (લીંબડી) | ,, | ,, ૧૫ | ,, ૪૬ |
| ૧૮ | શાંતલાલ પોપટલાલ શાહ | વઢવાણ | એન. ટી એમ. હાઇસ્કુલ વઢવાણ અં. પાંચમી | ,, ૬ | ,, ૨૫ |
| ૧૯ | નાથુલાલ કોઠારી | ચંદસારે | ઇંદોર કોમરશીયલ ડીપ્લોમાં | ,, ૨૦ | મંજુર કીધા તા. ૧૮-૭-કબુલ કીધાનો જ. નથી |
| ૨૦ | શાંતિલાલ મણીલાલ શાહ | રખીઆલ | ટયુટોરીયલ હાઇસ્કુલ અગ્રેજી સાતમી અમદાવાદ | ,, ૮ | રૂ. ૨૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧ | લીલચંદ જસરાજ શાહ | વીરમગામ | ન્યુ હાઇસ્કુલ અમદાવાદ અંગ્રેજી પાંચમી | " ૫ | " ૧૬ |
| ૨૨ | ચીમનલાલ કેશવલાલ શાહ | અમદાવાદ | સીટી હાઇસ્કુલ અમદાવાદ અંગ્રેજી ધો. સાતમું | " ૭ | " ૧૫ |
| ૨૩ | ચંદુલાલ તુળજારામ શાહ | નાંદણી (કોલ્હાપુર) | નેશનલ મેડીકલ કોલેજમાં L.C.P.S. પહેલું વર્ષ | " ૧૫ | " ૩૧ |
| ૨૪ | તારાચંદ મોહનલાલ દોશી | જુવા (કાઠીયાવાડ) | હેરીસ હાઇસ્કુલ પાલીતાણા અંગ્રેજી છઠી | " ૧૦ | મંજુર કીધા તા. ૨૩-૮-૨૬ |
| ૨૫ | મનસુખલાલ છગનલાલ શાહ | સીહોર (કાઠીયાવાડ) | " " " ધો. પાંચમી | " ૧૦ | " |
| ૨૬ | શેઠ હરિલાલ ગિરધરલાલ | સાવરકુંડલા " | સનાતનધર્મ હાઇસ્કુલ ભાવનગર અં ધો. સાતમું | " ૮ | રૂ. ૧૭ |
| ૨૭ | ચીમનલાલ મગનલાલ શાહ | સાઠંબા (કાઠીયાવાડ) | સીટી હાઇસ્કુલ અમદાવાદ અંગ્રેજી છઠી | " ૮ | મંજુર કીધા તા. ૧૪-૧૧-૨૬ |
| ૨૮ | શાહ અંબાલાલ ચુનીલાલ | પેથાપુર | અંગ્રેજી પાંચમીના અભ્યાસ માટે | " ૧૦ | " |

## લાભ લીધેલા વિદ્યાર્થીઓનું લીસ્ટ.

| નંબર. | નામ. | આપેલી મદદ. | હાલ શું કરે છે. |
|---|---|---|---|
| ૧ | રતીલાલ અમૃતલાલ શાહ ખેડા | રૂ. ૨૦ | એડવર્ડ મેમોરીયલ હાઇસ્કુલ ખેડામા અભ્યાસ સગાઓના આગ્રહથી તથા નીશાળમાંથી મદદ મળવાથી લાભ લેવો બંધ કીધો છે |
| ૨ | શાંતીલાલ ગુપ્તા જયન હળવદ | " ૨૬૫ | હીન્દુ યુનીવરસીટી બનારસમાં આયુર્વેદનો બે વર્ષ અ. કરી હાલ સાણંદમાં જૈ. શાળાના સીક્ષક તરીકે કામ કરે છે તથા દેશી વઇદનું પણ કામ કરે છે. |
| ૩ | મંગળભાઈ મોહનલાલ મેડા આદરજ | " ૧૨૦ | મેટ્રીક નાપાસ, મુંબઈમાં નોકરી, રીફંડ રૂ. ૨૫) નવેંબર ૧૯૨૬ માં અપ્યા. |
| ૪ | વાડીલાલ રણછોડદાસ શાહ " | " ૨૪૬ | મેટ્રીક પાસ, દાવર કો માંથી બીઝનેશ ઓરગેનીસેશન તથા મરકનટાઇલ લોમાં નાપાસ રીફન્ડ રૂ. ૪૦) આપ્યા |
| ૫ | હકીચંદ જીવણલાલ દોશી મહુવા | " ૯૬ | મેટ્રીક પાસ, શામળદાસ કોલેજમાં અભ્યાસ કરે છે. |
| ૬ | પ્રેમચંદ ગુલાબચંદ દોશી તરેડ મહુવા | " ૯૬ | " " " " [ મદદ બંધ કરી છે. |
| ૭ | શેઠ હરીલાલ મોહનલાલ ખેડા | " ૩૩ | એડવર્ડ મે. હાઇસ્કુલ ખેડામાં અ. કરે છે. એ. ફોર્મ ભરીને નહી મોકલવાથી |
| ૮ | હિરાલાલ ફુલચંદ શાહ પેથાપુર | " ૨૧ | અભ્યાસનો રીપોર્ટ નહી મળવાથી મદદ બંધ કીધી છે |
| ૯ | આતમારામ માણેકલાલ શાહ અમદાવાદ | " ૨૧ | " " " " |
| ૧૦ | માનમલ ભેરૂલાલ સીપાણી | " ૬૧ | મેટ્રીક પાસ ક્રીશ્રીયન કોલેજમાં ઇંદોરમાં અભ્યાસ કરે છે. |
| ૧૧ | લાલભાઈ વલુભાઇ પરીખ | " ૭૮ | મેટ્રીક પાસ ગુજરાત કોલેજમાં અભ્યાસ કરે છે. |
| ૧૨ | અમ્રતલાલ ચત્રભુજ શાહ | " ૭૮ | મેટ્રીક પાસ શામળદાસ કોલેજમાં અભ્યાસ કરે છે. |



પરિશિષ્ટ નં, ૧૭

ॐ ह्रीं श्री अर्हं नमः।

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

[ ગોવાલીઆ ટેન્ક રોડ, મુમ્બઈ ]

નું

# નવું મકાન ખુલ્લું મુકવાનો આનન્દ–પ્રસંગ

વીરાત ૨૪૫૧—વિ. સં. ૧૯૮૧ આશ્વિન વદ ૧ શનિવાર, તા૦ ૩-૧૦-૨૫

પ્રમુખઃ—સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી.

## કાર્યક્રમ.

૧. { મંગલાચરણ—શ્રી મહાવીર સ્તુતિ( ત્રિશલાનન્દન, જગદાનન્દન. )
સ્થાપના ગીત–'ધન્ય દિન એજ વીર શાસને જે સમે, વીર વિદ્યાલયની થઇ સ્થાપના'

૨. પ્રમુખ સાહેબની ચુંટણીઃ—

દરખાસ્ત કરનાર—શેઠ છોટાલાલ પ્રેમજી.
ટેકો આપનાર—શેઠ લલ્લુભાઇ દીપચંદ
અનુમોદન કરનાર–શેઠ મોહનલાલ હેમચંદ

૩ ઓ. સેક્રેટરી તરફથી દશ વર્ષની કાર્યવાહીનો ટુંક અહેવાલ

૪ પ્રસંગોચિત વિવેચનઃ—

(૧.) રા. મોહનલાલ દલીચંદ દેશાઇ.
(૨.) શેઠ કુંવરજી આણંદજી
(૩.) શેઠ ગુલાબચંદ દેવચંદ ઝવેરી.
(૪.) રા. મકનજી જે. મહેતા.
(૫.) રા ઓધવજી ધનજી શાહ ( જુના વિદ્યાર્થીઓ તરફથી. )
(૬) ભાઇ પ્રસન્નસુખ સુરચંદ બદામી (વર્તમાન વિદ્યાર્થીઓ તરફથી)

૫ પ્રમુખ મહાશયને મકાન ખુલ્લું કરવાની ક્રિયા કરવા
વિનંતિ કરનાર–શેઠ દેવકરણ મુળજી

શ્રી મહાવીર સ્મરણઃ–'મહાવીર ! તુજ આશય ગંભીર'

૬. પ્રમુખશ્રી તરફથી ઉદ્ઘાટન ક્રિયા અને તેમનો ઉપસંહાર.

૭. વિદ્યાર્થીઓને ઇનામ તથા મીસ્ત્રી ઈજનેર આદિને ઉપહાર.

૮. { 'અમારા મનોરથ'—'ઉપકારી મહાવીર! અમારા'
આનંદ ગીત—'આનંદ આનંદ આજે અધીક છે!

૯. પ્રમુખ સાહેબનો ઉપકારઃ—

દરખાસ્ત કરનાર—શેઠ જમનાદાસ મોરારજી જે. પી.
ટેકો આપનાર—શેઠ નરોત્તમદાસ ભાણજી

ॐ अर्हम्

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

[ સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી સાહેબના હસ્તે આ સંસ્થાનું નવીન મકાન તા. ૩-૧૦-૧૯૨૫ ના દિને જાહેર રીતે ખુલ્લું મુકવાની શુભ ક્રિયા પ્રસંગે ]

## શ્રી મહાવીર સ્તુતિ.

(૧)

[ રાગ કલ્યાણ ]

ત્રિશલાનન્દન જગદાનન્દન
તુજ ગુણનો, નહિ પાર—ત્રિશલાનન્દન.
મહાવીર! સુત સિધ્ધારથ! તુંથી,
સિધ્ધ્યા અરથ, અમ સુખકાર—ત્રિ૦
વર્દ્ધમાન! તુજ લક્ષણ 'કેસરી'
કુમત મૃગો સૌ, નાસી જનાર—ત્રિ૦
યક્ષ માતંગ સિધ્ધાયિકા દેવી.
સેવકભીતિ, ભંજનહાર—ત્રિ૦
'તું ગતિ તું મતિ તું મુજ આશરો,
તું અવલંબન, તુજશ્યું પ્યાર'—ત્રિ૦
સ્યાદ્વાદ વ્યાખ્યો તુજ દર્શનમાં,
એજ ખરો અમ છે સહકાર—ત્રિ૦

—મોહનલાલ દલીચંદ દેશાઈ.



(૨)

## સ્થાપના ગીત.

[ રાગ કલ્યાણ ]

ધન્ય દિન એજ વીર શાસને જે સમે,
વીર વિદ્યાલયની થઈ સ્થાપના.
અતિ પ્રમાદે નિરૂત્સાહ જડ ભાવથી,
શ્વાસ લેતો અતિ બલ કરીને મથી;
તે સમાજે ભરી છે નિરાશા બધી,
કયાંથી ટકશે જીવન-પૂર ચિરકાળથી?
ધન્ય દિન એજ વીર શાસને તે સમે,
વીર વિદ્યાલયની થઈ સ્થાપના.
પલટયો જમાનો કહે દાનવૃત્તિ અદલ,
દેવમૂર્તિ સહિત જ્ઞાનવૃત્તિ પ્રકટ;
દેશ મૈયા સપૂત વલ્લભની વાચના,
ધર્મનાં સાથ તું દેશનાં સ્તોત્ર ગા.
એ સમે વીરના શાસને ધન્ય દિન,
વીર વિદ્યાલયની થઇ સ્થાપના.
એહ આદેશ લઇ ગણુ પ્રજાનો મળ્યો,
લક્ષ્મી સુતનો સમુદાય આવી ભળ્યો;
સખી હૃદયનો ઝરો એકદમ ઉછળ્યો,
વીરસુત બાળકો અર્થ એ શ્રમ ફળ્યો.
ધન્ય દિન એજ વીર શાસને જે સમે,
વીર વિદ્યાલયની થઈ સ્થાપના.

—મોહનલાલ દ. દેશાઈ.

(૩)

## શ્રી મહાવીર સ્મરણ.

( રાગ હમીર )

મહાવીર! તુજ આશય ગંભીર;
ખુબ વિચારૂં ભાવું હૃદયમાં, અચલ, અટલ, એક વીર— મહાવીર!
બાલ્ય વયે અંગુઠે મેરૂ, ક્ષણુ કંપાવ્યો લગીર,
એક મુષ્ઠિથી દેવ હરાવ્યો, કયા છે એવાં શરીર— મહાવીર!

કયાં તું ને કયાં તુજ સંતાનો, કલેશે રહ્યા જંજીર.
મોહ અંધારે ભૂલ્યા ભટકે, દેખે ન ભવજલતીર— મહાવીર !
ગગનાંગણમાં સૂર્ય ઉગે ત્યાં, રહે ન લેશ તિમિર,
તુજ આદેશ અહિંસા તપ ને, સંયમે થવાય વીર,— મહાવીર !
સ્વાશ્રય ને નિજબલની દૃઢતા, પાઠ શિખાવ્યા સ્થિર,
સામ્યવાદ સહુ સાથે સ્થાપી, મહાયોગી તું ધીર,— મહાવીર !

—મોહનલાલ દલીચંદ દેશાઇ.

(૪)

## અમારા મનોરથ.

[ રાગ માઢ-ગુણવંતી ગુજરાત, અમારી૦ એ લયમાં ]
ઉપકારી મહાવીર, અમારા ઉપકારી મહાવીર,
વંદન .કરીએ વીર! અમારા ઉપકારી મહાવીર.
જ્ઞાનાવરણીય કર્મ કરી ક્ષય, સર્વ જ્ઞાની ભગવાન;
તેમ કરી અમ તુજ બાળકડાં, થઈશું તારી સમાન— અમારા.
તુજ ગુણ નામ હૃદયમાં ધરીશુ, રાખીશું તુજ નામ;
વિજય વાવટો જગ પૂરકાવી, રચીશું વિદ્યા-ધામ— અમારા.
સ્યાદવાદ નય તત્ત્વ પ્રમાણે, તુજ ફીલસુફી મહાન;
શીખી પઢાવી સંત જનોનાં, ગાશું મંગળ ગાન— અમારા.
તુજ મંદિરમાં આળેખીશું, પૂર્વ સાધુનાં ચિત્ર;
તેને ને તુજ પગલે ચાલી, થાશું અમે પવિત્ર— અમારા.

—મોહનલાલ દલીચંદ દેસાઇ

(૫)

## આનંદ ગીત

આનંદ આનંદ આજે અધિક છે.
મહાવીર સહાયે પછી શી બીક છે
વિદ્યાવૃક્ષ આ વાવ્યું પ્રયાસે, દિન દિન વધતું જાય,
સજ્જન આપ સહાયે હરનિશ, પુર્ણ પ્રફુલ્લિત થાયે, અધિક છે.
પ્રથમ જ્ઞાન ને પછી દયા એમ, શ્રી મહાવીરે ભાખ્યું
વિદ્યાલયથી જૈન છાત્રોએ, જ્ઞાનસુધારસ ચાખ્યું, અધિક છે.

—ડાહ્યાભાઈ ધોળશાજી પરથી
સૂચિત.



પારશિષ્ટ નં. ૧૮.

# શેઠ વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થી ગૃહ
## ખુલ્લું મુકવાના મેળાવડાનો રિપોર્ટ.

# શ્રી મહાવીર જૈન વીદ્યાલય.

( મુંબઇ સમાચાર તા. ૧૨-૪-૧૯૨૬. )

### શ્રીયુત વાડીલાલ સારાભાઈ તરફથી રૂપીઆ એક લાખની સખાવત.
### સખાવત જાહેર કરવા વિદ્યાલયમાં ભવ્ય મેળાવડો.
### સર પ્રભાશંકર પટણીનું પ્રમુખસ્થાનેથી ભાષણ.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયને અમદાવાદવાળા શ્રીયુત વાડીલાલ સારાભાઇ તરફથી વિદ્યાર્થી ગૃહ માટે મળેલી એક લાખ રૂપીયાની સખાવત જાહેર કરવા ગોવાળીયા તળાવપર આવેલા મજકુર વિદ્યાલયના હોલમાં શુક્રવારે રાત્રે ૮-૩૦ કલાકે એક જાહેર મેળાવડો કરવામાં આવ્યો હતો જે વેળા મેળાવડાનું પ્રમુખ સ્થાન સર પ્રભાશંકર દલપતરામ પટણીએ લીધું હતું.

### ઓ૦ સેક્રેટરીનું. વીવેચન.

ઓ૦ સેક્રેટરીએ તે બાદ વીવેચન કરતાં જણાવ્યું હતું કે આજે આપણે શા માટે અત્રે મળ્યા છીએ તે બાબત તમને વીદીત થઈ ગઇ છે. એ સંબંધમાં હું આગળ બોલું તે પહેલાં જણાવીશ કે આજના પ્રસંગ તરફ દીલસોજી દરશાવનારા સંદેશાઓ મને મળ્યા છે. દોઢેક વરસ પહેલાં મારે શ્રીયુત વાડીલાલને મળવાનું થયું હતું તે વેળા કેળવણીમાં આપણે કેટલા પછાત છીએ તથા કેળવણીની વીશેષ કેટલી જરૂર છે વિગેરે બાબતો એમને સમજાવી હતી. શ્રાવક ધર્મને અનુકુળ રહીને જુદી જુદી દિશાઓમાં જેટલી કેળવણી લેવાય એટલી લેવી એ આપણી કોમને માટે જરૂરી છે એ સંબંધમાં મારે એમની સાથે વાતચીત થઇ હતી તેમણે તે પછી થોડાજ વખતમાં કમિટી ઉપર પોતાની દરખાસ્ત અને શરતો મોકલાવી આપ્યાં અને વિદ્યાલયને મદદ કરવાની પોતાની જિજ્ઞાસા દરશાવવા અત્યંત પ્રેમ સાથે તેઓએ એક લાખ રૂપીયાની સખાવત કરી છે. આ કાર્ય તેમણે કોમ માટેની શુભ ઇચ્છાથી કરયું છે. અને જે નાદર રકમની ભેટ આપી છે તેને માટે વળી સામાન્ય શરતો કરી છે. વકતાએ તે બાદ શરતો વાંચી સંભળાવી હતી જે એવા મતલબની હતી કે તેમનું નામ પેટ્રન તરીકે જાહેર કરવું, તેમના નામની તખતી મુકવી, અને વિદ્યાલયની નીચે શેઠ વાડીલાલ સારાભાઇ વિદ્યાર્થી-ગૃહ એવું નામ રહે વિગેરે. શરતો વાંચ્યા બાદ વકતાએ શ્રીયુત વાડીલાલ સારાભાઇના કાર્યના વખાણ કર્યા હતા.

### પ્રાસંગીક વિવેચનો.

મી૦ મકનજી જુઠાભાઇ મહેતાએ તે બાદ વીવેચન કરતાં જણાવ્યું હતું કે એક લાખ રૂપીઆની સખાવત કરવી એ કંઇ સહેલું કામ નથી. એવી સખાવત કરનાર શેઠ વાડીલાલ સારાભાઇ જેવા વીરલા નર આપણી કોમમાં જાગ્યા છે તેથી તેમને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે. જૈન ધર્મ સંબંધી કેટલું વીવેચન કરી વકતાએ આગળ ચાલતાં જણાવ્યું હતું કે આ સંસ્થા કહાડવાનો મુખ્ય ઉદ્દેશ જૈન કોમની ઉન્નતિ કરવાનો છે અને તેથી આ સંસ્થામાં ધાર્મીક કેળવણી આપવામાં આવે છે. જૈન ધર્મનું મુખ્ય સીધ્ધાંત એવું છે કે તેમાં સર્વ જીવ સરખા છે અને તેમાં ગરીબ પૈસાદાર જેવું નથી. આપણા આ ભાઇએ જ્ઞાનનું જમણ કરવા માટે આવી સારી રકમ આપેલી છે અને તમારા તરફથી તેમને આપી શકાય તેટલો ધન્યવાદ આપું છું અને આશા રાખું છું કે તેઓ તબીયત સુધારી પાછા આવે ત્યારે જૈન કોમ તરફથી તેમને માનપત્ર આપવામાં આવે.

મી૦ ચીનુભાઇ લાલભાઇ તે બાદ વીવેચન કરતાં જણાવ્યું હતું કે શેઠ વાડીલાલ અમદાવાદના નગરશેઠના કુટુંબના છે અને તેમણે પોતાના પુર્વજોનું અનુકરણ કરી આ બાદશાહી સખાવત જાહેર કરી છે તે માટે આપણે તેમને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે. અન્નદાન કરતાં પણ વિદ્યાદાન આપવું એ મોટું કાર્ય છે અને એવા મહાન કાર્ય માટે આવી બાદશાહી રકમની સખાવત જાહેર કરીને મોટું પુન્યનું કામ કર્યું છે. આ મદદ આ વિદ્યાલય માટે એક આશીર્વાદરૂપ છે અને જૈન કોમ તે માટે આભારી છે. એમના જેવા નરવીરો ઘેરઘેર પાકે એટલું ઇચ્છી હું બેસી જવાની રજા લઇશ.

મી૦ પરમાનંદ કુંવરજી કાપડીઆએ તે બાદ વીવેચન કરતાં જણાવ્યું હતું કે અત્યારની શેઠ વાડીલાલની ઉદારતા માટે તેમને અભીનંદન ઘટે છે. અત્યારના સમયમાં નાણાં સંબંધી સ્થીતી કેવી છે. તે કાંઇ અજાણ્યું નથી અને આવા સમયે તેમના તરફની એક લાખની સખાવત ચાર લાખ જેટલી છે અને એમના એ ઉદાર કાર્ય માટે તેમને ધન્યવાદ ઘટે છે. વળી કેળવણીના કાર્ય માટેની તેમની આ સખાવતથી બીજા શ્રીમંતો પણ દાખલો લેશે એવી મને આશા છે. વિદ્યાલયના ભવિષ્ય માટે સારી આશાઓ દરશાવી વકતાએ છેવટે શ્રીયુત વાડીલાલના કાર્યના વખાણ કરી તેમને અભીનંદન આપ્યું હતું.

### પ્રમુખનું ભાષણ

સર પ્રભાશંકર પટણીએ તે બાદ પ્રમુખસ્થાનેથી ભાષણ કરતાં જણાવ્યું હતું કે થોડાજ મહીના પહેલાં હું આ મકાનમાં આવ્યો હતો અને તમારી ઇચ્છાથી આ મકાન ખુલ્લું મુકવાની ક્રિયા કરી હતી તે વખતે આ પ્રસંગ આવશે



તેનો મને ખ્યાલ ન્હતો પણ આજે આ પ્રસંગ જોતાં મને ઘણી ખુશાલી ઉપજે છે. જે થવાની તમે શુભાશા રાખતા હતા તેનું આ પહેલું પગથીયું મળી ગયું છે. આવા ધર્મના કામમાં તેમણે આવી મોટી સખાવત કરી છે એ માટે તેમને ધન્યવાદ ઘટે છે. સખાવત ઔદાર્ય કરતી વખતે એમને ખુશાલી ઉપજી હશે અને આપણે ઉપકાર માની તેની કદર કરીએ છીએ. એમણે તમારા પર ઉપકાર કર્યો છે અને તે ગ્રહણ કરીને તેમનું અઉદારય બતાવવાને જે પ્રસંગ મળ્યો છે તેથી તેમને ખરેખર ખુશાલી ઉપજશે, આ વીદ્યાલય એક વીરાટ સ્વરૂપ જેવું છે અને તેને મદદ કરનારાઓને ખરેખર ધન્યવાદ ઘટે છે. ધનાઢયોએ આ સંસ્થા મદદ કરવાની જરૂર છે કારણ કે મોટી સંસ્થાને ચલાવવાને અનેક તરફથી મદદની હમેશાં જરૂર પડે છે અને મને આશા છે કે ધનાઢયો હમેશાં આ સસ્થાને મદદ કરતા રહેશે. ધરમનું કામ કરનારાઓએ હમેશાં ધરમના કાર્યમાં ફાળો આપવાનો પ્રથમ વીચાર કરવો અને પોતાનું નામ કયાં છે અગર કેમ જાહેરાતમાં આવે એને માટેની મારી ઇચ્છા એમનામાં ન હોવી જોઇએ, પ્રમુખે તે બાદ હાલની કેળવણી અને ધરમનું સ્થાન એ વીષય ઉપર કેટલુંક વીવેચન કરી આગળ ચાલતા જણાવ્યું હતું કે પ્રભુએ સર્વવ્યાપક વ્યકતી છે અને એમનું સ્થાન હૃદયમાં છે. હમેશાં મગજ પર રહેશે તો મગજ સારી રીતે કાર્ય કરશે. હું આશા રાખુ છુ. કે આ સંબંધમાં વીચાર કરી યોગ્ય રસ્તે કાર્ય લેવામાં આવશે અને તમે બધા આવા કાર્યોમાં મદદ કરશો. આ જમાનામાં બધુ આપી શકાય છે પણ લક્ષ્મી આપી દેવી એ કંઇ સહેલું નથી, પણ જેઓ એમ સમજે છે કે લક્ષ્મી ચંચળ છે અને તેનો કેવો સદુપયોગ કરવો જોઇએ તેઓ લક્ષ્મી આપી શકે છે. પ્રભુએ જેના ઉપર કૃપા કરી લક્ષ્મી આપી હોય તેમણે તેના સદુપયોગ કરવો એ ઉતમ કાર્ય છે. આ શેઠે આવી ઉદારતા કરી જૈન કોમ ઉપર જે ઉપકાર કર્યો છે તેને માટે પ્રભુ તેમને લાંબુ આયુષ્ય અને સારી તંદુરસ્તી આપે એવું હું ઇચ્છું છું. અને મેળાવડાના નીમીતરૂપી શેઠ વાડીલાલનો ઉપકાર માની બેસી જવાની રજા લઉં છું (તાળીઓ)

### શ્રીયુત વાડીલાલ તરફનું વીવેચન.

